


## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ **ખાદી અને ગ્રામોદ્યોગ પંચ (KVIC) દ્વારા તાજેતરમાં દેશભરના ખેડૂતો અને બેરોજગાર યુવાનોને મધમાખીઓના એક લાખથી પણ અધિક બોક્સ વિતરિત કરાયા હતા.**

→ KVICએ મધમાખી પાલન માટે દેશમાં પ્રથમવાર એક લાખથી વધુ બોક્સ વિતરિત કર્યા છે. KVIC અનુસાર આ મિશન અંતર્ગત 10,000 થી વધુ નવા રોજગારનું સર્જન થયું છે.

→ 'હની મિશન' ને ઓગસ્ટ 2017માં ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ડીસામાં હની પ્રોજેકટનો આરંભ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 'મીઠી ક્રાંતિ' ના આહ્વાન સાથે શરૂ કરાયું હતું. હની મિશન અંતર્ગત KVICખેડૂતોને તાલીમ અને મધમાખીના બોક્સ પૂરાં પાડે છે. મધમાખી પાલન અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા વર્ષ 2016 મા 'મીઠી ક્રાંતિ' નો આરંભ કરાયો હતો.

- KVIC ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (પંચ) અધિનિયમ, 1956 અન્વયે સ્થાપિત એક વૈધાનિક સંસ્થા છે. આ સંસ્થા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ મંત્રાલય, ભારત સરકારના વહીવટી નિયંત્રણમાં કામ કરે છે. KVIC નું વડુમથક મુંબઈ ખાતે છે. તેના વર્તમાન વડા વિનયકુમાર સકસેના છે.

❖ **17મી લોકસભા ચૂંટણીમાં ભાજપને પ્રચંડ જનાદેશ....**

→ ભાજપે એકલા હાથે 303 બેઠકો તી, NDAને 353 બેઠકો મળી.

→ ગુજરાતમાં ફરી એકવાર ભાજપની કલીન સ્વિપ 26-26 બેઠકો પર કમલની કમાલ

→ ગુજરાત સહિત આઠ રાજ્યોમાં ભાજપે વિપક્ષોના સૂપડાં સાફ કરી નાંખ્યા.

→ નવસારીના ભાજપ ઉમેદવાર સી.આર.પાટીલની 6,89, 668 મતે સમગ્ર દેશમાં સૌથી મોટી જીત જ્યારે મછલી શહેરના ભાજપ ઉમેદવાર માત્ર 181 મતે જીત્યા. ઈન્દોરથી ભાજપના લોકસભા ઉમેદવાર શંકર લાલવાણીએ 17મી લોકસભા ચૂંટણીમાં સૌથી વધુ 10,00,068 મત મેળવવાનો રેકોર્ડ બનાવ્યો છે.

→ કોંગ્રેસને ફકત 52 બેઠકો મળતા ફરી વખત વિપક્ષનો દરજ્જો નહી મળે.

→ પ્રચંડ વિજય બાદ મોદીનું નવું સૂત્ર સબકા સાથ + સબકા વિકાસ + સબકા વિશ્વાસ = વિજયી ભારત.

→ લોકસભા ચૂંટણી **2019**ની આંકડાકીય માયાજાળ – કુલ બેઠક : 543 – ચૂંટણી યોજાઈ : 542
**નોંધ :** તમિલનાડુની વેલ્લોર સંસદીય બેઠકની ચૂંટણી મોટા પ્રમાણમાં રોકડ રકમ મળી આવ્યા ને પગલે રદ કરવામાં આવી છે.

→ પરિણામ જાહેર : 542 – બહુમતી માટે જરૂરી : 272

→ મતદાન સાત તબક્કામાં : 11, એપ્રિલ, 2019 થી 19 મે, 2019

→ પ્રથમ તબક્કો 11 એપ્રિલ, 91 બેઠકો 69.58% મતદાન અને સાતમો તબક્કો 19 મે, 59 બેઠકો 61.71% મતદાન

- **જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી બાદ સતત બી વખત પૂર્ણ બહુમતીથી સરકાર બનાવનારા મોદી માત્ર ત્રીજા વડાપ્રધાન...**

→ 48 વર્ષે કોઈ પક્ષ સળંગ બીજીવાર બહુમતીમાં છે. નેહરુ અને ઈન્દિરા પછી એવી જીત મેળવનારા મોદી પ્રથમ બિનકોંગ્રેસી નેતા છે. છેલ્લે 1971 ઈન્દિરા ગાંધીએ એવી બહુમતી મેળવી હતી. દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુને દેશની લોકસભાની પ્રથમ ચૂંટણીમાં 1952-1953માં 489માંથી બેઠકો 364 બેઠકો મળી હતી તે પછી 1957 માં બીજી વખત લોકસભાની ચૂંટણી યોજાઈ ત્યારેય નેહરુને સંપૂર્ણ બહુમતી મળી હતી.

- **2019ની 17મી લોકસભાની ચૂંટણીમાં સૌથી વધુ સંખ્યામાં મહિલાઓ સાંસદ તરીકે ચૂંટાઈ આવી છે.**

→ નવા 542 સાંસદો જ્યારે શપથ ગ્રહણ કરશે ત્યારે તેમાં ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાંથી 11-11 મહિલાઓ સહિત સમગ્ર ભારતમાંથી 78 મહિલાઓ પણ સામેલ હશે. 14% પ્રતિનિધિત્વ સાથે 1952થી આ વખતની 17મી લોકસભામાં સૌથી વધુ મહિલા સાંસદો સંસદના નીચલા ગૃહમાં પ્રવેશ કરશે. 16મી લોકસભામાં 64 મહિલા સાંસદો હતા.

→ ઓડિશાથી પ્રથમવારના 26 વર્ષીય એન્જિનિયરીંગ ગ્રેજ્યુએટ યુવતી ચંદ્રાણી મુર્મુ 17મી લોકસભામાં સૌથી નાની વયના સાંસદ તરીકે સ્થાન પામશે. ઓડિશામાં કેઓન્ઝારથી BJD ના ઉમેદવાર ચંદ્રાણી મુર્મુએ ભાજપના બે વખતના સાંસદ અનંત નાયકને 66203 મતે હરાવ્યા છે. અત્યારે ચંદ્રાણીની વય 25 વર્ષ , 11 મહિના અને 9 દિવસ છે.

❖ **મોદી મંત્રીમંડળ 2.0 વિષે અવનવું....**

→ તાજેતરમાં સંપન્ન 17મી લોકસભાની ચૂંટણીમાં સુપર વિજય બાદ નરેન્દ્ર મોદી સતત બીજીવાર બિન કોંગ્રેસી વડાપ્રધાન તરીકે આરૂઢ થયા છે.

→ નિર્મલા સીતારામન : દેશના પ્રથમ મહિલા નાણાં મંત્રી.

→ એસ.જયશંકર : પ્રથમ પૂર્વ વિદેશ સચિવ જેમને કેબિનેટમાં લાવીને વિદેશ મંત્રી બનાવાયા.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે જ 24 કેબિનેટ મંત્રીઓ, સ્વતંત્ર હવાલા સાથેના 9 રાજ્ય મંત્રીઓ અને રાજ્યકક્ષાના 24 પ્રધાનો એ પણ શપથ લીધા હતા.

→ ગુજરાતમાંથી મનસુખ વસાવા અને જસવંતસિંહ ભાભોરની બાદબાકી કરાઈ છે. જ્યારે મનસુખ માંડવિયા અને પુરુષોત્તમ રૂપાલાનો સમાવેશ મોદી સરકાર 2.0 માં કરાયો છે.

→ 17મી લોકસભાનું પ્રથમ સત્ર 17 જૂન, 2019 થી ચાલુ થઈને 26 જૂલાઈ, 2019 સુધી ચાલશે. લોકસભાના અધ્યક્ષની નિમણૂક 19 જૂને કરવામાં આવશે. દેશના પ્રથમ મહિલા નાણાં મંત્રી નિર્મલા સીતારામન 5 જૂલાઈના રોજ તેમનું અને નવી સરકારનું પહેલું બજેટ રજૂ કરશે. જ્યારે આર્થિક સર્વે 4 જૂલાઈના રોજ પેશ કરાશે.

→ કેન્દ્ર સરકારે જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનરુદ્ધાર મંત્રાલયોની સાથોસાથ પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયનું વિલીનીકરણ કરીને એક નવા 'જળ શક્તિ' મંત્રાલયનું સર્જન કર્યુ છે.

→ મંત્રાલયનું કાર્યક્ષેત્ર : દરેક પરિવારને પાઈપ વાટે પીવાનું પાણી પૂરું પાડવા 2019 ની લોકસભા ચૂંટણી વખતે ભાજપના વિઝન ડોકયુમેન્ટમાં અપાયેલું 'નલ સે જલ' યોજનાનું વચન કેન્દ્ર સરકારના જલ જીવન મિશનનો એક ભાગ હશે.

| કેન્દ્રિય મંત્રીમંડળની યાદી | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | માન.મંત્રીશ્રીઓના નામ | ખાતા ફાળવણી | ક્રમ | માન.મંત્રીશ્રીઓના નામ | ખાતા ફાળવણી |
| 1 | વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી | વડાપ્રધાન પદની સાથે પર્સનલ, જન ફરિયાદ અને પેન્શન, પરમાણુ ઊર્જા, અંતરિક્ષ મંત્રાલય.<br>આ સિવાય તે દરેક મંત્રાલય જે ફાળવવામાં આવ્યા નથી. | 2 | શ્રી અમિત શાહ (કેબિનેટ મંત્રી) | ગૃહમંત્રાલય |
| 3 | શ્રી રાજનાથ સિંહ (કેબિનેટ મંત્રી) | સંરક્ષણ મંત્રાલય | 4 | શ્રીમીત નિર્મલા સીતારામન (કેબિનેટ મંત્રી) | નાણા મંત્રાલય અને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય |
| 5 | શ્રી નિતિન ગડકરી (કેબિનેટ મંત્રી) | માર્ગ પરિવહન–રાજમાર્ગ મંત્રાલય લઘુ–મધ્યમ ઉદ્યોગ મંત્રાલય | 6 | શ્રી એસ. જયશંકર (કેબિનેટ મંત્રી) | વિદેશ મંત્રાલય |
| 7 | શ્રી સદાનંદ ગોંડા (કેબિનેટ મંત્રી) | કેમિકલ અને ફર્ટિલાઈઝર મંત્રાલય | 8 | શ્રી રામવિલાસ પાસવાન (કેબિનેટ મંત્રી) | ખાદ્ય–સાર્વજનિક વિતરણ મંત્રાલય |
| 9 | શ્રી નરેન્દ્રસિંહ તોમર (કેબિનેટ મંત્રી) | કૃષિ અને ખેડૂત કલ્યાણ, ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ | 10 | શ્રી રવિશંકર પ્રસાદ (કેબિનેટ મંત્રી) | કાયદો અને ન્યાય, કોમ્યુનિકેશન, ઈલેક્ટ્રોનિકસ અને ઈર્ન્ફોમેશન ટેકનોલો |
| 11 | શ્રીમતી હરસિમરત કૌર બાદલ (કેબિનેટ મંત્રી) | ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રાલય | 12 | શ્રી થાવરચંદ ગેહલોન (કેબિનેટ મંત્રી) | સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય |
| 13 | શ્રી રમેશ પોખરિયાલ નિશંક (કેબિનેટ મંત્રી) | માનવસંસાધન અને વિકાસ મંત્રાલય | 14 | શ્રી અર્જુન મુંડા (કેબિનેટ મંત્રી) | આદિવાસી બાબતનું મંત્રાલય |
| 15 | શ્રીમતી સ્મૃતિ ઈરાની (કેબિનેટ મંત્રી) | મહિલા અને બાળવિકાસ, કાપડ મંત્રાલય | 16 | શ્રી ડો. હર્ષવર્ધન (કેબિનેટ મંત્રી) | સ્વાસ્થ અને પરિવાર કલ્યાણ, સાયન્સ એન્ડ ટેકનોલો, ભૂ–વિજ્ઞાન |
| 17 | શ્રી પ્રકાશ જાવેડકર (કેબિનેટ મંત્રી) | પર્યાવરણ, વન–વાયુ પરિવહન, માહિતી અને પ્રસારણ | 18 | શ્રી પિયૂષ ગોયલ (કેબિનેટ મંત્રી) | રેલ્વે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય |
| 19 | શ્રી ધર્મેન્દ્ર પ્રધાન (કેબિનેટ મંત્રી) | ઓઈલ એન્ડ ગેસ મંત્રાલય, સ્ટીલ મંત્રાલય | 20 | શ્રી મુખ્તાર અબ્બાસ નકવી (કેબિનેટ મંત્રી) | લઘુમતી બાબતોના મંત્રાલય |
| 21 | શ્રી પ્રહલાદ જોશી (કેબિનેટ મંત્રી) | સંસદીય બાબત અને કોલસા અને ખાણ મંત્રાલય | 22 | શ્રી મહેન્દ્રનાથ પાંડે (કેબિનેટ મંત્રી) | સ્કીલ ડેવલપમેન્ટ મંત્રાલય, ઉદ્યોગ સાહસિકતા |
| 23 | શ્રી અરવિંદ સાવંત (કેબિનેટ મંત્રી) | ભારે ઉદ્યોગ અને સાર્વજનિક ઉદ્યમ મંત્રાલય | 24 | શ્રી ગિરિગાજ સિંહ (કેબિનેટ મંત્રી) | પશુપાલન, ડેરી અને મત્સ્યપાલન મંત્રાલય |
| 25 | શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત (કેબિનેટ મંત્રી) | જળશકિત મંત્રાલય | | | |
| માન. રાજ્યમંત્રીશ્રીઓ (સ્વાતંત્ર હવાલો) | | | | | |
| 26 | શ્રી સંતોષ ગંગવાટ (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | શ્રમ અને રોજગાર મંત્રાલય | 27 | શ્રી રાવઈન્દ્રત સિંહ (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | સ્ટેટસ્ટિક અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય અને આયોજન |
| 28 | શ્રી ત્રીપદ નાઈક (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | આયુર્વેદ, યોગા, નેચરોપેથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી (આયુષ) મંત્રાલય તથા સંરક્ષણ | 29 | શ્રી ડો. તેન્દ્ર સિંહ (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | પૂર્વોત્તર વિકાસ (સ્વતંત્ર હવાલો) પીએમઓ, જનફરિયાદ અને પેન્શન, પરમાણુ ઊર્જા, અંતરિક્ષ મંત્રાલય (રાજ્ય મંત્રી) |
| 30 | શ્રી કિરેન રિજિજુ (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | યુવા ખેલ (સ્વતંત્ર હવાલો) લઘુમતી બાબતો (રાજ્ય મંત્રી) | 31 | શ્રી પ્રહલાદ સિંહ પટેલ (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | સંસ્કૃતિ પર્યટન (સ્વતંત્ર હવાલો) |
| 32 | શ્રી આર.કે.સિંહ (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | વીજળી–નવીનકરણ ઊર્જા (સ્વતંત્ર હવાલો) કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા (રાજ્ય મંત્રી) | 33 | શ્રી હરદીપ સિંહ પુરી (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | હાઉસીંગ અને શહેરી વિકાસ, નાગરિક ઉડ્યન મંત્રાલય (સ્વતંત્ર હવાલો) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (રાજ્ય મંત્રી) |
| 34 | શ્રી મનસુખ માંડવીયા (રાજ્યમંત્રી–સ્વાતંત્ર હવાલો) | શિપિંગ, કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર (રાજ્ય મંત્રી) | | | |

❖ **7 મે, 2019 ના BROનો 59મો સ્થાપના દિવસ ઉજવાયો.**

→ BRO દેશના સરહદી વિસ્તારોમાં આંતરમાળખાકીય વિકાસના ક્ષેત્રમાં અગ્રણી સરકારી સંગઠન છે. તેની સ્થાપના 7 મે, 1960 માં કરાઈ હતી.

→ BRO ભારતના સીમાંત ક્ષેત્રોમાં માર્ગ નેટવર્ક (રોડ નેટવર્ક)નું નિર્માણ અને વ્યવસ્થાપન સંભળો છે. BRO અફઘાનિસ્તાન, ભૂટાન, મ્યાનમાર અને શ્રીલંકામાં પણ આંતરમાળખાકીય નિર્માણ કાર્ય કરે છે. તેનું વડુમથક દિલ્હીમાં છે. તેના ફાયરેકટર જનરલ લેફટેનન્ટ જનરલ હરપાલસિંઘ છે અને તેનો મુદ્રાલેખ 'શ્રમેન સર્વમ સાધ્યમ' છે. અર્થાત સખત પુરુષાર્થથી સઘળું પામી શકાય છે.

❖ **તાજેતરમાં ભારત સરકાર દ્વારા બે કેન્દ્રીય મંત્રાલયો પીવાનું પાણી અને સ્વચ્છતા મંત્રાલય (Ministry of Drinking Water & Sanitation) જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનરૂધ્ધાર મંત્રાલય (Ministry of water resources, River development and Ganga Rejvenation) ને ભેગા કરીને એક ‘‘જળ શકિત’’ મંત્રાલયની રચના કરવામાં આવી....**

→ નવા મંત્રાલયની રચના આધારીત પૃષ્ઠભૂમી.....

⇒ હાલમાં જ સંપન્ન થયેલ લોકસભા (વર્ષ 2014-19)ના કાર્યકાળ દરમિયાન સરકાર દ્વારા ગંગા શુદ્ધિકરણના પ્રોજેકટને પર્યાવરણ મંત્રાલય માંથી ખસેડી જળ સંસાધન મંત્રાલય અંતર્ગત સમાવિષ્ટ કરવામાં આવ્યો અને વર્ષ 2014 માં આ જ પ્રોજેકટ અંતર્ગત ‘‘નમામી ગંગે’’ અભિયાન શરૂ કરી ઘણુ મોટુ ભંડોળ તેના માટે જાહેર કરવામાં આવ્યું.

⇒ આ જ અભિયાનને વધુ કારગત બનાવવા તથા પાણીની સમસ્યાઓ આધારીત કાર્ય કરતા બંને મંત્રાલયો વધુ કાર્યક્ષમ રીતે કાર્ય કરી શકે તે ઉદ્દેશ સાથે જળશકિત મંત્રાલયની રચના કરવામાં આવી.

→ જળ શકિત મંત્રાલયના મુખ્ય કાર્યો....

⇒ આંતરરાષ્ટ્રીય તેમજ આંતરરાજયોના જળ વિવાદોનો ઉકેલ લાવવો, નમામી ગંગે પ્રોજેકટને વધુ કાર્યક્ષમ બનાવવો, નદીઓના આંતર જોડાણની પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બનાવવી, ભારત સરકારની આગામી યોજના ‘જળ જીવન મીશન’ અંતર્ગત દરેક ઘરમાં પીવાનું શુદ્ધ પાણી પહોચાડવું.

• **જળ જીવન મીશન (Jal Jivan Mission) વિશે :**

⇒ તાજેતરમાં સરકાર દ્વારા કરવામાં આવેલ ઘોષણા મુજબ તેઓ જળ જીવન મીશન ટૂંક સમયમાં શરૂ કરશે. આ મીશન અંતર્ગત ‘‘નલ સે જલ’’ નામની યોજના શરૂ કરવામાં આવશે જે વર્ષ 2024 સુધીમાં સમગ્ર ભારતના તમામ ઘરોમાં નળ મારફત પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવશે.

• **જળ શકિત મંત્રાલયના હાલના કેન્દ્રીય કક્ષાના મંત્રી :**

⇒ ગજેન્દ્રસીંહ શેખાવત તથા તેમની સહાયતા માટે રાજ્યકક્ષાના મંત્રી રામલાલ કટારીયા છે. જે બંને અનુક્રમે જોધપુર (RJ) અને અંબાલા (HR) ખાતેથી લોકસભાના સભ્યો છે.

❖ **ચાર રાજ્યોના નવા મુખ્યમંત્રીઓ**

• **તાજેતરમાં સંપન્ન ઓડિશા રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં 112 બેઠકો જીતીને પૂર્ણ બહુમતી મેળવનાર બીજુ જનતા દળ (BJD)ના નેતા નવીન પટનાયકે 29 મે, 2019ના રોજ વિક્રમી પાંચમી વખત ઓડિશાના મુખ્યમંત્રીપદે શપથ લીધા હતા.**

→ BJD વર્ષ 2000થી ઓડિશામાં સત્તા પર છે. નવીન પટનાયકને રાજ્યના ગોપનીયતાના સોગંદ લેવડાવ્યા હતા.

→ નવીન પટનાયકે પ્રથમવાર ઈ.સ.2000 માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. પટનાયક પૂર્વે માત્ર બે મુખ્યમંત્રીઓ પશ્ચિમબંગાળમાં જ્યોતિબસુ અને સિક્કિમમાં પવન ચામલિંગ પાંચ વખત મુખ્યમંત્રી રહ્યા છે.

• **ભાજપના નેતા પેમાં ખાંડુએ અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રીપદે 29 મે, 2019 ના શપથ લીધા હતા. અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ બ્રિગેડિયર (નિવૃત્ત) બી.ડી.મિશ્રાએ પાટનગર ઈટાનગરના દોરજી ખાંડુ કન્વેન્શન સેન્ટરમાં પેમા ખાંડુ અને 11મંત્રીઓને શપથ લેવડાવ્યા હતા.**

→ અરૂણાચલ પ્રદેશની 60 બેઠકોની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 41 બેઠકો પ્રાપ્ત કરી પ્રથમવાર ઐતિહાસિક જીત મેળવી છે.

• **આઝાદી બાદ કોઈપણ ભારતીય રાજ્યમાં સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેવાનો વિક્રમ ધરાવતા પવન ચામલિંગના પક્ષ SDF નો વિધાનસભા ચૂંટણીમાં પરાજય...**

→ સિક્કિમ ક્રાંતિકારી મોરચા (SKM)ના પી.એસ.ગોલે તરીકે વધુ ઓળખાતા નેતા પ્રેમસિંઘ તમાંગે તાજેતરમાં પવન ચામલિંગના 25 વર્ષોના એકહથ્થુ શાસન બાદ સિક્કિમના નવા મુખ્યમંત્રીપદે શપથ લીધા હતા. પી.એસ. ગોલેને રાજયની રાજધાની ગંગટોકમાં પલજોર સ્ટેડિયમમાં રાજ્યપાલ ગંગાપ્રસાદે હોદ્દા અને ગુપ્તતાના સોગંદ લેવડાવ્યા હતા. ગોલેએ નેપાળી ભાષામાં શપથ લીધા હતા. ગોલે તાજેતરની ચૂંટણી ન લડયા હોવાથી તેઓ હાલમાં રાજ્ય વિધાનસભામાં સભ્ય નથી.

• **આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં YSR કોંગ્રેસ પક્ષને ઐતિહાસિક જીત અપાવનારા વાય.એસ.જગનમોહન રેડ્ડીએ 30 મે, 2019ના આંધ્રપ્રદેશના બીજા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.**

→ આંધ્રપ્રદેશના રાજ્યપાલ ઈ.એસ.એલ.નરસિમ્હને બપોરે 12.23 કલાકે વિજયવાડામાં IGMC સ્ટેડિયમ ખાતે એક સંક્ષિપ્ત સમારોહમાં 46 વર્ષીય જગનમોહન રેડ્ડીને પદ અને ગોપનીયતાના સોગંદ લેવડાવ્યા હતા.

→ ભારતની સંસદની વર્ષ 2019ની ચૂંટણીના પરિણામનું 23 મે, 2019ના રોજ અમેરિકામાં સૌપ્રથમવાર જીવંત પ્રસારણ કરાયું હતું. અમેરિકાના મિનેસોટામાં વૂડબરી ખાતે વૂડબરી 10 થિયેટરમાં રાત્રે 9.30 થી વહેલી સવારે 5.30 વાગ્યા સુધી ચૂંટણી પરિણામનું જીવંત પ્રસારણ કરાયું હતું. આ આયોજન NRI પોલિટિકલ એકશન કમિટી દ્વારા કરાયું હતું.

❖ **ભારતીય ભૂમિદળે 2019 ને 'યર ઓફ નેકસ્ટ ઓફ કિન' તરીકે મનાવવાનો નિર્ણય કર્યો છે.**

→ આ પગલાંનો ઉદ્દેશ યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકો, એકસ–સર્વિસમેન તથા કાર્યરત સૈનિકો સુધી પહોંચીને તેઓ જેના હકકદાર છે તે નાણાંકીય લાભો અને કલ્યાણકારી યોજનાઓ અંગે તેમને માહિતી આપવાનો છે. તેમને પેન્શન સાથે સંકળાયેલી સમસ્યાઓના ઉકેલમાં પણ સહાયતા કરાશે. મોટાભાગના શહીદ સૈનિકોના પરિવારજનો તેમને મળનારા નાણાંકીય લાભોથી અજાણ હોય છે. સૈનિકો તથા તેમના પરિવારજનોને તેમના અધિકારો અપાવવા માટે ભારતીય સેના રેજિમેન્ટલ કેન્દ્રોની સ્થાપના કરશે. તેમાં સંરક્ષણ મંત્રાલય, નેપાળ દૂતાવાસ, સૈનિક બોર્ડ, બેંક તથા કલ્યાણકારી એજન્સીઓ સાથે મળીને કામ કરશે. આ કાર્ય માટે ડિરેકટોરેટ ઓફ ઈન્ડિયન આર્મી વેટરન્સ નોડલ એજન્સી હશે. આ પૂર્વે ભારતીય ભૂમિદળે 2018 ને યર ઓફ ડિસેબલ્ડ ઈન ધ લાઈન ઓફ ડયૂટી ઘોષિત કર્યુ હતું.

❖ **તાજેતરમાં ભારતીય તબીબી સંસોધન પરીષદ (ICMR – Indian Council of Medical Research) દ્વારા નીકોટીન વીતરક સંચાલીત પ્રણાલીઓ (ENDS – Electronic Nicotine Delivery System) અને ઈ–સીગારેટ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાની ભલામણ કરવામાં આવી....**

→ હાલમાં જ 31 મે ના રોજ ઉજવવામાં આવેલ વિશ્વ તમાકુ વિરોધી દિવસની ઉજવણીના ભાગ રૂપે ICMR દ્વારા માનવ સ્વાસ્થયને થતા નુકસાન આધારીત રીપોર્ટ 'white papers' જાહેર કરવામાં આવ્યો અને ઉપર્યુકત પ્રતિબંધની જાહેરાત કરવામાં આવી.

→ વર્ષ 2018માં કેન્દ્ર સરકાર દ્વારા એક અધીસૂચના જાહેર કરી ENDS અને ઈ–સીગારેટ ઉપર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરવામાં આવી અને શ્રીનાથ રેડ્ડીની અધ્યક્ષતામાં એક સમીતીની રચના કરવામાં આવી.

→ આ સમીતી દ્વારા વિશ્વના 300 કરતા વધુ સંસોધનોનો અભ્યાસ કરવામાં આવ્યો અને white paper રીપોર્ટ તૈયાર કરવામાં આવ્યો.

→ રીપોર્ટમાં જણાવવામાં આવ્યુ કે ENDS અને ઈ–સીગારેટમાં રહેલ માત્ર નીકોટીન જ નહી પરંતુ અન્ય ફ્લેવર આધારીત મીશ્રણો પણ માનવ સ્વાસ્થય માટે ઘણા નુકસાનકારક છે.

→ ધુમ્રપાન કરનારાઓને ધુમ્રપાન છોડવવા માટે ઈ–સીગારેટ મદદરૂપ સાબિત થાય છે આ સામાન્ય ભ્રમણાને પણ રીપોર્ટમાં નકારવામાં આવી અને જણાવવામાં આવ્યું કે ઈ–સીગારેટ નવયુવકોમાં ઘણી પ્રચલીત બની રહી છે તથા તે નવયુવકોને પોતાના બંધાણી બનાવે છે અને અંતે આ લત ધુમ્રપાનમાં પરીણમે છે જે આપણી ભ્રમણા કરતા તદન વિપરીત છે.

- **ICMR વિશે :**

  ⇒ ICMR તબીબી ક્ષેત્રમાં નવા સંસોધનોને એકત્રીત કરતી, સહયોગ કરતી તથા પ્રોત્સાહન આપતી દેશની સર્વોચ્ચ તથા આ ક્ષેત્રે કાર્ય કરતી વિશ્વની સૌથી જુની અને મોટી સંસ્થા પૈકીની એક છે. ICMR ની 26 જેટલી રાષ્ટ્રીય સંસ્થાઓ ટીબી, લેપોસી, કોલેરા, ડાયેરીયા જેવા રોગો માટે ખાસ સંસોધનો કરે છે તથા એઈડસ, મલેરીયા જેવા વાઈરસ આધારીત રોગો માટે વિશેષ કાર્યક્રમો હાથ ધરે છે. ભારત સરકાર દ્વારા ICMR ને સ્વાસ્થ અને પરીવાર કલ્યાણ મંત્રાલય મારફત ભંડોળ પુરૂ પાડવામાં આવે છે.

❖ **કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તાજેતરમાં ઘોષણા કરી હતી કે તેણે ભારતીય મૂળના લોકોની સામાન્ય ભાષામાં બ્લેક લિસ્ટ તરીકે ઓળખાતી સ્થાનિક પ્રતિકૂળ યાદીઓને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે.**

→ આવી યાદીઓ ભારતીય મિશન (વિવિધ દેશોમાં સ્થિતભારતીય દૂતાવાસો) પાસે હોય છે. આ યાદીઓમાં એ ભારતીય મૂળના લોકોના નામ સામેલ હોય છે જેઓ ભારતના સતામણી કરાઈ હોવાના બહાને બીજા દેશોમાં શરણ માંગતા હોય છે. આ પ્રકારનું શરણ માગનારા ભારતીય મૂળના લોકોમાં શીખ સમુદાયના વધુ લોકો હોય છે. આવી યાદીમાં સામેલ ભારતીય લોકોને ભારતીય મિશન (ભારતીય દૂતાવાસ) દ્વારા વિઝા આપવામાં આવતા નથી.

❖ **ઉપરાષ્ટ્રપતિ એમ.વેન્કૈયા નાયડુએ 2મે, 2019ના નવી દિલ્હીમાં શ્રી વેદાન્ત દેશિકનની 750મી જયંતીની સ્મૃતિરૂપે ટપાલ ટિકિટ જારી કરી છે.**

→ બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી વેદાન્ત દેશિકન શ્રી વૈષ્ણવ પરંપરામાં રામાનુજ કાળ પછી કેટલાક સૌથી અગ્રણી ઉપદેશકો પૈકીના એક હતા. તેમણે દાર્શનિક ગ્રંથોની મુખ્યત્વે સંસ્કૃત, તમિલ, પ્રાકૃત અને મણિપ્રવલમ સહિત અનેક ભાષાઓમાં રચના કરી છે.

→ શ્રી વેદાન્ત દેશિકન બહુમુખી પ્રતિભાના ધણી હતા જેમાં દાર્શનિક, શિક્ષક (દેશિકન), આધ્યાત્મિક ગુરુ, વૈજ્ઞાનિક, તર્કશાસ્ત્રી, કવિ, ગણિતજ્ઞ, સાહિત્યિક પ્રતિભા, ભાષાશાસ્ત્રી, સૈન્ય વ્યૂહરચનાકાર વગેરેનો સમાવેશ થાય છે.

→ તેમના દર્શનશાસ્ત્રની સૌથી આવશ્યક લાક્ષણિકતા 'સમાવેશનું પાસું' છે. જેનો અર્થ જાતિ અથવા સંપ્રદાયના ભેદભાવ વગર ગમે તે વ્યકિત શ્રી વૈષ્ણવ સંપ્રદાયમાં જોડાઈ શકે છે.

❖ **ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ(ACM) બી.એસ.ધનોઆએ 27 મે, 2019 ના રોજ કારગિલ યુદ્ધ દરમિયાન 'ઓપરેશન સફેદ સાગર' વખતે જાતનું બલિદાન આપનારા વાયુદળના યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવા ભિસિયાના અને સરસાવા એર ફોર્સ સ્ટેશનની મુલાકાત લીધી હતી.**

→ 28 મે, 2019ના દિને પાકિસ્તાન સાથેના કારગિલ યુદ્ધના 20 વર્ષ પૂર્ણ થયા છે.

→ 1999માં કારગિલ યુદ્ધ દરમિયાન ભારતીય ભૂમિદળના જવાનો સાથે સંયુકત રીતે સૈન્ય કાર્યવાહી કરવા ભારતીય વાયુસેના(IAF) ને સોંપાયેલી ભૂમિકાને સાંકેતિક નામ ઓપરેશન સફેદ સાગર અપાયું હતું.

❖ તાજેતરમાં ભારતના પ્રથમ લોકપાલ જસ્ટિસ પિનાકીચંદ્ર ઘોષે નવી દિલ્હીમાં લોકપાલના બધા જ સભ્યોની ઉપસ્થિતિમાં લોકપાલની વેબસાઈટ **www.lokpal.gov.in** લોન્ચ કરી હતી.

❖ **કેન્દ્ર સરકારે 14 મે, 2019 ના નમામિ ગંગે પરિયોજના અંતર્ગત એક ત્રિપક્ષીય સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.**

→ ઉત્તરાખંડમાં નમામિ ગંગે કાર્યક્રમ અન્વયે કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) તરીકે રૂદ્રાક્ષના વૃક્ષો લગાવવા માટે રાષ્ટ્રીય સ્વચ્છ ગંગા મિશન HCL ફાઉન્ડેશન અને ઈન્ટેક વચ્ચે એક સહમતિપત્ર પર હસ્તાક્ષર કરાયા છે.

→ રુદ્રાક્ષ એક પ્રકારનું બી હોય છે. તેનો ઉપયોગ આધ્યાત્મિક ક્ષેત્રમાં કરવામાં આવે છે. રુદ્રાક્ષ 14 પ્રકારના હોય છે. આ બીનો મુખ્યત્વે ભારત અને નેપાળમાં કાર્બનિક આભૂષણો અને માળા બનાવવામાં ઉપયોગ થાય છે.

❖ **પાકિસ્તાનના યુદ્ધ વિભાગ F-16ને તોડી પાડનાર વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાનના પરાક્રમે તેમની સ્કવોડ્રનને 'ફાલ્કન સ્લેચર'ના નામથી પણ ઓળખવામાં આવશે.**

→ વિંગ કમાન્ડર અભિનંદન વિશ્વના એકમાત્ર એવા પાઈલટ છે. જેમણે અમેરિકાના F-16 જેવા અત્યાધુનિક યુદ્ધ વિમાનને જરીપુરાણા મિગ–21 બાઈસન યુદ્ધ વિમાન વડે તોડી પાડયું હતું. આ દરમિયાન અભિનંદન સ્કવોડ્રન નંબર 51 માં તૈનાત હતા. પાકિસ્તાની વાયુસેના વિરુદ્ધના આ સંઘર્ષમાં ભારત વતી Su-30 MKI સ્કવોડ્રને પણ ભાગ લીધો હતો. આ સ્કવોડ્રને પાકિસ્તાન દ્વારા દાગવામાં આવેલી 5 AMRAAM મિસાઈલથી પોતાનું રક્ષણ કર્યુ હતું અને મિસાઈલ તેનું નિશાન ચૂકી ગઈ હતી. આ સિદ્ધિ બદલ આ સ્કવોડ્રેનને 'AMRAAM ડોજર્સ' નો ખિતાબ અપાયો છે.

Banking Academy

❖ **સુપ્રિમ કોર્ટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી હતી કે દહેજ સતામણીની પીડિતા કોઈ મહિલાના સંબંધીઓ પણ તેની ફરિયાદ નોંધાવી શકે છે.**

→ આ નિર્ણય ન્યાયમૂર્તિઓ અશોક ભૂષણ તથા એ.એમ.જોસેફની બેન્ચે આપ્યો હતો. ભારતીય દંડ સંહિતા (ઈન્ડિયન પીનલ કોડ–IPC)ની કલમ 498A વૈવાહિક સતામણી સાથે સંબધિત છે.

❖ **ઈ–ગવર્નન્સ સર્વિસીઝ ઈન્ડિયા લિ.એ તાજેતરમાં 'ઉન્નત ભારત અભિયાન' માટે IIT કાનપુર સાથે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે.**

→ ઉન્નત ભારત અભિયાન કેન્દ્રીય માનવ સંસધાન વિકાસ મંત્રાલયની પહેલ છે. આ અભિયાન માટે IIT કાનપુરમાં ઉત્તર પ્રદેશની 15 પ્રમુખ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને એકત્રિત કરાઈ છે. આ બધી સંસ્થાઓ કોમન સર્વિસ સેન્ટર સાથે મળીને ગામડાંના વિકાસ માટે કામ કરશે. IIT કાનપુરે 5 ગામોને દત્તક લીધા છે. આ ગામો હૃદયપુર, બૈકુંઠપુર, ઈશ્વરગંજ, પ્રતાપપુર હરિ તથા સકસુપુર્વા છે. આ બધા જ ગામો કાનપુરની નજીક છે.

→ આ અભિયાનનો ઉદેશ એક ઉચ્ચ શિક્ષણ સંસ્થાને ઓછામાં ઓછા 5 ગામો સાથે જોડવાનો છે, જેથી ગામોમાં આર્થિક અને સામાજિક પરિવર્તન સંભવી શકે. ઉન્નત ભારત અભિયાન હેઠળ આવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ગામડાઓમાં વિકાસ પ્રવૃત્તિઓમાં ભાગીદારી કરી શકે છે.

❖ **નવરચિત NDA-2 સરકારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (PM-KISAN) નો દાયરો લંબાવ્યો છે.**

→ આ નિર્ણય 31 મે, 2019 ના યોજાયેલી નવી સરકારની પ્રથમ જ બેઠકમાં લેવાયો હતો. હવે આ યોજનાનો લાભ લેવા જમીનની માલિકીની સીમા દૂર કરાઈ છે. અગાઉ, આ યોજનાનો લાભ 2 હેકટરથી ઓછી જમીન ધરાવતા ગરીબ ખેડૂતોને મળતો હતો. હવે આ મર્યાદા દૂર કરાઈ છે. હવેથી બધા જ ગરીબ ખેડૂતોને (PM-KISAN) યોજનાનો લાભ મળશે. જેથી લગભગ 15 કરોડ પરિવારને લાભ મળશે. કેન્દ્ર સરકાર આ યોજના હેઠળ ખેડૂતોને પ્રતિ વર્ષ 6000 રૂપિયાની આર્થિક સહાય આપે છે. આ રકમ 2000 રૂપિયાના 3 હપ્તામાં ખેડૂતોના બેંક ખાતામાં જ જમા અપાય છે.

❖ **કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુને દુષ્કાળ મામલે એડવાઈઝરી જારી કરીને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા જણાવ્યું છે કેમ કે આ રાજ્યોમાં જળાશયોનું જળસંગ્રહ સ્તર ગંભીર રીતે નીચે ગયું છે.**

→ રાજ્યોને દુષ્કાળની એડવાઈઝરી ત્યારે જારી કરવામાં આવે છે જ્યારે જળાશયોમાં જળ સ્તર છેલ્લા 10 વર્ષોના લાઈવ (જીવંત) જળ ભંડારના આંકડાઓથી સરેરાશ 20% ઓછું થઈ જાય છે.

❖ **ગૃહ મંત્રાલયે 13 મે, 2019ના બિનસરકારી સંગઠન (NGO) ઈન્ફોસિસ ફાઉન્ડેશનની નોંધણી રદ કરવાની ઘોષણા કરી છે.**

→ ઈન્ફોસિસ સામે નિયમોની વિરુદ્ધ જઈ વિદેશોમાંથી દાન પ્રાપ્ત કરવાનો આરોપ લગાવાયો છે. ગૃહ મંત્રાલય અનુસાર, ઈન્ફોસિસ ફાઉન્ડેશન દ્વારા નિયમોનું કથિત રીતે ઉલ્લંઘન કરાયું છે. ઈન્ફર્મેશન ટેકનોલો ક્ષેત્રની અગ્રણી કંપની ઈન્ફોસિસે 1996માં સમાજના વંચિત વર્ગોના ઉત્થાન માટે ઈન્ફોસિસ ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી.

❖ **સુપ્રીમ કોર્ટમાં 10 મે, 2019ના 5 જજોની બંધારણીય બેન્ચે અયોધ્યા કેસની સુનાવણી હાથ ધરી હતી.**

→ જેમાં અયોધ્યા વિવાદના ઉકેલ માટે મધ્યસ્થતા સમિતિને 15 ઓગસ્ટ, 2019 સુધીનો વધુ સમય અપાયો હતો.

→ સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ F.M.I. કલીકુલ્લાહ, આધ્યાત્મિક ગુરુશ્રીશ્રીરવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પાંચૂની બનેલી ત્રણ સભ્યોની મધ્યસ્થતા સમિતિએ તેનો અહેવાલ સીલબંધ કવરમાં બંધારણીય બેન્ચને સોંપ્યો હતો. મધ્યસ્થતા સમિતિએ વિવાદી મામલાના સકારાત્મક સમાધાન માટે કોર્ટ પાસેથી 15 ઓગસ્ટ, 2019 સુધીનો સમય માગ્યો હતો.

→ તેથી, હવે અયોધ્યા મામલાની સુનાવણી 15 ઓગસ્ટ, 2019 પછી થશે. સુપ્રીમ કોર્ટની 5 જજોની બંધારણીય બેન્ચની અધ્યક્ષતા મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગોઈએ કરી હતી જ્યારે અન્ય ચાર જજોમાં ન્યાયમૂર્તિઓ એસ.એ.બોબડે, એસ.એ.નઝીર, અશોક ભૂષણ અને ડી.વાય.ચંદ્રચૂડનો સમાવેશ થાય છે.

## આંતરરાજય

❖ **ભારતનો પ્રથમ પ્રાકૃતિક આઈસ કાફે લદ્દાખના લેહમાં 14,000 ફીટની ઊંચાઈએ શરૂ થઈ ગયો છે.**

→ આ આઈસ કાફે મનાલી–લેહ હાઈવે પર સ્થિત છે. તેનું નિર્માણ બોર્ડર રોડ આર્ગેનાઈઝેશન (BRO) દ્વારા પ્રાકૃતિક પ્રક્રિયા દ્વારા કરાયું છે. આનો ઉદેશ શિયાળામાં પાણીની બચત કરવાનો તથા બાદમાં જરૂર પડયે તેનો ઉપયોગ સિંચાઈ માટે કરવાનો છે. આ કાફેને મેગ્સેસે એવોર્ડ વિજેતા શિક્ષણ સુધારાવાદી કર્મશીલ સોનમ વાંગચૂકના બર્ફીલા સ્તુપની માફક તૈયાર કરાયો છે. પર્યટકોના આકર્ષણનું પ્રમુખ કેન્દ્ર હાલમાં આ આઈસ કાફે છે.

→ બરફના સ્તૂપ એક પ્રકારના કૃત્રિમ ગ્લેશિયર છે. આ ગ્લેશિયર શિયાળામાં જામી જવાના કારણે પાણીનું સંરક્ષણ કરે છે.

→ આ કૃત્રિમ ગ્લેશિયર વસંત ઋતુમાં ઓગળે છે. આ જ ઋતુ દરમિયાન ખેતરોમાં પાણીની જરૂરિયાત પણ હોય છે.

❖ **ભારત સૌપ્રથમવાર 'આર્મી સ્કાઉટ્સ માસ્ટર્સ કોમ્પિટિશન'ની યજમાની કરશે. આ પ્રતિયોગિતાનું આયોજન જુલાઈ 2019ના અંતથી ઓગસ્ટ 2019ના મધ્ય સુધી રાજસ્થાનના જૈસલમેરમાં કરાશે.**

→ આ ઈન્ટરનેશનલ આર્મી ગેમ્સની 5મી આવૃત્તિ હશે. ભારત આર્મી ઈન્ટરનેશનલ સ્કાઉટ્સ માસ્ટર્સ કોમ્પિટિશન 2019નું સહ–યજમાન છે. આથી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં આ આવી પ્રથમ આવૃત્તિ હશે જેમા એક દેશ યજમાન તેમજ ભાગીદાર પણ હશે.

→ ઈવેન્ટ ભારતીય સૈન્ય અંતર્ગત જૈસલમેર મિલિટરી સ્ટેશન ખાતે ભારતીય લશ્કરના કોણાર્ક કોર્પ્સ દ્વારા યોજાશે.

❖ **ભારતીય પુરાતત્વવિદોને તાજેતરમાં તેલંગાણાના સૂયપિટમાં ફણીગિરિ ખાતે એક બૌદ્ધ સ્થળેથી અતિ દુર્લભ આદમ કદનું સાગોળ શિલ્પ મળી આવ્યું છે.**

→ આજની તારીખે ભારતમાં મળી આવેલી આ સૌથી મોટી સાગોળ (સિમેન્ટ, રેતી અને ચૂનાના પથ્થરનો બનેલો એક પદાર્થ) મૂર્તિ છે. તેની ઊંચાઈ આશરે 1.73 મીટર અને પહોળાઈ 35 સે.મી. છે. પુરાતત્વવિદો અનુસાર, આદમ કદની મૂર્તિ જોથક ચક્રમાં બોધિસત્વનું પ્રતિનિધિત્વ કરે છે. ઉકત શિલ્પની રચના ઈક્ષ્વાકુ રાજવંશના કાર્યકાળમાં ફણીગિરિ ખાતે શિલ્પકારો દ્વારા લગભગ 1,700 વર્ષ અગાઉ કરવામાં આવી હતી. પરંપરાગત સાગોળ રેતી, પાણી અને ચૂનામાંથી બનાવવામાં આવે છે જ્યારે આધુનિક સાગોળ રેતી, પાણી અને પોર્ટલેન્ડ સિમેન્ટમાંથી બનાવવામાં આવે છે. આધુનિક સાગોળની અભેદ્યતા અને કાર્યક્ષમતા વધારવા માટે તેમા ચૂનો ઉમેરવામાં આવે છે.

❖ **જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI) પૂર્વોત્તર ક્ષેત્ર (NER) એ મેઘાલયમાં બે મહત્વના ભૂવૈજ્ઞાનિક સ્થળોએ ભૂવૈજ્ઞાનિક માહિતીઓ સાથેના ડિસ્પ્લે બોર્ડ લગાવ્યા છે.**

→ જેથી પર્યટકો અને સંશોધકોને આવશ્યક મદદ મળી શકે. આ બે મહત્વપૂર્ણ સ્થળો માવમ્લૂહ ગુફા અને થેરિયાઘાટ, સોભાર (પૂર્વ ખાસી હિલ જિલ્લો) છે. માવમ્લૂહ ગુફાને ગ્લોબલ સ્ટ્રેટોટાઈપ સેકશન એન્ડ પોઈન્ટ તરીકે ટેગ કરવામાં આવી છે અને તે ભારતમાં ભૂવૈજ્ઞાનિક સમયાવધિનું પ્રથમ પ્રમાણિત માર્કર છે.

❖ **ભારતીય પુરાતત્વ વિભાગ (આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા–ASI) દ્વારા તાજેતરમાં ઉત્તર પ્રદેશ સ્થિત સનૌલીમાં પુરાતાત્વિક ઉત્ખનન દરમિયાન 4000 વર્ષ પુરાણી કબર તથા અન્ય અવશેષ શોધી કઢાયા છે.**

→ પુરાતત્વવિદોને આ ઉત્ખનન કાર્ય દરમિયાન 4000 વર્ષ જૂના ચોખા, કોઠીઓ તથા વાસણો પણ મળી આવ્યા છે. આ સ્થળે સંશોધકોને મૃત શરીરની સાથે તાબૂત, ચોખા અને દાળથી ભરેલાં વાસણો અને પ્રાણીઓના હાડકાં પણ હાથ લાગ્યા છે. આ ક્ષેત્ર ઉત્તર પ્રદેશના બાગપતમાં આવેલું છે. આ ક્ષેત્રમાં હડપ્પા કાળનો સૌથી મોટો રથ મળી આવ્યો છે. 2018 ના ખોદકામ દરમિયાન અહીંથી 3 રથ મળ્યા હતા. તે સિવાય પુરાતાત્વિક મહત્વની તલવારો, અન્ય શસ્ત્રો અને ખાદ્ય પદાર્થો પણ મળ્યા છે.

❖ **કેરળના પ્રસિદ્ધ ઉત્સવ ત્રિશૂર પુરમનો આરંભ 13 મે, 2019માં થયો હતો.**

→ ઉત્સવનો પ્રારંભ 54 વર્ષીય ગજરાજ તેચીકોત્તુકાવુ રામચંદ્રન દ્વારા કરાયો હતો. ત્રિશૂર પરમ ઉત્સવના ઉદ્ઘાટન સમારોહમાં લગભગ 10,000 લોકો સામેલ થયા હતા. વડક્કુમનાથન મંદિરમાં આ ગજરાજને વાહનમાં લાવવામાં આવ્યો હતો. ગજરાજે પ્રતિકાત્મક રીતે મંદિરના દક્ષિણી પ્રવેશદ્વારને ધક્કો મારીને ખોલ્યો હતો. જે ત્રિશુર પુરમ ઉત્સવના શુભારંભનો સંકેત હતો.

→ ત્રિશૂર પુરમ ઉત્સવ કેરળનો વાર્ષિક ઉત્સવ છે જે વલ્લુનાવાડુ ક્ષેત્રમાં સ્થિત દેવી દુર્ગા અને ભગવાન શિવને સમર્પિત છે. આ ઉત્સવમાં રંગબેરંગી વસ્ત્રોમાં સજેલા લોકો તથા હાથીઓનો શણગાર વિશેષ આકર્ષણના કેન્દ્ર હોય છે.

❖ **પવિત્ર યાત્રાધામ કૈલાશ માનસરોવર યુનેસ્કોની સાંસ્કૃતિક ધરોહરનું સ્થળ જાહેર થશે.**

→ ભારત–ચીન–નેપાળની સંયુકત દરખાસ્ત વર્લ્ડ હેરિટેજ કમિટીએ સ્વીકારી છે અને કૈલાશ માનસરોવરને વૈશ્વિક ધરોહર જાહેર કરવાની પ્રાથમિક તૈયારી દર્શાવી છે.

→ કૈલાશ પર્વત ભારત–ચીન–નેપાળ એમ ત્રણ દેશોમાં ફેલાયેલો છે. ભારતમાં તેને 7,120 ચોરસ કિલોમીટર વિસ્તાર છે જ્યારે ચીનમાં 10,843 ચોરસ કિ.મી. અને નેપાળમાં સૌથી વધુ 13,829 ચોરસ કિ.મી. નો વિસ્તાર આવેલો છે.

❖ **પશ્ચિમ બંગાળમાં હિંસા બાદ 9 બેઠકોની ચૂંટણી માટેનો પ્રચાર 19 કલાક પહેલાં બંધ...**

→ સમગ્ર દેશનો આવો પ્રથમ કિસ્સો, કલમ 324નો પહેલી વખત ઉપયોગ કરાયો.

→ પ.બંગાળના બે અધિકારીઓને ફરજ મુકત કરાયા.

→ પશ્ચિમ બંગાળમાં ભાજપ અધ્યક્ષ અમિત શાહના 14 મે, 2019ના રોજ યોજાયેલા રોડ શોમાં હિંસાના 25 કલાક બાદ ભારતના ચૂંટણી પંચે 15 મે, 2019ના બે મોટા નિર્ણયો કર્યા હતા. ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં 9 લોકસભા બેઠકો પર 19 મે, 2019ના સાતમા અને છેલ્લા તબક્કા માટેના મતદાન માટે વિવિધ પક્ષો દ્વારા તેઓના ઉમેદવારોના સમર્થનમાં કરવામાં આવતો પ્રચાર નિશ્ચિત સમયથી 19 કલાક પૂર્વે 16 મે, 2019ની રાત્રે 10 કલાકે બંધ કરવાનો આદેશ આપ્યો હતો. ચૂંટણી પ્રચાર સમય કરતાં પહેલા રોકવાનો દેશમાં આ પ્રથમ કિસ્સો છે. ચૂંટણી પંચે તેને અનુચ્છેદ 324માં મળેલા અધિકારોનો ઉપયોગ કરીને આ કાર્યવાહી કરી છે. વધુમાં ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના ADG (CID) રા□વકુમાર અને ગૃહ વિભાગના અગ્ર સચિવ અત્રી ભટ્ટાચાર્યને ફરજ મુકત પણ કર્યા હતા.

→ ચૂંટણી પંચે જણાવ્યું હતું કે પ્રચાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા ખોરવાયા હોવાથી અનુચ્છેદ 324નો ઉપયોગ કરવો પડયો હોય તેવી આ પહેલીવહેલી ઘટના છે. કલમ 324 હેઠળ ચૂંટણી પંચ એવા કોઈપણ મામલે હસ્તક્ષેપ કરી શકે છે જેમાં કોઈ પ્રકારની ગરબડ જણાય અથવા તો કોઈ મુદ્દે અસ્પષ્ટતા સર્જાઈ હોય. આ કલમ અંતર્ગત ચૂંટણી પંચને સ્વતંત્ર અને નિર્વિવાદ ચૂંટણી કરાવવાનો અધિકાર અને સત્તા આપવામાં આવી છે.

❖ **જયપુરથી દિલ્હીના માર્ગમાં એક નાનું એવું સાફસુથરું રેલવે સ્ટેશન છે ગાંધીનગર.**

→ કહેવા માટે તો આ સ્ટેશન દેશના અન્ય રેલવે સ્ટેશનો જેવું જ છે પણ એક કારણથી આ સ્ટેશન વિશ્વમાં તેના પ્રકારનું પહેલું સ્ટેશન છે. આ મુખ્ય રેલવે લાઈનનું પહેલું એવું સ્ટેશન છે કે જેને માત્ર મહિલાઓ દ્વારા જ સંચાલિત કરાય છે. તાજેતરમાં સંયુકત રાષ્ટ્રે મહિલાઓના સશકિતકરણની દિશામાં આને એક સીમાચિહ્ન ગણાવ્યું છે.

❖ **મહારાષ્ટ્રના કોંકણ પ્રદેશના સિંધુદુર્ગ જિલ્લાનો દેવગઢ તાલુકો વિશ્વભરમાં હાફૂસ કેરી માટે પ્રસિદ્ધ છે.**

→ હવે અહીંની કેરી ઉત્પાદક સહકારી સંસ્થાએ મૂડી રોકાણની એક સાવ અનોખી યોજના શરૂ કરી છે, જેમાં 50,000 રૂપિયાનો મેંગો બોન્ડ ખરીદો અને દર વર્ષે 10%ના વ્યાજ સ્વરૂપે 5,000 રૂપિયાની હાફૂસ કેરી ઘરે બેઠા મેળવવાની ઓફર કરવામાં આવી છે. 5 વર્ષની મુદતના અંતે 50 હજાર રૂપિયાની સંપૂર્ણ રકમ પરત મળશે.

❖ **જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI)ના અહેવાલ મુજબ ભારતનો 35% ગ્રેફાઈટ ભંડાર અરુણાચલ પ્રદેશમાં ઉપલબ્ધ છે.**

→ આ અત્યાર સુધી શોધવામાં આવેલો ગ્રેફાઈટનો સૌથી મોટો ભંડાર છે.

→ ગ્રેફાઈટ કાર્બનનું સૌથી સ્થિર સ્વરૂપ છે. ગ્રેફાઈટ એક માત્ર અધાતુ તત્વ છે જે વિદ્યુતનું સુવાહક છે. ગ્રેફાઈટ તેની સ્નિગ્ધ અનુભૂતિ બદલ સૂકા ઊંજણ (લુબ્રિકન્ટ) તરીકે પણ ઓળખાય છે. ગ્રેફાઈટના ઘણા ઔદ્યોગિક ઉપયોગો છે, વિશેષ કરીને જે ઉત્પાદનોને ખૂબ ઊંચા તાપની જરૂર હોય છે તેમાં તેનો બહોળો ઉપયોગ થાય છે. પરમાણુ રિએકટરમાં ગ્રેફાઈટનો ઉપયોગ મોડરેટર તરીકે કરી શકાય છે.

❖ **મધ્ય પ્રદેશના ઓરછા નામના શહેરની વાસ્તુકલા ધરોહરને યુનેસ્કોની સંભવિત વિશ્વ ધરોહર સ્થળોની યાદીમાં સામેલ કરાઈ છે.**

→ નિયમાનુસાર, યુનેસ્કો વિશ્વ વિરાસત સ્થળની યાદીમાં સ્થાન મેળવવા માટે પહેલા કોઈ ધરોહર અથવા ઐતિહાસિક ઈમારતને સંભવિત સૂચિમાં સ્થાન મળવું આવશ્યક છે. ઓરછા શહેર મ.પ્ર.માં નિવારી જિલ્લામાં બેતવા નદીના કિનારે વસેલું છે. આ નગરનું નિર્માણ બુંદેલ રાજવંશના રાજા રૂદ્રપ્રતાપસિંહે 16મી સદીમાં કરાવ્યું હતું.

Banking Academy

❖ **ઝીરો પેન્ડન્સી કોર્ટ્સ પ્રોજેક્ટ દિલ્હી હાઈકોર્ટનો પ્રાયોગિક (પાઈલટ) પ્રોજેક્ટ છે.**

→ આ પ્રાયોગિક પ્રકલ્પ દિલ્હીની અમૂક નીચલી અદાલતોમાં હાથ ધરાયો છે જેની મદદથી વિવિધ પ્રકારના કેસોની સમયરેખા, આવશ્યક જજોની સંખ્યા, કેસ પ્રવાહ પ્રબંધન નિયમો અને થોકબંધ અન્ય સંબંધિત પરિબળો માટેના માપદંડો ઓળખી શકાય. આ પ્રોજેકટનો ઉદ્દેશ એક કેસના નિકાલ માટે જરૂરી ન્યાયિક સમય અંગે માહિતી આપવાનો પણ છે.

❖ **ભારતના પૂર્વોત્તરમાં સ્થિત સિક્કિમમાં ભારત–ચીન સીમા પર નાથુ લામાં ભારત–ચીન સરહદ વ્યાપાર મેળાની 14મી આવૃત્તિનો આરંભ થયો છે.**

→ ભારતની વેપાર યાદીમાં બે ભાગ છે. નિકાસ યાદીમાં 36 વસ્તુઓ છે જેમાં દૂધના ઉત્પાદનોથી લઈને વાસણોનો સમાવેશ થાય છે જયારે આયાત સૂચિમાં 20 ચીજો સામેલ છે. **ખાસ નોંધ :** ભારત અને ચીન વચ્ચે 3 મુકત સીમાન્ત વેપાર પોસ્ટ છે જે નીચે મુજબ છે.

(1) સિક્કિમમાં નાથુ લા (2) હિમાચલ પ્રદેશમાં શિપકી લા (3) ઉત્તરાખંડમાં લિપુલેખ

## ગુજરાત

❖ **ગુજરાતમાં ભગવાન બુદ્ધ વિહાર કરી ગયા હોય તેવા સ્થળોને શોધીને તેને બુદ્ધિસ્ટ સર્કિટ તરીકે વિકસાવવાનું કાર્ય પ્રવાસન નિગમ દ્વારા કરાશે. રાજ્યના આવા 13 બૌદ્ધ સ્થાળોને આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવશે.**

→ દેવની મોરીને મહત્વના ગ્લોબલ બુદ્ધિસ્ટ સ્પિરિચ્યુઅલ તરીકે વિકસાવશે. જેને વિદેશમાં સ્થિત બુદ્ધિસ્ટ સ્થળો સાથે જોડવામાં આવશે. દેવની મોરી એ મેશ્વો નદી ઉપર આવેલા વિશાળ બૌદ્ધ સ્તૂપ, ચૈત્ય વિહાર ધરાવતું મહત્વનું સ્થળ છે. જે અંગેનું સંશોધન આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI) અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે કરાયું હતું.

→ દેવની મોરી ઉપરાંત ગુજરાતમાં આવેલા જૂનાગઢના ઉપરકોટ, બાબા પ્યારેની ગૂફાઓ, ખાપરા કોડિયાના મહેલ, અશોક સ્તંભનો માર્ગ, ગીર સોમનાથની સાના ગૂફાઓ, પ્રભાસ પાટણ બૌદ્ધ ગૂફાઓ, ભરૂચનો કડિયા ડુંગર, કચ્છની સિયાતે ગૂફાઓ, ભાવનગરની તળાજા બોદ્ધ ગૂફાઓ, રાજકોટની ખંભાલિડા ગૂફાઓ, વડનગરની બોદ્ધ ગૂફાઓ, મહેસાણા તારંગા હિલ, ઉપરની બૌદ્ધ ગૂફાઓનો સમાવેશ થાય છે.

→ આ સ્થળોએ પ્રવાસીઓ માટે એપ્રોચ રોડ, સ્ટ્રીટ લાઈટ, ટુરિસ્ટ કિઓસ્ક CCTV કેમેરા, એક્ઝિબિશન અને ઓરિએન્ટેશનલ સેન્ટર, રેસ્ટિંગ એરિયા જેવી સુવિધાઓ ઉભી કરાશે.

❖ **વડોદરા કોર્ટમાં ગુજરાતનું સર્વપ્રથમ 'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર' સ્થપાશે.**

→ જાતીય ગુનાઓ સહિતના ગંભીર ગુનાઓના કેટલાક કિસ્સાઓમાં પીડિત કે સાક્ષી વ્યકિત બાળક હોય છે.

→ આ ઉપરાંત કોર્ટ ટ્રાયલ દરમિયાન બચાવ પક્ષ તરફથી સુનાવણી દરમિયાન તેના પર અનુચિત પ્રભાવ પાડવામાં આવે તેવું પણ બનતું હોય છે. તેથી બાળક બચાવ પક્ષના દબાણ કે પ્રભાવ હેઠળ આવ્યા વગર જુબાની આપી શકે તે માટે વડોદરા જિલ્લા કોર્ટમાં રાજયનું સર્વપ્રથમ 'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર' સ્થાપવાનો નિર્ણય ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ અનંત દવેના માર્ગદર્શનથી લેવાયો છે.

→ ભોગ બનનારા કે સાક્ષી બાળકોને કોર્ટનો પરંપરાગત અનુભવ ન થાય તે માટે તેમને એક ખાસ રૂમમાં બેસાડવામાં આવશે. જયાં તેમના માટે રકમડાં, ટી.વી., ખાણીપીણી સહિતની મનોરંજન સુવિધાઓ હશે. બાળકો સાથે મનમેળ સાધવા એક મદદગાર વ્યકિત રાખવામાં આવશે.

❖ **10 થી 12 જૂન, 2019 દરમિયાન ગાંધીનગર ખાતે ધ ફાર્માસ્યુટિકલ્સ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ભારતના સૌથી મોટા પ્રદર્શનનું આયોજન થયું છે.**

→ જેમાં 130 દેશોના 700થી વધુ ગ્લોબલ બાયર્સ ભાગ લેશે. જે મેગા ઈવેન્ટને IPHEX નામ અપાયું છે.

→ ફાર્મા ક્ષેત્રે અમેરિકા, ભારતીય નિકાસમાં 35 ટકા તથા 15 ટકા યુરોપ અને 17 ટકા આફ્રિકા હિસ્સો ધરાવે છે.

→ ફાર્મેકિસલ ફાર્મા અને હેલ્થકેર ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા છે, જે વિદેશી ગ્રાહકોને ભારતીય ફાર્મા ઈન્ડસ્ટ્રીમાંથી યોગ્ય ટ્રેડ પાર્ટનર મેળવવામાં મદદ કરે છે.

❖ **ઓકસફોર્ડ ઈકોનોમિકસના અહેવાલ મુજબ 2019 થી 2035 સુધી GDPની દ્રષ્ટિએ ટોપ–10 વિકસતા શહેરોમાં ગુજરાતના સુરત અને રાજકોટનો સમાવેશ થાય છે.**

→ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અનુસાર, સારો વિકાસ કરી રહેલ ટોપ–10 શહેરો ભારતના જ છે. જેમાં સુરત, આગ્રા, બેંગલુરૂ, હૈદરાબાદ, નાગપુર, તિરુચિરાપલ્લી, ચેન્નાઈ અને વિજયવાડાનો સમાવેશ થાય છે.

→ સુરત 2019 થી 2035 માં વાર્ષિક 9.2 ટકાના સરેરાશ GDP અને રાજકોટ સાતમા સ્થાનેથી 8.33 ટકા સરેરાશ GDPથી પ્રગતિ કરશે.

❖ **ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા 52 હેકટર જેટલા વિસ્તારમાં ડાયનાસોર અને ફોસિલ પાર્કને બાલાસિનોર ખાતે ખુલ્લાં મૂકવામાં આવશે.**

→ આ પાર્ક વિશ્વનો ત્રીજો સૌથી મોટો વિશિષ્ટ પાર્ક બનશે તેમ કહેવાય છે.

→ ડાયનાસોરના અંદાજિત 65 મિલિયન વર્ષના ઈતિહાસને દર્શાવતું ભારતનું સૌપ્રથમ ખોદકામથી પ્રદર્શન સુધીનું મ્યુઝિયમ બની રહ્યું છે.

→ ભારતની આઝાદી પૂર્વે બાલાસિનોર બાબી વંશના નવાબી રાજય બાલાસિનોર રાજય તરીકે ઓળખાતું હતું. મહીસાગર જિલ્લાના બાલાસિનોર પાસે આવેલા રૈયાલી ગામેથી સૌપ્રથમ 1983માં ડાયનાસોરના 10,000 ઈંડાના અવશેષો મળ્યા હતા.

→ પેલિયોન્ટોલોજિસ્ટ માને છે કે ડાયનાસોરની લગભગ સાત જાતિઓ અહીં રહેતી હતી. રૈયાલીને વિશ્વની ત્રી સૌથી મોટી ફોસિલ વસાહત મનાય છે. 2003માં અહીંથી નવી પ્રજાતિ શોધાઈ, જે ટાયરેનોસોરસ રેકસ કુળની હતી. જેના ઈંડાને રાજા સોરસ નર્માન્ડેસિસ–નર્મદાના રાજા એવું નામ રાખવામાં આવ્યું હતું. વર્ષ 2018માં બાલાસિનોર પાસે આવેલા બીડના મુવાડા ગામેથી પણ ડાયનાસોરના ઈંડાના અવશેષો પ્રાપ્ત થયા હતા.

❖ **સ્વામી અધ્યાત્માનંદના 75મા પ્રાગટયોત્સવ નિમિત્તે અમૃત મહોત્સવ પ્રસંગે શ્રી સ્વામી ચિદાનંદ મેમોરિયલ લેકચર અંતર્ગત 'માનવતા સે' વિષય પર ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલીએ 3 મે, 2019ન મનનીય પ્રવચન આપ્યું હતું.**

→ આ અવસરે તેમણે સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી–સેક્રેટરી પી.કે. લહેરીને માનવ ભુષણ તથા સંસ્કૃત શિક્ષક ડો.મિહિર ઉપાધ્યાયને સંસ્કૃત ભૂષણ એવોર્ડ પ્રદાન કર્યો હતો.

Banking Academy

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)

સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664



- **ઈસરોની અમદાવાદ સ્થિત સંસ્થા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL)ના બે વૈજ્ઞાનિકો ડો.રિતેશકુમાર મિશ્રા અને ડો.કુલજિત કૌર મરહાસે 4.5 અબજ વર્ષ પહેલાંની સૌરજવાળાનો અભ્યાસ કરવામાં સફળતા મેળવી છે.**
  - → આ બન્ને વિજ્ઞાનીઓએ મળીને સૂર્યમાંથી નીકળતી સુપર ફલેરનો અભ્યાસ કર્યો હતો. સૂર્યની સપાટી તોફાની છે, તેનું વાતાવરણ ચુંબકીય છે. તેમાંથી લગભગ દર 11 વર્ષે જવાળા નીકળે છે, જે સોલાર ફલેર તરીકે ઓળખાય છે. ડો.રિતેશકુમાર મિશ્રા હાલ જર્મનીમાં કામ કરે છે.
- **ગુજરાત સહિત સમગ્ર પશ્ચિમ ભારતના કાંઠે મેન્ગ્રોવ્સ સાથે ઉગી નીકળતી બે પ્રકારની ફુગ પ્લાસ્ટિકનો નાશ કરવામાં ઉપયોગી છે.**
  - → પુનાની સાવિત્રીભાઈ ફુલે યુનિવર્સિટી તથા કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક રિસર્ચના 3 સંશોધકોએ મળીને આ સંશોધન કર્યુ છે. એ સંશોધન પ્રમાણે પાણીમાં ઉગતા મેન્ગ્રોવ્સ સાથે ભેજને કારણે જાતજાતની ફુગ, મશરૂમ પણ ઉગતા હોય છે. એમાંથી અમુક ફુગમાં રહેલા માઈક્રોબ્સ (સૂક્ષ્મ□વો) પોલિથીનને પોતાનો ખોરાક બનાવે છે. એટલે આ ફુટની મદદથી પ્લાસ્ટિકના નિકાલની સમસ્યા હલ કરી શકાય એમ છે.
- **દસ વર્ષ કે તેથી વધુ સમયથી પડતર હોય તેવા કોર્ટ કેસોના નિકાલમાં ગુજરાતના ચાર જિલલાઓ અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરની નીચલી અદાલતોએ દેશભરની ટોચની 10 અદાલતોમાં સ્થાન મેળવ્યું છે.**
  - → આ ઝડપી નિકાલની નોંધ લઈ કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલયે ગુજરાત હાઈકોર્ટને તેણે અપનાવેલી વ્યૂહરચના વિશે માહિતી આપવા કહ્યું છે જેથી દેશની અન્ય અદાલતોમાં પણ તે વ્યૂહરચના અપનાવી શકાય.
- **પદ્મશ્રી સાહિત્યકાર ડો.પ્રવીણ દર□ને તેમના પાંચમા કાવ્યસંગ્રહ 'પૂર્વાભાસ' માટે ડો.જયંત પાઠક કવિતા પુરસ્કારથી વિભૂષિત કરાયા છે.**
  - → સુરતની જયંત પાઠક સમિતિ દ્વારા 2016-2017ના ગુજરાતી કાવ્યસંગ્રહોમાં 'પૂર્વાભાસ'ની પસંદગી ઉત્તમ કાવ્યસંગ્રહ તરીકે થતા આ એવોર્ડ તેમને અપાયો છે.
- **અમદાવાદની ઉભરતી મહિલા ટેનિસ ખેલાડી વૈદેહી ચૌધરીએ 5 મે, 2019ના 3,000 અમેરિકી ડોલરની ઈનામી રકમ ધરાવતી એશિયન રેન્કિંગ વીમેન્સ ટેનિસ ચેમ્પિયનશિપ □તી લીધી છે.**
- **જૂનાગઢના સક્કરબાગ ઝૂમાંથી આઠ સિંહ–સિંહણને ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં આવેલા ઝૂમા મોકલવા સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની લીલીઝંડી મળતા આગામી દિવસોમાં બે સિંહ અને છ સિંહણને ગોરખપુર ઝૂમાં મોકલવામાં આવશે.**
  - → અત્યારસુધીના ઈતિહાસમાં સૌથી વધુ આઠ સિંહ–સિંહણ પ્રથમવાર અન્ય ઝૂમાં મોકલવામાં આવશે. સક્કરબાગમાં હાલ 58 સિંહ છે. જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં એશિયાટિક સિંહોનું બ્રીડિંગ સેન્ટર પણ છે.
- **મોબાઈલ ફોનમાં PUBG (પબ□) ગેમ રમવા સામે પ્રતિબંધ લાદતા રાજકોટ પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાને તેમણે પરત ખેંચી લીધું હોવાની જાણ ગુજરાત હાઈકોર્ટને કરતા હાઈકોર્ટે આ કેસનો નિકાલ કર્યો હતો.**
- **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને મુનિશ્રી પુણ્યવિજય□ ચંદ્રક સમિતિ દ્વારા દર બે વર્ષે સાહિત્ય અને અન્ય વિદ્યાઓમાં સંશોધન કરનારા સંશોધકને મુનિ શ્રી પુણ્યવિજય□ ચંદ્રક આદિવાસી સાહિત્યના સંશોધક તથા 40 જેટલા મહત્વના પુસ્તકોના લેખક ભગવાનદાસ પટેલને અર્પણ કરાયું છે.**
- **ગીરના નેશનલ પાર્ક અને અભયારણ્ય સહિતના વિસ્તારોને 'ક્રિટિકલ વાઈલ્ડલાઈફ હેબિટેટ' એટલે કે 'સંવેદનશીલ વન્ય□વ રહેઠાણ' જાહેર કરવાની માગણી કરતી જાહેર હિતની રિટમાં ગુજરાત હાઈકોર્ટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારને સોગંદનામા સ્વરૂપે જવાબ રજૂ કરવાનો આદેશ આપ્યો છે.**
  - → રિટમાં અરજદારે આક્ષેપ કર્યો છે કે ટુરિઝમ લોબીના દબાણને કારણે સરકાર ગીરને સંવેદનશીલ વન્ય વિસ્તાર જાહેર કરવાનો નિર્ણય લેતી નથી. અરજદારની રજૂઆત એવી છે કે વન અધિકાર ધારા તેમજ વન્ય□વ સંરક્ષણ કાનુનમાં અભયારણ્ય અને નેશનલ પાર્કને 'ક્રિટિકલ વાઈલ્ડલાઈફ હેબિટેટ' જાહેર કરવાની જોગવાઈ છે.
- **ગુજરાતમાં આવેલા 23 અભયારણ્યો (સેંચ્યુરી) અને 4 રાષ્ટ્રીય ઉદ્યાનો (નેશનલ પાર્ક)માં પ્લાસ્ટિકની ચીજવસ્તુઓના ઉપયોગ અને તેને સાથે લઈને પ્રવેશવા પર વન વિભાગે પ્રતિબંધ મૂકી દીધો છે.**
- **રાજયમાં શિક્ષણનું સ્તર ઊંચુ લાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા જૂન 2019ના નવા શૈક્ષણિક સત્રથી શાળાઓ શરૂ થાય ત્યારે શિક્ષકો કેવું શિક્ષણ આપી રહ્યા છે તેના પર દેખરેખ રાખવા 'કોલ સેન્ટર'નો એક અભિનવ પ્રયોગ શરૂ કરવામાં આવશે.**
  - → ગાંધીનગરમાં આ માટે એક કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર બનાવવામાં આવ્યું છે, જે રિયલ ટાઈમ ટેકનોલો□ થકી 1.95 લાખ જેટલા સરકારી શાળાના શિક્ષકો કલાસમાં હાજર છે કે નહીં અને તેઓ ભણાવી રહ્યા છે તેમાં કેટલી ગુણવત્તા છે તેની ઉપર સર્વેલન્સ દ્વારા નજર રાખશે.
  - → 'કોલ સેન્ટર' માટે સર્વ શિક્ષા અભિયાન અને પ્રાથમિક શિક્ષણ કચેરીમાંથી 50 જેટલા કર્મચારીઓની ફાળવણી કરી દેવામાં આવી છે. જેઓ રોજે રોજ શિક્ષકોની કામગીરી પર નજર રાખશે.
- **ઓવર સ્પીડના કારણે થતા રોડ અકસ્માતોની સંખ્યામાં ઘટાડો કરવા ગુજરાત સરકારે અદ્યતન ટેકનોલો□ આધારિત સ્પીડ ગનનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો છે.**
  - → આથી, ગુજરાત સરકારે અમેરિકન બનાવટની 39 સ્પીડ ગન ખરીદી છે. જે સ્પીડ ગન એક સેકન્ડમાં ત્રણ વાહનોની એક કિ.મી. દૂરથી જ ઝડપ માપી શકે છે. જેની રેન્જ 0 થી 320 કિ.મી./કલાકની છે. આ જ સ્પીડ ગનમાંથી ઈ–મેમો પણ મોકલી શકાશે.
- **ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની રોજગાર ક્ષમતા વધારવા વોડાફોન ફાઉન્ડેશન સાથે કરાર થયો છે.**
  - → GTUના વાઈસ ચાન્સેલર ડો. નવીન શેઠ અનુસાર, એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી કાર્યમાં ઉપયોગી થાય તથા વ્યવહારુ કૌશલ્યના અભ્યાસક્રમને પણ GTU આવરી લેશે.
- **ગુજરાતના નાગરિકોને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવાના હેતુથી ગુજરાત સરકારે GMERS મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ સોલા, અમદાવાદ અને સુરતમાં નવી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ સ્થાપવાનો નિર્ણય કર્યો છે.**
  - → સોલા ખાતે GMERS મેડિકલ કોલેજની સ્થાપના વર્ષ 2010માં થઈ હતી. અમદાવાદના કારણે ઉત્તર ગુજરાત અને સુરતથી દક્ષિણ ગુજરાતના દર્દીઓને સારવાર માટે નિર્ણય લેવાયો છે.

Banking Academy

## આંતરરાષ્ટ્રીય

❖ **બ્રિટન જળવાયુ પરિવર્તનને કટોકટી (આપાતકાલ) જાહેર કરનારો વિશ્વનો સૌપ્રથમ દેશ બની ગયા છે. બ્રિટનની સંસદે વિપક્ષ તરફથી રજૂ કરાયેલા રાષ્ટ્રીય પર્યાવરણ તથા જળવાયુ આપાતકાલ (કટોકટી) પ્રસ્તાવને પસાર કરી દીધો છે.**

→ ઔધોગિક ક્રાંતિ બાદ પૃથ્વીનું સરેરાશ તાપમાન વર્ષ દર વર્ષ વધી રહ્યું છે. જળવાયુ પરિવર્તન અંગેની આંતરસરકારી સમિતિ (IPCC) ના અહેવાલે પહેલીવાર આ ચેતવણી આપી હતી.

- **જળવાયુ પરિવર્તનને લઈને શા માટે કટોકટી ઘોષિત?**

→ સંયુકત રાષ્ટ્રનું કહેવું છે કે જળવાયુ પરિવર્તનથી થનારી તબાહીથી બચવા માટે આપણી પાસે માત્ર 12 વર્ષ છે. જો આ સમસ્યાનું સમાધાન જલ્દી ન કરાયું તો ધરતી પર પારાવાર ખાનાખરાબી સર્જાશે. જળવાયુ કટોકટીની કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી. પરંતુ બ્રિટનના આ પગલાંને જળવાયુ અને પર્યાવરણ પર મહત્વપૂર્ણ ઉપાયો સાથે જોડવામાં આવ્યું છે. બ્રિટન સરકારે કાનૂની રીતે એ નિર્ણય લીધો છે કે વર્ષ 2050 સુધી તે 80% સુધી કાર્બન ઉત્સર્જન ઘટાડી દેશે. બ્રિટન એ 18 વિકસિત દેશો પૈકીનો એકમાત્ર એવો દેશ છે જેને છેલ્લા એક દશકમાં સૌથી ઓછું કાર્બન ઉત્સર્જન કર્યુ છે.

→ ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન કલાઈમેંટ ચેન્જ (IPCC) જળવાયુ પરિવર્તનના મૂલ્યાંકન માટે બનાવાયેલી એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. તેની સ્થાપના સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) તથા વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠન દ્વારા વર્ષ 1988 માં કરાઈ હતી. IPCC નું વડુમથક સ્વિટ્ઝર્લેન્ડના જીનિવામાં છે. વર્તમાનમાં વિશ્વના 195 દેશો તેના સદસ્યો છે. તેઓ જળવાયુ પરિવર્તનનું નિયમિત આકલન કરે છે. દર 5-6 વર્ષે IPCC જળવાયુ પરિવર્તન અંગે એક વ્યાપક અહેવાલ પ્રસ્તુત કરે છે.

❖ **આયર્લેન્ડેની સંસદે 9 મે, 2019ના જળવાયુ કટોકટી ઘોષિત કરી દીધી છે.**

→ આયરિશ સંસદે એક સંસદીય અહેવાલમાં સુધારાની ઘોષણા કરી હતી. જેમાં કોઈ મતદાન વગર જળવાયુ કટોકટી લાદવાની જોગવાઈ કરાઈ હતી. સંસદીય અહેવાલમાં સંસદને આહવાન કરાયું છે કે કેવી રીતે આયરિશ સરકાર જૈવ વિવિધતાના નુકશાનના મામલે પોતાની પ્રતિક્રિયામાં સુધારો કરી શકે છે. આયર્લેન્ડ સરકારના આ નિર્ણયનું પર્યાવરણ પ્રચારકોએ સ્વાગત કર્યુ હતું અને ઐતિહાસિક નિર્ણય ગણાવ્યો હતો. આ સાથે, આયર્લેન્ડ જળવાયુ કટોકટીની ઘોષણા કરનારો બ્રિટન બાદ વિશ્વનો બીજો દેશ બની ગયો છે.

❖ **રશિયા 2015 થી આંતરરાષ્ટ્રીય સન્ય રમતોનું આયોજન કરી રહ્યું છે.**

→ છેલ્લા ચાર વર્ષોથી આંતરરાષ્ટ્રીય સ્કાઉટ પ્રતિસ્પર્ધાઓનું આયોજન નોવોસિબિર્સ્ક ક્ષેત્રના કોલ્ત્સેવો ટ્રેઈનિંગ ગ્રાઉન્ડમાં કરવામાં આવી રહ્યું છે. આ સ્પર્ધામાં 30 દેશો ભાગ લે છે. ભારત પ્રારંભથી જ તેમાં ભાગ લઈ રહ્યું છે.જુલાઈ 2018 માં રશિયામાં આયોજિત આંતરરાષ્ટ્રીય સૈન્ય રમતોમાં ભારતીય સેનાએ ટેન્ક **બાયથ્લોન તથા એલ્બુસ રિંગ** નામથી ઈવેન્ટમાં ભાગ લીધો હતો.

❖ **ભારત સરકારે શ્રીલંકાના વિદ્રોહી સંગઠન લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ (LTTE) પર લાગેલો પ્રતિબંધ જારી રાખ્યો છે.**

→ કેન્દ્ર સરકારે એક નવું જાહેરનામું બહાર પાડી (LTTE) પર લાગેલો પ્રતિબંધ જારી રાખ્યો છે. કેન્દ્ર સરકારે એક નવું જાહેરનામું બહાર પાડી LTTE પર મૂકાયેલો પ્રતિબંધ વધુ 5 વર્ષ લંબાવ્યો છે. ભારત સરકાર અનુસાર, LTTE એક હિંસક અલગતાવાદી અભિયાન શરૂ કરીને ઉત્તર અને પૂર્વ શ્રીલંકામાં એક સ્વતંત્ર તમિલ રાજ્યની સ્થાપના કરવા માંગતું હતું. કેન્દ્ર સરકારે આ નિર્ણય એટલા માટે લીધો છે કે LTTE હજુ પણ ભારત વિરોધી પ્રવૃત્તિઓ આચરી રહ્યું છે.

❖ **ફિલ્મ સિતારાઓ તથા ફિલ્મ સંબધિત લોકોને ઓસ્કાર એવોર્ડ આપતી એકેડેમી એવોર્ડ્સ અથવા એકેડેમી ઓફ મોશન પિકચર્સ એન્ડ સાયન્સીસ સંસ્થા દ્વારા તેનું કાર્યાલય મુંબઈમાં શરૂ કરવાનો નિર્ણય કરાયો છે.**

→ હાલમાં એકેડેમીના માત્ર બે જ ઓફિસ લંડન અને ન્યૂયોર્કમાં આવેલી છે. જ્યારે હવે એશિયા અંડમાં પ્રથમ ઓફિસ લંડન અને ન્યૂયોર્કમાં આવેલી છે. જ્યારે હવે એશિયા ખંડમાં પ્રથમ ઓફિસ મુંબઈ ખાતે શરૂ થશે. એકેડેમીના પ્રમુખ જોન બેલીએ મુંબઈના યાત્રા કરી ભારત વિશ્વમાં સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ફિલ્મ નિર્માણકર્તા દેશ છે, તેમ જણાવ્યું હતું. ભારત વાર્ષિક ધોરણે અંદાજિત 1800 જેટલી ફિલ્મોનું નિર્માણ કરે છે.

❖ **ભારતને ઓસ્ટ્રેલિયા, ચિલી અને દક્ષિણ આફ્રિકાની સાથે G-7 ઔધોગિક દેશોના શિખર સંમેલનમાં સત્તાવાર રીતે આંમત્રિત કરાયું છે.**

→ આ શિખર બેઠકનું આયોજન 24-25 ઓગષ્ટ, 2019 દરમિયાન ફ્રાન્સના બિયારિટ્ઝ ખાતે કરાશે. વિશ્લેષકોના મતે, ભારતને G-7 શિખર મંત્રણા માટેનું નિમંત્રણ ભારત અને ફ્રાન્સ વચ્ચેના મજબૂત સંબંધો દર્શાવે છે. G-7 અથવા તો ગ્રુપ–7 માં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, કેનેડા, જાપાન અને જર્મનીનો સમાવેશ થાય છે.

→ IMF અનુસાર, તે વિશ્વના સૌથી એડવાન્સ્ડ અર્થતંત્રો છે. G-7 ના સાત દેશો વૈશ્વિક નેટવર્થના 58% હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. ઓનું વૈશ્વિક સકલ ઘરેલુ ઉત્પાદન (GDP) 46% છે.

❖ **ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા (IBSA)શેરપાની બેઠક 3 થી 5મે, 2019 દરમિયાન કેરળના કોચિનમાં યોજાઈ હતી.**

→ બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ મંત્રાલયમાં આર્થિક સંબંધોના સચિવ ટી.એસ.તિરુમૂર્તિએ કર્યુ હતું.

→ IBSA શેરપા બેઠક પૂર્વે 9મી IBSA દ્વિ પક્ષીય મંત્રીમંડળની બેઠક આ જ સ્થળે યોજાઈ હતી.

❖ **શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) ના વિદેશ મંત્રીઓની બેઠકનું આયોજન કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં કરાયું હતું.**

→ ભારત તરફથી આ મહત્વીની બેઠકમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે ભાગ લીધો હતો.

→ સુષ્માએ કહ્યું હતું કે ઈન્ટરનેશનલ નોર્થ–સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર, ચાબહાર બંદર, અશ્ગાબાત કરાર અને ભારત–મ્યાનમાર–થાઈલેન્ડ ત્રિપક્ષીય કોરિડોરમાં ભારતની નીતિઓ સ્પષ્ટ છે. ભારત આ 3 યોજનાઓમાં વધુ સારી રિજનલ કનેક્ટિવિટી માટે પ્રતિબદ્ધ છે.

→ આ એક રાજનીતિક અને સુરક્ષા સમૂહ છે જેનું મુખ્યાલય બીજિંગ (ચીન)માં છે. રશિયા, ચીન, કિર્ગિઝ ગણરાજ્ય, કઝાખસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિઓએ વર્ષ 2001 માં શાંઘાઈમાં એક શિખર બેઠકમાં SCO ની સ્થાપના કરી હતી. ભારત અને પાકિસ્તાન 2017 માં SCO ના પૂર્ણ સભ્ય બન્યા છે. અફઘાનિસ્તાન, ઈરાન, બેલારૂસ અને મોંગોલિયા વર્તમાનમાં તેના નિરીક્ષક દેશો છે.

Banking Academy

❖ **ભારતે 13-14 મે, 2019 ના નવી દિલ્હીમાં વિકાસશીલ દેશોની WTO મંત્રી સ્તરીય બેઠકની મેજબાની કરી હતી.**

→ બેઠકનો મુખ્ય ઉદ્દેશ બહુરાષ્ટ્રીય નિયમ આધારિત વ્યાપાર પ્રણાલીથી ઊભા થયેલા વિવિધ પડકારોની વિચારણા કરવાનો હતો.

→ બેઠકમાં સૌથી અલ્પવિકસિત 6 દેશો (લીસ્ટ ડેવલપ્ડ કન્ટ્રીઝ – LDC) બાંગ્લાદેશ, બેનિન, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક (CAR), ચાડ, યુગાંડા, મલાવી તથા 16 વિકાસશીલ દેશો તુર્કી, ઈન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ આફ્રિકા, આર્જેન્ટીના, બ્રાઝિલ, ઈજિપ્ત, ગુયાના, જમૈકા, કઝાખસ્તાન, ગવટેમાલા, નાઈજીરિયા, ઓમાન, ચીન, સાઉદી અરેબિયા અને બાર્બાડોસે ભાગ લીધો હતો.

→ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)ના મહામંત્રી રોબર્ટો અઝેવેડો પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતા.

→ બેઠકનો હેતુ વિકાસશીલ દેશો અને અલ્પવિકસિત દેશોને એક મંચ પર લાવવાનો તથા WTO ને અસરકર્તા વિવિધ મુદ્દાઓ અંગેની સમાન ચિંતાઓ અરસપરસ સાથે વહેંચવાનો અને આ મુદ્દાઓના ઉકેલ માટે સાથે મળીને કામ કરવાનો હતો.

❖ **ભારતે તાજેતરમાં આતંકવાદ અને અલગાવવાદને ઓનલાઈન લડત આપવા તથા ઈન્ટરનેટને એક સલામત અને સુરક્ષિત સ્થળ બનાવવા 'ક્રાઈસ્ટચર્સ કોલ ટુ એકશન' નામની એક મોટી વૈશ્વિક પહેલ પર હસ્તાક્ષર કર્યા છે.**

→ પેરિસમાં આયોજિત એક શિખર બેઠકમાં 'ક્રાઈસ્ટચર્સ કોલ ટુ એકશન' નામક પહેલ પર અનેક દેશોની સરકારો તથા મોટી મોટી ટેક કંપનીઓએ દસ્તખત કર્યા છે.

→ ન્યૂઝીલેન્ડના મહિલા વડાપ્રધાન જેસિન્ડા આર્ડને અને ફ્રાન્સના પ્રમુખ ઈમાન્યુએલ મેક્રોને હાલમાં જ 'ક્રાઈસ્ટચર્સ કોલ' નામની એક નવી મહત્વાકાંક્ષી પહેલ આદરી હતી. જેનો ઉદ્દેશ આંતકવાદને ઓનલાઈન ડામવાનો છે. યુરોપિયન યુનિયન (EU) સહિત કુલ 18 દેશોએ પહેલને સબળ સમર્થન પૂરું પાડયું છે.

❖ **અમેરિકાના અન્ન અને ઔષધિ વહીવટી તંત્ર (યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન = USFDA)એ ડેંગ્યૂની બીમારીની પ્રથમ રસી ડેંગવેક્સિયા (DENGVAXIA) ને અમુક શરતો સાથે ઉપયોગમાં લેવાની મંજૂરી આપી દીધી છે.**

→ રસીના ઉપયોગમાં શરતો એટલા માટે લાગુ કરાઈ છે આ રસીના કારણે અમુક લોકોમાં આ રોગ પ્રત્યે ઊંચુ જોખમ જોવા મળ્યું હતું.

→ USFDA એ 1 મે, 2019 ના આ રસી 9 થી 16 વર્ષની વયના એવા લોકોને લગાવવાની પરવાનગી આપી છે જે એવા ક્ષેત્રમાં રહે છે જ્યાં ડેંગ્યુ સ્થાનિક છે અને લેબમાંથી એવી પૃષ્ટિ થઈ હોય કે આવી વ્યક્તિને ડેંગ્યૂનો ચેક લાગેલા છે. 2016માં ફિલિપાઈન્સ આ રસીને લીલીઝંડી આપનારો પ્રથમ દેશ બન્યો હતો તો ફેબ્રુઆરી 2019 માં તેને પ્રતિબંધિત કરનારો પણ પ્રથમ દેશ છે. ડેંગવેક્સિવાનું ઉત્પાદન ફ્રાન્સની દવા કંપની સનોફી પેસ્ટર દ્વારા કરવામાં આવે છે.

❖ **અમેરિકી વાયુ સેનાના જનરલ ટોડ વોલ્ટર્સને નાટો મિલિટરી એલાયન્સના સર્વોચ્ચ સૈન્ય અધિકારી નિયુક્ત કરાયા છે. તેમને બેલ્જિયમના બ્રસેલ્સમાં નાટોના મુખ્યાલયમાં સોગંદ લેવડાવ્યા હતા.**

→ નાટોની સ્થાપના , એપ્રિલ, 1949ના રોજ કરાઈ હતી. તેનું વડુમથક બેલ્જિયમના પાટનગર શહેર બ્રસેલ્સમાં છે. આરંભમાં નાટોના સભ્ય દેશોની સંખ્યા 12 હતી. પરંતુ હવે 29 છે. નાટોના સૌથી નવો સદસ્ય દેશ મોન્ટેનીગ્રો છે.

❖ **રાષ્ટ્રીય સુરક્ષા સામે જોખમનું કારણ આપીને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં ટેલિકોમ ઉપકરણ બનાવતી વિશ્વની સૌથી મોટી ચીની કંપની હુઆવેઈને પ્રતિબંધિત કરી છે.**

❖ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જાપાનના ઈમ્પીરિયલ પેલેસમાં રેડ કાર્પેટ સત્કાર મળ્યો હતો. **જ્યાં તેમણે જાપાનના નવા સમ્રાટ નારુહિતોને મળનારા પ્રથમ વિદેશી નેતા બનીને ઈતિહાસ રચ્યો છે.**

❖ **અમેરિકાની અગ્રણી કૃષિ રસાયણ કંપની મોન્સાન્ટો તેના ખાતરના વપરાશથી કેન્સર થતું હોવાની માહિતી છૂપાવવા અંગેની ત્રી કાનૂની લડાઈ હારી ગઈ છે.**

→ કેલિફોર્નિયા સ્ટેટ કોર્ટે મોન્સાન્ટોને આલ્વા અને આલ્બર્ટ પિલોડ નામની બે વ્યક્તિઓને 205.50 કરોડ ડોલર એટલે કે 14,385 કરોડ રૂપિયાનું વળતર આપવાનો આદેશ કર્યો છે. અત્યારસુધીનું આ સૌથી મોટું વળતર છે.

→ કંપનીએ ગ્લીફોસેટ નામનું એક રસાયણ વિકસાવ્યું છે. આ રસાયણનું કામ નિંદામણનો નાશ કરવાનું છે. આ રસાયણ કંપની રાઉન્ડ અપ બ્રાન્ડનેમથી માર્કેટમાં વેચે છે. પરંતુ ગ્લીફોસેટમાં કેન્સરકારક હાનિકારક દ્રવ્યો હોવાની માહિતી કંપનીએ છૂપાવી હતી. જેથી તેને અમેરિકામાં અત્યારસુધીનો સૌથી મોટો દંડ થયો છે.

❖ **અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 15 મે, 2019ના રાષ્ટ્રીય કટોકટીની ઘોષણા કરી દીધી છે.**

→ પ્રમુખે અમેરિકાના સંચાર નેટવર્કને વિદેશી દુશ્મનોથી બચાવવાના ઉદ્દેશથી આ ઘોષણા કરી હતી. પ્રમુખનો આ આદેશ અમેરિકામાં માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલો તથા સેવાઓ સાથે સંબંધિત જોખમોને જોતા રાષ્ટ્રીય કટોકટી ઘોષિત કરે છે તથા વાણિજય મંત્રીને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઊભો કરનારી લેવડ–દેવડ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ આપે છે.

❖ **સંયુકત આરબ અમીરાત (UAE)ના વડાપ્રધાન શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મખ્તુમે તાજેતરમાં વિદેશી રોકાણકારો, ઉદ્યમશીલો, પ્રતિભાશાળી વ્યક્તિઓ તથા સંશોધકો માટે 'ગોલ્ડન કાડ' નામની કાયમી નિવાસ પ્રણાલી યોજના લોન્ચ કરી છે.**

→ આ યોજનાનો ઉદ્દેશ વધુને વધુ ભારતીય વ્યાવસાયિકો તથા ઉદ્યમશીલોને UAE આવવા માટે આકર્ષિત કરવાનો છે. આ નવી પ્રણાલી અંતર્ગત પ્રથમ 6,800 યોગ્ય વિદેશી પ્રવાસીઓને ઓળખવામાં આવ્યા છે. આ લોકોને ગોલ્ડન કાર્ડ યોજનાનો લાભ મળશે.

❖ **એશિયા કોઓપરેશન ડાયલોગ (ACD)ની 16 મી મંત્રીસ્તરીય બેઠક કતારના દોહામાં યોજાઈ હતી.**

→ કતારના નાયબ વડાપ્રધાન અને વિદેશી બાબતોના મંત્રી એચ.ઈ.શેખ મોહમ્મદબિન અબ્દુલરહમાન અલ થાનીએ 2019 ના આ સંવાદનું નૈતૃત્વ કર્યુ હતું. ભારતીય પ્રતિનિધિમંડળની આગેવાની વિદેશ રાજ્ય મંત્રી જનરલ ડો.વી.કે.સિંઘ (નિવૃત્ત) એ લીધી હતી.

- ACD એક આંતરસરકારી સંગઠન છે. તેની સ્થાપના 18 જૂન, 2002 ના કરાઈ હતી. તેના 34 સભ્ય દેશો છે. તેના મહામંત્રી બંડિત લિમ્સચૂન છે. ACD ની પ્રથમ બેઠક થાઈલેન્ડમાં 2002 માં મળી હતી. જેમાં 18 એશિયન સ્થાપક દેશોએ ભાગ લીધો હતો.

Banking Academy

❖ **સિંગાપુરે તાજેતરમાં એક કાયદો પસાર કરીને ફેક ન્યૂઝના પ્રકાશનને અપરાધ જાહેર કર્યો છે. આ કાનૂન દ્વારા સરકાર ફેક ન્યુઝ સાથે સંબધિત સામગ્રીને બ્લોક કરી શકે છે અથવા તેને દૂર કરી શકે છે.**

→ આ કાયદા તળે સર્વિસ પ્રોવાઈડરે તરત જ ફેક ન્યુઝ સાથે સંબંધિત સામગ્રીને બ્લોક કરવાની સત્તા પણ હશે.

→ આ કાયદાનું ઉલ્લંઘન કરવા સબબ 10 વર્ષની જેલ તથા ભારે ભરખમ દંડની પણ જોગવાઈ છે.

→ આ કાનૂનની કેટલાય કારણોસર લોકો દ્વારા ટીકા કરાઈ રહી છે. આ કાયદા દ્વારા અસત્ય સમાચાર નક્કી કરવાની સત્તા સરકારને અપાઈ છે. તેના દ્વારા ઓનલાઈન ન્યૂઝ પોર્ટલ્સની આઝાદી પર પણ મહદઅંશે પ્રતિબંધ લાગી જશે.

❖ **જોકો વિડ્રેડો લાગલગાટ બીજીવાર ઈન્ડાનેશિયાના રાષ્ટ્રપતિ ચૂંટાયા છે. તેઓ ઈન્ડોનેશિયાના સાતમા રાષ્ટ્રપતિ છે.**

→ ઈન્ડોનેશિયા દક્ષિણ પૂર્વ એશિયામાં સ્થિત એક દેશ છે. તે હિન્દ મહાસાગર અને પ્રશાંત મહાસાગર વચ્ચે આવેલો છે. ઈન્ડોનેશિયા વિશ્વનો સૌથી મોટો ટાપુ દેશ છે. તેમાં 17,000 થી વધુ દ્વીપ આવેલા છે. તેનું ચલણ ઈન્ડોનેશિયાન રૂપિયાહ છે.

❖ **ચીને પાકિસ્તાન એર ફોર્સ (PAF) ને મરમ્મત કરેલા પ્રથમ બહુઆયામી JF-17 થંડર ફાઈટર જેટની ડિલિવરી આપી દીધી છે.**

→ તાજેતરના વર્ષોમાં IF-17 PAF માટે મુખ્ય આધાર સમાન યુદ્ધ વિમાન છે કેમ કે અમેરિકાએ પ્રેસ્લર સુધાર હેઠળ પાકિસ્તાન પર 1990 બાદ લાદેલા શસ્ત્ર, પ્રતિબંધને પગલે F-16 યુદ્ધ વિમાનોનું વેચાણ અંકુશિત કરી નાંખ્યું છે. પાકિસ્તાનની યોજના 100 JF-17 વિમાન ખરીદવાની છે.

❖ **ઈન્ટરનેશનલ બેંક સોસાયટીએ કેનેડાની 10 ડોલરના મૂલ્યની ચલણી નોટને 'બેંક નોટ ઓફ ધી યર 2018' નો એવોર્ડ આપ્યા છે. નોટની વિશેષતા એ છે કે તે વિશ્વની પ્રથમ વર્ટિકલ (ઉભી) નોટ છે.**

→ સર્વોત્તમ ડિઝાઈન અને નાગરિક અધિકારો માટે લડનારી સામાજિક કર્મશીલ વાયોલા ડેસમંડની તસવીર પ્રકાશિત કરવાને કારણે આ નોટને એવોર્ડ મળ્યો છે. બેંક નોટ માટેની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં સ્વિત્ઝરલેન્ડ, નોર્વે અને રશિયા સહિત 15 દેશોએ ભાગ લીધો હતો. ભારત સ્પર્ધામાં નહોતું. બેંક ઓફ કેનેડાએ કહ્યું હતું કે વાયોલા ઈરિન ડેસમંડ કેનેડાના પ્રથમ એવાં મહિલા છે, જેમને પ્રાથમિકતાથી બેંક નોટ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

❖ **ઈરાને 2015ની પરમાણું સમજુતીમાં નિર્ધારિત કરાયેલી સીમાઓ (મર્યાદાઓ)નું પાલન ન કરવાની ઘોષણા કરી છે.**

→ ઈરાનની પરમાણું સંધિને જોઈન્ટ કોમ્પ્રહેન્સિવ પ્લાન ઓફ એકશન (JCPOA) કહેવામાં આવે છે. આ JCPOA પર અમેરિકા ઉપરાંત યુનાઈટેડ કિંગ્ડમ, ફ્રાન્સ, જર્મની, ચીન અને રશિયાએ હસ્તાક્ષર કર્યા છે.

→ આ સમજૂતી હેઠળ ઈરાને સમૃદ્ધ યુરેનિયમને વિદેશોમાં વેચવું પડે છે. ઈરાન તેનો ઉપયોગ પરમાણું શસ્ત્રોના નિર્માણમાં કરી શકે નહી. ઈરાને આ સોદા અંતર્ગત પોતાની પરમાણું પ્રવૃત્તિઓને સીમિત કરવાની સહમતિ દર્શાવી હતી.

❖ **ઓસ્ટ્રેલિયામાં તમામ અનુમાનો અને એક્ઝિટ પોલ્સને ખોટા ઠરાવીને વડાપ્રધાન સ્કોટ મોરિસનની લિબરલ પાર્ટીના નેતૃત્વ હેઠળના ગઠબંધને ભવ્ય વત મેળવી છે.**

→ મતદાન બાદ જારી કરાયેલા એક્ઝિટ પોલ્સમાં વિપક્ષી લેબર પાર્ટીના વિજયના વર્તારા રજૂ કરાયા હતા. ઓસ્ટ્રેલિયન નાગરિકોએ દેશના 31 વડાપ્રધાન ચૂંટવા માટે મતદાન કર્યુ હતું.

→ મતગણતરીમાં પરિણામ તદ્દન વિપરીત આવ્યા હતા અને સ્કોટ મોરિસનની લિબરલ પાર્ટીની આગેવાની હેઠળના સત્તાધારી ગઠબંધનને 74 બેઠકો પર વત મળી હતી. જ્યારે લેબર પાર્ટીને 65 બેઠકો મળી હતી. ઓસ્ટ્રેલિયામાં દરેક નાગરિક માટે મતદાન ફરજિયાત છે.

❖ **તાજેતરમાં સીરિલ રામાફોસાએ** ફરી વખત દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે. સીરિલ રામાફોસા રંગભેદ વિરોધી નેતા તથા ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના અનુયાયી છે.

❖ **યુરોપિયન યુનિયનની ચૂંટણીમાં મુખ્ય પક્ષોનો જનાધાર સમેટાઈ ગયા છે.**

→ પરંપરાગત શાસક સેન્ટ્રિસ્ટ ગઠબંધને બહુમતી ગુમાવી દીધી છે. દક્ષિણ પંથી અને પર્યાવરણ સમર્થક પાર્ટીઓએ વિસ્તાર કર્યો છે. પર્યાવરણ, લોકતંત્ર અને માનવાધિકારની પક્ષકાર ગ્રીન પાર્ટીનો આખા યુરોપમાં પ્રભાવ વધ્યો છે. ગ્રીન પાર્ટી ચોથી મોટી પાર્ટી બનીને ઉભરી છે. તેને 70 બેઠકો પ્રાપ્ત થઈ છે. તેના સમર્થન વગર યુરોપની દશા અને દિશા નક્કી કરવાનું સરળ નહીં હોય.

- **યુરોપિયન યુનિયનની સંસદની ચૂંટણી શું છે....**

→ યુરોપિયન યુનિયનની સંસદની વિશ્વની સૌથી મોટી ચૂંટણીઓ પૈકીની એક છે. તેમાં એકસાથે યુરોપિયન યુનિયન (EU) ના 28 દેશોના 41.8 કરોડ મતદારો સંસદના 751 સભ્યોને ચૂંટે છે. આ ચૂંટણી તેમની ચૂંટણી પ્રક્રિયા અનુસાર થાય છે. વસ્તીના પ્રમાણમાં પ્રત્યેક દેશને બેઠકો વહેંચાયેલી છે. ચૂંટાયેલા સભ્યોનો કાર્યકાળ 5 વર્ષ હોય છે. આ વખતે વિક્રમ જનક 51% મતદાન થયું હતું.

❖ **થોડાં વર્ષો પહેલાં ખરાબ આર્થિક વ્યવસ્થાને સુધારવા દુનિયાના સૌથી વધુ મુસ્લિમ આબાદી ધરાવતા ઈન્ડોનેશિયાએ 20,000 રૂપિયાની નોટ ચલણમાં મૂકી હતી.**

→ આ નોટ પર એક બાજુ ભગવાન ગણેશજી તથા બીજી બાજુ કલાસરૂમનો ફોટો છે. 87.5% ઈસ્લામ તથા 3% હિન્દુ વસ્તી ધરાવતા ઈન્ડોનેશિયામાં ગણેશજીને શિક્ષણ, કલા અને વિજ્ઞાનના દેવતા માનવામાં આવે છે. તેથી તે નોટમાં ગણેશજીનો ફોટા છે. ઈન્ડોનેશિયાની કરન્સી રૂપિયાહ છે. આ ઉપરાંત ઈન્ડોનેશિયાની આર્મીના મેસ્કોટ તરીકે હનુમાનજી મહારાજ છે.

❖ **ઈઝરાયેલમાં આ વર્ષે એપ્રિલ મહિનામાં યોજાયેલી ચૂંટણીમાં વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂની લિકુડ પાર્ટીને સૌથી વધારે બેઠકો મળી હતી.**

→ તેમ છતાં છેલ્લા છ સપ્તાહમાં તેઓ અન્ય પક્ષો સાથે ગઠબંઠન કરવામાં નિષ્ફળ રહ્યાં છે.

→ 29 મે, 2019 ના ઈઝરાયેલના સાંસદોએ સરકાર બનાવવામાં વિલંબ થતાં સંસદ ભંગ કરવાના પ્રસ્તાવને મંજુર કરી દીધો હતો. આથી, આગામી 17 સપ્ટેમ્બર, 2019 ના ફરી એકવાર ઈઝરાયેલમાં સંસદ (નેસેટ)ની સામાન્ય ચૂંટણીની જાહેરાત કરાઈ છે. ઈઝરાયેલના ઈતિહાસમાં એવું પ્રથમવાર બન્યું છે કે વડાપ્રધાન પદે ચૂંટાઈ આવેલા કોઈ નેતા ગઠબંધન બનાવવામાં નિષ્ફળ રહ્યાં હોય.

- **ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) પાકિસ્તાનને 3 વર્ષમાં 6 અબજ ડોલર (લગભગ 42,000 કરોડ રૂપિયા)ની સહાય આપવા જઈ રહ્યું છે. બન્ને વચ્ચે આ બાબતે 12 મે, 2019ના એક સમજૂતી થઈ છે.**
  - → વર્ષ 1950 માં IMF નું સભ્ય બનેલું. પાકિસ્તાન અત્યારસુધીમાં 21 વાર બેલઆઉટ પેકેજ લઈ ચૂકયું છે. નવા પેકેજને મંજૂરી મળ્યા બાદ આ 22 મું બેલઆઉટ પેકેજ લઈ ચૂકયું છે. નવા પેકેજને મંજૂરી મળ્યા બાદ આ 22 મું બેલઆઉટ પેકેજ હશે.
  - → તાજેતરમાં પાકિસ્તાનનું જાહેર દેવું વધીને લગભગ 27.8 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. પાકિસ્તાન આ રીતે હવે કરજની તેની નિર્ધારિત ઉચ્ચતર સીમા પણ પાર કરી ચૂકયું છે.
- **એશિયન દેશ ઈસ્ટ તિમોર ખૂબ ટૂંક સમયમાં વિશ્વનો પહેલો પ્લાસ્ટિકના કચરાથી મુકત દેશ બની જશે, જે માટે તે દેશમાં નીકળતો પ્લાસ્ટિકનો કચરો રિસાઈકલ કરશે.**
  - → રોજ 700 કિવન્ટલ કચરો રિસાઈકલ કરીને ઉપયોગમાં લઈ શકાય તેવી વસ્તુઓ બનાવાશે. ઈસ્ટ તિમોરે રિસાઈકલ પ્લાન્ટ લગાવવા ઓસ્ટ્રેલિયન સંશાધનકારો સાથે હાથ મિલાવ્યા છે.
- **તાઈવાનની સંસદે 17 મે, 2019ના સમલૈંગિક લગ્નને કાનૂની માન્યતા આપનારા બિલને મંજૂરી આપી દીધી છે. આ સાથે તે સજાતીય લગ્નોને મંજૂરી આપનારો એશિયાનો પ્રથમ દેશ બન્યો છે.**
  - → સમલૈંગિક વિવાહ કાનૂની તથા સામાજિક રીતે માન્યતા પ્રાપ્ત એક જ લિંગના લોકોના લગ્નને કહેવાય છે. સજાતીય લગ્નને કાયદેસર બનાવનારો વિશ્વનો પ્રથમ દેશ નેધરલેન્ડ છે. નેધરલેન્ડે વર્ષ 2001માં સમલૈંગિક લગ્નને કાયદેસર માન્યતા આપી હતી.
- **તાજેતરમાં દક્ષિણ અમેરિકા ખંડના દેશ ચીલી દ્વારા પોતાના દક્ષિણતમ ટાપુ નાવારીનો (Navarino) ખાતે હાલ સુધી "ગામ"નો દરજ્જો ધરાવતી જગ્યા પ્યુઅર્ટો વીલીયમ્સ (Puerto Williams) ને "શહેર" (city) નો દરજ્જો અપાતા હવે પ્યુઅર્ટો વીલીયમ્સ વિશ્વનું સૌથી દક્ષિણતમ શહેર બનવા પામ્યુ છે.....**
  - → આ અગાઉ વિશ્વના સૌથી દક્ષિણતમ શહેરનું બહુમાન દક્ષિણ અમેરિકા ખંડના આર્જેન્ટીનાના ઉશુઆયા (Ushvaia) તે પ્રાપ્ત હતું.
  - → નાવારીનો ટાપુ ચીલીનો અગત્યનો ટાપુ છે જેના ઉપર ચીલીના બંદરો તથા લશ્કરી મથકો પણ છે. આ ટાપુને પણ ચીલી અને આર્જેન્ટીના ને જુદી પાડતી બીગલ સમુદ્રધુની (Beagle channel) જ ચીલીના મૂળ ભૂ–ભાગથી અલગ પાડે છે.
    - ⇒ ચીલી વિશ્વનો સૌથી લાંબો દેશ છે.
- **જાપાને વિશ્વની સૌથી ઝડપી બુલેટ ટ્રેન (શિન્કાનસેન) આલ્ફા–એકસનું પરીક્ષણ શરૂ કર્યું છે.**
  - → આ ટ્રેન 400 કિ.મી. પ્રતિ કલાક (249 માઈલ પ્રતિ કલાક)ની ગતિ હાંસલ કરવામાં સક્ષમ છે.
  - → આ ટ્રેન 2030માં કાર્યરત થશે ત્યારે તેની ઝડપ 360 કિ.મી. પ્રતિ કલાક હશે. આ સાથે જ આલ્ફા–એકસ ચીનની ફુશિંગ ટ્રેનથી પણ ઝડપી બની જશે.
- **હાલમાં સંયુકત રાષ્ટ્રોની સુરક્ષા પરીષદ (UNSC – United Nations Security Council) દ્વારા દક્ષિણ સુદાન પર લગાવવામાં આવેલ પ્રતિબંધો વધુ એક વર્ષ માટે વધારી દેવામાં આવ્યા. જેમાં હથિયારો અને અન્ય વ્યાપારના પ્રતિબંધો સામેલ છે....**
  - → સંયુકત રાષ્ટ્રોની 15 સભ્યોની સમીતી પૈકી 10 સભ્યો (9 કરતાં વધુ)નું સમર્થન મળતા આ પ્રતિબંધો 1 વર્ષના વધારાના સમયગાળા સાથે 31 મે 2020 સુધી લાગુ રહેશે.
  - → સંયુકત રાષ્ટ્રો દ્વારા આ પ્રતિબંધો સુદાનમાં વધી રહેલ આતંકવાદી પ્રવૃત્તિઓને રોકવા, શાંતિ સ્થાપવા, ગેર–બંધારણીય ફેરફારો થતા અટકાવવા તથા માનવાધિકારોનું રક્ષણ કરવા માટે સૌપ્રથમ વખત વર્ષ 2015માં લગાવવામાં આવ્યા.
  - → UNSC સંયુકત રાષ્ટ્રના એકટના 7મા પ્રકરણ અંતર્ગત વૈશ્વિક શાંતિ અને સલામતી માટે યોગ્ય પગલા લઈ શકે છે.
  - • **સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરીષદની Sanctions Committee વિશે :**
    - ⇒ સંયુકત રાષ્ટ્રના એકટ અંતર્ગત આર્ટીકલ 29 UNSCને જરૂરીયાતના સમયે પોતાની કાર્યક્ષમતામાં વધારો કરવા સલાહકારી સમીતી તથા કોઈ ચોક્કસ જૂથ બનાવવાની છૂટ આપે છે. જે પૈકીની આ Sanctions Committee 15 સભ્યોની બનેલ છે જેનું કાર્ય માત્ર પ્રતિબંધો લગાવવાનું છે.
- **સમ્રાટ મહા વજિસલોંગકોર્ન** તાજેતરમાં થાઈલેન્ડના નવા રાજા બન્યા છે. તેમને રામ દશમની ઉપાધિ અપાઈ છે. તેઓ ચક્રીય રાજવંશના દશમાં શાસક છે. ભારતની પરંપરાગત વૈદિક પદ્ધતિથી તેમના રાજ્યાભિષેક સમારોહનો આરંભ , મે, 2019ના રોજ થયો હતો.
  - → વર્ષ 2014મા નિધન પૂર્વે તેઓ (ભૂમિબોલ અદુલ્યદેજ) થાઈલેન્ડના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી રાજ કરનારા રાજા બન્યા હતો. તેમણે થાઈલેન્ડ પર લગભગ 70 વર્ષ સુધી રાજ કર્યુ હતું.
- **વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશન (વિશ્વ સીમા શુલ્ક સંગઠન)ના ક્ષેત્રીય પ્રમુખોની બેઠકનું આયોજન કેન્દ્રીય અપ્રત્યક્ષ કર તથા સીમા શુલ્ક બોર્ડ દ્વારા કેરળના કોચીમાં 8 થી 10 મે, 2019 દરમિયાન કરાયું હતું.**
  - → ભારત એશિયા પ્રશાંત ક્ષેત્રમાં વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશનનું ઉપાધ્યક્ષ છે. ભારતને 1 જુલાઈ, 2018 ના આ કાર્ય સોપાયું હતું. ભારત બે વર્ષ સુધી આ હોદ્દા પર રહેશે. આ બેઠકમાં વિશ્વ સીમા શુલ્ક સંગઠન દ્વારા સરહદપારના સુરક્ષિત વ્યાપારને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલા કાર્યક્રમો તથા પહેલોની સમીક્ષા કરાઈ હતી. બેઠકની અધ્યક્ષતા કેન્દ્રીય અપ્રત્યક્ષ કર તથા સીમા શુલ્ક બોર્ડના અધ્યક્ષ પ્રણબકુમાર દાસે કરી હતી.
  - • વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશન એક સ્વતંત્ર આંતરસરકારી સંગઠન છે. તેનો ઉદ્દેશ સીમા શુલ્ક (કસ્ટમ્સ ડયુટી) સંબંધી કાર્યોમાં કુશળતા લાવવાનો છે. આ સંગઠનની સ્થાપના 1952માં કસ્ટમ્સ કો–ઓપરેશન કાઉન્સિલ તરીકે કરાઈ હતી. વર્લ્ડ કસ્ટમ્સ ઓર્ગેનાઈઝેશનનું વડુમથક બેલ્જિયમના બ્રસેલ્સમાં આવેલું છે.
- **2018-19માં ભારતનો સૌથી મોટો ક્રૂડ ઓઈલ સપ્લાયર દેશ ઈરાક રહ્યો છે.**
  - → ઈરાકે વર્ષ 2018-19માં ભારતને કાચા તેલ (ક્રૂડ ઓઈલ)ની નિકાસ કરી હતી. ગત વર્ષના મુકાબલે તેમાં 2% વધારો હતો.
  - → સાઉદી અરેબિયા ભારતનો બીજા ક્રમનો સૌથી મોટો ક્રૂડ ઓઈલ પુરવઠાકાર દેશ છે. ભારતને ક્રૂડ ઓઈલની નિકાસના મામલે ઈરાનનો ક્રમ ત્રીજો જયારે UAEનો ચોથો છે.

Banking Academy

## અર્થતંત્ર

❖ **દક્ષિણ ભારતનું રાજ્ય કેરળ મસાલા બોન્ડ બજારમાં પ્રવેશ કરનારું ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.**

→ કેરળ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ બોર્ડે 2,150 કરોડ રૂપિયાના મસાલા બોન્ડ જારી કર્યા છે. મસાલા બોન્ડના રેટિંગ માટે કેરળ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ દ્વારા સ્ટાન્ડર્ડસ એન્ડ પુઅર્સ અને ફિચ રેટિંગ્સની નિમણૂક કરવામાં આવી છે. કેરળના મસાલા બોન્ડને લંડન સ્ટોક એકસચેન્જમાં લિસ્ટેડ કરાયા છે.

- **મસાલા બોન્ડ એટલે ? .....**

→ મસાલા બોન્ડ ભારતીય રૂપિયામાં જારી કરવામાં આવે છે. મસાલા બોન્ડ થકી ભારતીય સંસ્થાઓ વિદેશી બજારમાંથી વિદેશી ચલણને બદલે ભારતીય રૂપિયામાં મૂડી રોકાણ મેળવી શકે છે. મસાલા બોન્ડ એક પ્રકારના ઋણ પત્રો છે જેના વડે કોર્પોરેટ વિદેશી રોકાણકારો પાસેથી સ્થાનિક ચલણમાં નાણાં એકત્રિત કરી શકે છે. રૂપિયામાં બોન્ડ જારી કરવાથી ચલણના મૂલ્યમાં આવનાર ઉતારચઢાવ કે વધઘટની અસર મસાલા બોન્ડ જારી કરનાર કે તેમાં રોકાણ કરનારને થશે નહિ. જારીકર્તા મસાલા બોન્ડ દ્વારા પોતાના ભંડોળના સ્રોતનું વિવિધકરણ પણ કરી શકે છે. આનાથી રૂપિયાનું આંતરરાષ્ટ્રીયકરણ પણ થશે અને ભારતીય બોન્ડ બજારનું વિસ્તરણ પણ થશે. લાંબાગાળે આના કારણે રૂપિયાના મૂલ્યમાં જે વધઘટ થાય તેમાં ઘટાડો પણ થઈ શકે છે.

❖ **તાજેતરમાં ઈન્ટરનેશનલ મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD) સંસ્થાએ વિશ્વ પ્રતિસ્પર્ધા રેન્કિંગ્સ 2019 જારી કર્યુ હતું. જેમાં ભારતનો ક્રમ 43 મો છે.**

→ 2018 માં ભારતનો ક્રમ 44 મો હતો. આ વર્ષના રેન્કિંગ્સમાં સિંગાપુર પ્રથમ સ્થાને છે.

❖ **એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) એ તેની 52મી વાર્ષિક બેઠક દરમિયાન એશિયા–પ્રશાંત ક્ષેત્ર માટે 5 અબજડોલરનો હેલ્થી ઓશન્સ અને સસ્ટેનેબલ બ્લૂ ઈકોનોમીઝ એકશન પ્લાન લોન્ચ કર્યા છે.**

→ આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ ટકાઉ વિકાસ ધ્યેય (SDG) 14 : લાઈફ બિલો વોટર સહિતના SDGs ને હાંસલ કરવાનો છે.

→ ફિજીમાં ABDના બોર્ડ ઓફ ગવર્નર્સની 52 મી વાર્ષિક બેઠક ખાતે ઉકત એકશન પ્લાન લોન્ચ કરાયો હતો. વિશ્વની 10 મોટી નદીઓમાંથી આઠ નદીઓ એવી છે જે 88% થી 95% પ્લાસ્ટિક વૈશ્વિક સમુદ્રોમાં વહાવે છે. આ 10 માંથી 8 નદીઓ એશિયા અને પ્રશાંત ક્ષેત્રમાં છે.

❖ **RBIએ 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ ઈન ઈન્ડિયા : વિઝન 2019-2021' નામનો વિઝન ડોકયુમેન્ટ બહાર પાડયો.**

→ આ વિઝન ડોકયુમેન્ટનો ઉદ્દેશ સુરક્ષિત, સુવિધાજનક તથા સચોટ ઈ–ચૂકવણી પ્રણાલી પ્રદાન કરવાનો છે.

→ RBIએ ડિસેમ્બર 2021 સુધી ડિજિટલ ચૂકવણીની સંખ્યાને 8,707 કરોડ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

→ 2019 થી 2021 વચ્ચે NEFT, UPI તથા IMPS જેવી ડિજિટલ ચૂકવણી પ્રણાલીઓમાં 100% થી વધુ વાર્ષિક વધારાની સંભાવના છે.

→ આ વિઝન ડોકયુમેન્ટનો હેતુ ડિજિટલ તથા કેશલેસ સોસાયટી (સમાજ) સુનિશ્ચિત કરવાનો છે.

→ આ વિઝન દસ્તાવેજમાં ગ્રાહક જાગૃતિ વધારવાની વાત પણ સામેલ કરાઈ છે. તેના માટે 24 x 7 હેલ્પલાઈન ચાલુ કરાશે.

→ વિઝન ડોકયુમેન્ટ 2019-2021ની થીમ : 'ઉત્કૃષ્ટ ચૂકવણી અનુભવને સશકત બનાવવો' તેવી છે.

❖ **દેશના સૌથી ધનવાન વ્યક્તિ મુકેશ અંબાણીના નેતૃત્વ હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. (RIL) આવકની દૃષ્ટિએ દેશની સૌથી મોટી કંપની બની ગઈ છે અને તેણે સરકારી માલિકીની કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)ને પાછળ છોડી દીધી છે.**

→ આ સિદ્ધિ સાથે જ RIL હવે આવક, નફા અને માર્કેટ કેપ એમ ત્રણેય માપદંડો મુજબ ભારતની નંબર–1 કંપની બની ગઈ છે.

❖ **ભારતને નાણાકીય વર્ષ 2020 માટે ગ્લોબલ ફેસિલિટી ફોર ડિઝાસ્ટર રિડકશન એન્ડ રિકવરી (GFDRR)ના સલાહકાર જૂથનું સહ–અધ્યક્ષ ચૂંટી કાઢવામાં આવ્યું છે.**

→ આ મહત્વનો નિર્ણય સ્વિત્ઝરલેન્ડના નિવામાં આપદા જોખમ ઘટાડા અંગેના વૈશ્વિક પ્લેટફોર્મના છઠ્ઠા સત્ર દરમિયાન લેવાયો હતો.

→ GFDRR એક વૈશ્વિક ભાગીદારી છે. તેનો ઉદ્દેશ વિકાસશીલ દેશોને જળવાયુ પરિવર્તન તથા પ્રાકૃતિક જોખમો અંગે જાગૃત કરવાનો તથા તેનાથી થનારા નુકસાનને ઓછું કરવા પ્રયત્નશીલ બનવાનો છે.

→ GFDRRમાં ગ્રાન્ટ ફન્ડિંગ મિકેનિઝમ સામેલ છે. તેનું વ્યવસ્થાપન વર્લ્ડ બેંક દ્વારા કરવામાં આવે છે. આ ગ્રાન્ટ ફન્ડિંગ દ્વારા વિશ્વભરમાં આપદા જોખમ પ્રબંધન પ્રકલ્પોને સહાયતા પ્રદાન કરવામાં આવે છે.

❖ **અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી ટ્રેડવોરમાં બન્ને દેશો વારાફરતી આકરા નિર્ણયો લઈ રહ્યા છે.**

→ જેમાં ચીને સંકેત આપ્યા છે કે તે અમેરિકામાં થતી રેર અર્થ મિનરલની નિકાસ મર્યાદિત કરી શકે છે. રેર અર્થ મિનરલમાં 16 એવા તત્વો સામેલ છે જેનો ઉપયોગ ઈલેકટ્રોનિકસ, ઓઈલ રિફાઈનરી, રિન્યૂએબલ એન ટકનોલો, ગ્લોબ ઈન્ડસ્ટ્રી વગેરેમાં થાય છે. રેર અર્થ મિનરલ વિશ્વના અમુક ભાગોમાં જ પ્રાપ્ય છે. રેર અર્થ મિનરલના કુલ વૈશ્વિક ઉત્પાદનમાં 70%નું યોગદાન એકલા ચીનનું છે. ચીન બાદ મ્યાનમાર, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, અમેરિકા જેવા દેશોમાં 30% રેર અર્થ મિનરલનું ખનન થાય છે. અમેરિકા તેની જરૂરિયાતનું 80% રેર અર્થ મિનરલ આયાત કરે છે.

❖ **ઈન્ડિયન સ્ટાફિંગ ફેડરેશન (ISF)ના ટેક એમ્પ્લોયમેન્ટ પ્રોજેકશન્સ અનુસાર, આગામી 5 વર્ષોમાં ભારતમાં ટેકનોલો ક્ષેત્રમાં 30 લાખ નોકરીઓનું સર્જન થશે.**

→ આના કારણે ભારતમાં ટેકનોલો ક્ષેત્રમાં કર્મચારીઓની સંખ્યા 70 લાખને પાર થઈ જશે.

→ તેમાં મુખ્ય ક્ષેત્રો મશીન લર્નિંગ (ML), આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ડેટા સાયન્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT), એનાલિટિકસ, બિગ ડેટા તથા ઓગમેન્ટેડ રિયાલિટી (AR) વગેરે છે.

→ ISF અમેરિકામાં સ્થિત એક વૈશ્વિક બહુરાષ્ટ્રીય સંગઠન છે. તે 'ફલેકસી' વર્કિંગ ઈન્ડસ્ટ્રીની સર્વોચ્ચ સંસ્થા છે. તે ભારતીય મૂળના લોકો માટે નોકરી પ્રાપ્તિ માટે સંગઠનાત્મક સંઘ તરીકે કાર્ય કરે છે.

Banking Academy


Celebrating Outstanding Result...
40 થી વધુ વિદ્યાર્થીઓની 2016/17 માં
રેવન્યુ તલાટી / તલાટી કમ મંત્રી માં પસંદગી
Gujarat's Top Banking & Govt. Job Institute
Revenue Talati
Bharat Desai
Paresh Kachariya
Dinesh Rana
Kajal Gamit
Hitendra Parmar
Ravindra Sinh
Madhuri Gohel
Jayesh Patel
Mahesh Pandav
Talati cum Mantri
Ankita Visana
Ashmita Gamit
Ankita Patel
Rajesh Ahir
Vipul Ghoghari
Fenil Modi
Darshna Patel
And Many More.....
નવા વર્ગો
આજે જ જોડાઓ
2019માં જાહેર થનાર Class-III ની
16000 થી વધુ ભરતી માટે
તૈયારી માટેના નવા વર્ગો દર સોમવારથી શરૂ
(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
Visit us : www.bankingacademy.co.in
: Class Time :
8 to 10
10 to 12
6 to 8
SURAT - HO 7046633255
VARACHHA 7046416555
AHMEDABAD 7046055566
VYARA 9099864658
NAVSARI 7046641555
BHARUCH 7096237555
VALSAD 8140137555
VAPI 7575003664

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

❖ **અમેરિકી કંપની માસ્ટરકાર્ડએ આગામી 5 વર્ષમાં ભારતમાં 1 અબજ ડોલર (લગભગ 7,000 કરોડ રૂપિયા)નું મૂડી રોકાણ કરવાની ઘોષણા કરી છે.**

→ આ 1 અબજ ડોલરમાંથી 35 કરોડ ડોલરનો ખર્ચ ભારતમાં ચૂકવણી પ્રક્રિયા કેન્દ્રની સ્થાપનામાં કરાશે. વાસ્તવમાં, ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશ અનુસાર, તમામ ચૂકવણી ડેટાને ભારતમાં જ સંગ્રહ કરવો ફરજિયાત છે. આ ચૂકવણી પ્રક્રિયા કેન્દ્ર માસ્ટરકાર્ડનું અમેરિકા બહાર પ્રથમ ચૂકવણી પ્રક્રિયા કેન્દ્ર હશે. મહારાષ્ટ્રના પૂણેમાં આ કેન્દ્ર સ્થપાશે.

→ માસ્ટરકાર્ડ એક અમેરિકી બહુરાષ્ટ્રીય નાણાકીય સેવા કંપની છે. તેનું મુખ્યાલય અમેરિકાના ન્યૂયોર્કમાં છે. તેના અધ્યક્ષ અને CEO ભારતીય મૂળના અજયપાલસિંઘ બંગા છે. માસ્ટરકાર્ડની સ્થાપના 1966માં કરાઈ હતી. માસ્ટરકાર્ડના ઉત્પાદનોમાં ડેબિટ તથા ક્રેડિટ કાર્ડ પ્રમુખ છે. તેની મુખ્ય બ્રાન્ડ્સ સિરસ, મેસ્ટ્રો, મોન્ડેક્સ તથા માસ્ટરપાસ વગેરે છે.

❖ **બેંકોના રૂ.50,000 કરોડથી વધુનું દેવું ધરાવનાર અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કમ્યુનિકેશન્સ (આરકોમ) હવે સત્તાવાર રીતે બેંકરપ્ટ (નાદાર) જાહેર થઈ છે.**

→ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)એ કંપનીનું બોર્ડ સુપરસીડ કરી દીધા બાદ આ સ્થિતિ સર્જાઈ છે.

❖ **તાજેતરમાં સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE)એ જારી કરેલા નવા આંકડા અનુસાર એપ્રિલ 2019માં ભારતમાં બેરોજગારીનો દર વધીને 7.6% સુધી પહોંચી ગયો છે. જે ઓક્ટોબર 2016 બાદ સૌથી વધુ અને 45 વર્ષમાં સૌથી વધુ છે.**

→ વોશિંગ્ટન સ્થિત આંતરરાષ્ટ્રીય સંસ્થા પ્યુ રિસર્ચ સેન્ટરના અહેવાલ મુજબ પણ ભારતમાં યુવાનો બેકાર બની રહ્યા છે અને મોંઘવારી વધી રહી છે.

❖ **મેક્સ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિ.એ જાહેર કર્યું છે કે તે દર મહિનાની છઠ્ઠી તારીખને પ્રોટેકશન ડે તરીકે ઉજવશે.**

→ આ પહેલનો મુખ્ય હેતુ નાણાકીય સંરક્ષણ અંગે જાગૃતિ જગાવવાનો છે. આ નિર્ણય કંપનીએ મેક્સ લાઈફ ઈન્ડિયા પ્રોટેકશન ક્વોશન્ટ સર્વે હાથ ધર્યાને પગલે લેવાયો હતો.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની નવી કેન્દ્ર સરકાર બજારમાં રોકડના અભાવને દૂર કરવા માટે એલિફન્ટ બોન્ડ લાવે તેવી સંભાવના છે.**

→ આ બોન્ડથી કાળા નાણાંને સફેદ કરી શકાશે. જો કે કાળાં નાણાંની અડધી રકમ સરકારના ખાતાંમાં જતી રહેશે. જો કોઈ વ્યક્તિ એલિફન્ટ બોન્ડ હેઠળ એક કરોડનું કાળું નાણું સફેદ કરવા ઈચ્છે તો તેને 50 લાખ રૂપિયા જ મળશે. જે પછી સફેદ નાણાં ગણાશે. બાકીના 50 લાખ રૂપિયા સરકારી ખાતાંમાં જશે.

→ વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયે આપેલી માહિતી પ્રમાણે બજારમાં હજુ પણ ભારે માત્રામાં બ્લેક મની છે અને તેની તપાસ કરવી મુશ્કેલ છે. સરકાર તરફથી રચાયેલી એક ઉચ્ચસ્તરીય સમિતિએ એલિફન્ટ બોન્ડ લાવવાની ભલામણ કરી છે.

❖ **તાજેતરમાં એશિયાનું સૌથી જૂનું સ્ટોક એકસચેન્જ (BSE) ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ફોર બિઝનેસ કન્ટિન્યુટી મેનેજમેન્ટ સિસ્ટમ સર્ટિફિકેટ (ISO 2230 : 2012) પ્રાપ્ત કરનારું દેશનું પ્રથમ એકસચેન્જ બન્યું છે.**

→ ઈન્ટરનેશનલ એક્રિડિટેડ રજિસ્ટ્રાર અને કલાસિફિકેશન સોસાયટી DNV GL દ્વારા આ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું. DNV GLના કન્ટ્રી હેડ પ્રકાશ ટિકારેએ BSEના MD અને CEOને આ સર્ટિફિકેટ એનાયત કર્યું હતું. DNV GL નું હેડ કવાર્ટર નોર્વેના હોવિક ખાતે આવેલું છે.

→ બોમ્બે સ્ટોક એકસચેન્જ (BSE) એશિયાનું સૌથી જૂનું સ્ટોક એકસચેન્જ છે. તેની સ્થાપના 1875માં કરાઈ હતી. તેનું કાર્યાલય મુંબઈની દલાલ સ્ટ્રીટમાં છે. બ્રિટિશ સરકારે 1927માં BSEને કામચલાઉ સ્વીકૃતિ આપી હતી. ભારત સરકારે 31 ઓગસ્ટ, 1957ના BSEને કાયમી સ્વીકૃતિ આપી હતી.

→ વર્તમાનમાં માર્કેટ કેપિટલાઈઝેશન અનુસાર BSE વિશ્વનું 10મું સૌથી મોટું સ્ટોક એકસચેન્જ છે. BSEમાં 5,000 થી વધુ કંપનીઓ લિસ્ટેડ છે.

❖ **નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ (NABARD)એ 13 મે, 2019ના કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રની સ્ટાર્ટઅપ કંપનીઓમાં ઈકિવટી મૂડીરોકાણ માટે 700 કરોડ રૂપિયાના ઉદ્યમ મૂડી ભંડોળની ઘોષણા કરી છે.**

→ નાબાર્ડ અત્યારસુધી બીજા ભંડોળમાં યોગદાન કરતું હતું. નાબાર્ડે પોતાનું ભંડોળ બનાવ્યું હોય તેવું આ સૌપ્રથમવાર બન્યું છે. આ ભંડોળ નાબાર્ડની આનુષંગિક કંપની નેબવેન્ચર્સે પેશ કર્યું છે. આ ભંડોળનું નામ નેબવેન્ચર્સ ફંડ–1 છે. નાબાર્ડ દ્વારા તેના માટે 500 કરોડ રૂપિયાની મૂડીનો પ્રસ્તાવ રજૂ કરાયો છે. સાથે જ ઓવર સબ્સક્રિપ્શન માટે 200 કરોડ રૂપિયાની વધારાની મૂડીનો વિકલ્પ છે.

→ શિવરામન સમિતિની ભલામણોના આધારે નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ એકટ, 1981ને લાગુ કરીને સંસદે 21 જુલાઈ, 1982ના નાબાર્ડની સ્થાપના કરી. તે મહારાષ્ટ્રના મુંબઈમાં આવેલી છે.

❖ **નવી દિલ્હીના ઈન્ડિયન હેબિટેટ સેન્ટરમાં 7મી આર્થિક વસતી ગણતરી માટે ટ્રેઈનર્સને તાલીમ આપવા માટે કાર્યશાળાનું આયોજન કરાયું હતું.**

→ તેનું નામ 'નેશનલ ટ્રેઈનિંગ વર્કશોપ ઓફ માસ્ટર ટ્રેઈનર્સ' રાખવામાં આવ્યું હતું. આ કાર્યશાળાનું આયોજન કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા કરાયું હતું. આ કાર્યશાળાનો ઉદ્દેશ સાતમી આર્થિક વસતી ગણતરી માટે માસ્ટર્સ ટ્રેઈનર્સને તાલીમ આપવાનો હતો. આ માટે કેન્દ્રીય આંકડા તથા કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે કોમન સર્વિસ સેન્ટર, CSC ઈ–ગવર્નન્સ સર્વિસીઝ ઈન્ડિયા લિ. (CSC SPV) સાથે સમજૂતી કરી હતી.

→ આ વસતી ગણતરી અંતર્ગત દેશમાં મોજૂદ બધા જ એકમોને સામેલ કરવામાં આવે છે. દેશમાં પહેલીવાર આર્થિક વસતી ગણતરી 1977માં કરાઈ હતી. તેનો ઉદ્દેશ વિવિધ આર્થિક પહેલુઓ અંગે માહિતી મેળવવાનો છે. આર્થિક જનગણના હેઠળ દેશમાં રહેલા તમામ આર્થિક એકમો, તેમના નાણાં સ્ત્રોતો તથા કર્મચારીઓની સંખ્યા વગેરે અંગેની માહિતી એકત્ર કરાશે.

❖ **દેશમાં ડિજિટલ ચૂકવણીને પ્રોત્સાહન આપવા માટે RBI દ્વારા નિયુકત સમિતિએ તેનો અહેવાલ RBI ના ગવર્નર શકિતકાન્ત દાસને સોંપી દીધો છે.**

→ RBI એ યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UDAI)ના પૂર્વ વડા નંદન નિલેકણીની અધ્યક્ષતામાં ડિજિટલ ચૂકવણીને પ્રોત્સાહન આપવા 5 સભ્યોની સમિતિની રચના કરી હતી. આ સમિતિને ડિજિટલ સમાવેશને ઉત્તેજન આપવા માટે સલાહ–સૂચનો આપવાનું કાર્ય સોંપાયું હતું.

❖ **ભારતીય રિઝર્વ બેંક દ્વારા રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (RTGS)નો સમય 4:30 થી વધારી સાંજના 6 વાગ્યા સુધીનો કરી દેવાયો છે.**

→ જે 1 જૂનથી અમલમાં આવશે. RTGSનો ઉપયોગ મુખ્યત્વે મોટી રકમ એટલે કે રૂ. 2 લાખથી વધુ રકમ ટ્રાન્સફર કરવા માટે થતો હોય છે.

→ RTGSની જેમ રૂ.2 લાખથી ઓછી રકમ ટ્રાન્સફર કરવા NEFT (નેશનલ ઈલેકટ્રોનિક ફંડ ટ્રાન્સફર) અને IMPS (ઈમિડિયેટ પેમેન્ટ સર્વિસ)નો પણ ઉપયોગ થતો હોય છે.

Banking Academy

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલો

❖ **સ્કોર્પિયન શ્રેણીની ચોથી સબમરીન INS વેલા લોન્ચ કરાઈ.**

- **નૌકાદળની યુદ્ધ સબમરીન વેલામાં 12,000 કિ.મી. સુધીના લક્ષ્યને ભેદવાની ક્ષમતા....**

→ ભારતીય નૌકાદળે તાજેતરમાં 6 મે, 2019 ના ચોથી સ્ટીલ્થ સ્કોર્પિયન શ્રેણીની સબમરીન INS વેલાને પ્રોજેક્ટ 75 અંતર્ગત મહારાષ્ટ્રના મુંબઈમાં સરકારી માલિકીના મઝગાંવ ડોક શિપ બિલ્ડર્સ લિ. (MDL) ખાતેના કાન્હોજી આંગ્રે વેટ બેસિનમાં લોન્ચ કરી દીધી છે.

→ પ્રોજેક્ટ 75 અન્વયે 6 સ્કોર્પિયન ક્લાસ સબમરીનના નિર્માણ અને ટેકનોલોજી હસ્તાંતરણ માટે ફ્રેન્ચ સહયોગી મેસર્સ નેવલ ગ્રૂપ (અગાઉ DCNS તરીકે જાણીતા) સાથે સમજૂતી કર્યા બાદ MDL દ્વારા લોન્ચ કરાયેલી આ ચોથી સબમરીન છે. આ પૂર્વે જાન્યુઆરી 2019 માં ભારતીય નૌકાદળે INS કરંજ લોન્ચ કરી હતી. INS વેલાના આગમનથી નૌકાદળની તાકાતમાં ખૂબ વધારો થશે.

→ ઉપરોક્ત સબમરીનનું નામ વેલા તત્કાલીન USSR અર્થાત સોવિયત સંઘ પાસેથી ભારતે ખરીદેલી INS વેલા (ફોક્સટ્રોટ શ્રેણીની સબમરીનોનો બીજો જથ્થો) પરથી લેવાયું છે. તે સબમરીન 31 ઓગસ્ટ, 1973 માં પ્રથમવાર ભારતીય નૌકાદળમાં સામેલ કરાઈ હતી અને 37 વર્ષ સુધીમાં સેવામાં રહી હતી. 25 જૂન, 2010 માં તેને નિવૃત્ત કરાઈ ત્યારે તે ભારતની સૌથી જૂની સબમરીન હતી.

- **INS વેલાની ચાવીરૂપ લાક્ષણિકતાઓ...**

→ INS વેલા સમુદ્રોની સુરક્ષા માટે આધુનિક મશીનરી અને ટેકનોલોજી વડે સુસજ્જ છે પરંતુ સંરક્ષણ કાફલામાં તેને સામેલ કરાય તે પૂર્વે ભારતીય નૌકાદળ કેટલાક પરીક્ષણો હાથ ધરશે. તે ડીઝલ વીજળીથી સંચાલિત કલવરી શ્રેણીની એટેક સબમરીન છે.

➢ **અત્યાધુનિક પ્રહાર ક્ષમતા :** આ સબમરીન ટોર્પીડોસ અને ટ્યૂબ લોન્ચ જહાજ વિરોધી મિસાઈલોનો ઉપયોગ કરી સપાટી કે પાણીની અંદરથી હુમલો કરી શકે છે.

➢ **સ્ટીલ્થ :** તેમાં સર્વોપરી સ્ટીલ્થ લાક્ષણિકતા છે જે તેને અભેદ્યતા પૂરી પાડે છે અને શત્રુ માટે તેને શોધી કાઢવાનું મુશ્કેલ બનાવે છે.

→ INS વેલા સબમરીન વિરોધી તથા સપાટી વિરોધી અભિયાનો, વિસ્તારની દેખરેખ, ગુપ્ત માહિતીઓનું એકત્રીકરણ, ભૂમિ સુરંગ બિછાવવાં વગેરે જેવા કાર્યો કરી શકે છે. તે અતિ ચોકસાઈપૂર્વકના ગાઈડેડ શસ્ત્રનો ઉપયોગ કરી શત્રુને પાંગળો બનાવી દે તેવો હુમલો કરી શકે છે.

→ INS વેલાની લંબાઈ 62 મીટર, પહોળાઈ 70 મીટર, ઝડપ 37 કિ.મી. પ્રતિ કલાક, મારક ક્ષમતા 12000 કિ.મી. અને પરિવહન ક્ષમતા 2000 ટન છે.

➢ **પ્રોજેક્ટ 75 :**પ્રોજેક્ટ 75 અન્વયે, MDL ભારતીય નૌકાદળ માટે ફ્રાન્સના નેવલ ગ્રૂપ તરફથી ટેકનોલોજી હસ્તાંતરણ હેઠળ 6 સ્કોર્પિયન શ્રેણીની સબમરીનો (જે આગામી પેઢીની ડીઝલ સબમરીનો છે) તેનું નિર્માણ કરશે. 2005 માં આ માટે 3.75 અબજ ડોલરના કરાર પર હસ્તાક્ષર કરાયા હતા. બધી જ 6 સબમરીનોનો ભારતીય નૌકાદળમાં 2020 સુધીમાં સમાવેશ થઈ જાય તેવી સંભાવના છે.

➢ **MDL વિશે :** MDL છેક 1992 માં ભારતમાં સબમરીનનું નિર્માણ કરનારું પ્રથમ શિપયાર્ડ છે. તેણે INS શલ્કીનું 1992માં નિર્માણ કર્યુ હતું.

**નોંધ :** સ્કોર્પિયન શ્રેણીમાં પ્રથમ સબમરીન INS કલવરીને અગાઉથી જ નૌકાદળમાં સામેલ કરી દેવાઈ છે, જ્યારે અન્ય સબમરીન INS ખંડેરી પરીક્ષણના આગલા ચરણમાં છે. સ્કોર્પિયન શ્રેણીની ત્રીજી સમબરીન INS કરંજ પરીક્ષણના આગલા ચરણમાં છે. સ્કોર્પિયન શ્રેણીની ત્રીજી સબમરીન INS કરંજ જાન્યુઆરીના 2019ના લોન્ચ કરાઈ છે. બાકીની બે INS વાગીર અને INS વાગીર ઉત્પાદનના આગલા તબક્કાઓમાં છે અને તેને બહુ જલ્દી લોન્ચ કરવામાં આવશે.

❖ **અમેરિકાની જગપ્રસિદ્ધ અંતરિક્ષ એજન્સી નાસાને તાજેતરમાં જ અલ્ટિમા થુલેની સપાટી પર પાણીના જામેલા બરફ, મિથેનોલ અને કાર્બનિક અણુઓના એક અદ્વિતીય મિશ્રણની સાબિતી મળી છે.**

→ કાઈપર બેલ્ટ (અંતરિક્ષની સૌથી દૂરની સપાટી)માં સ્થિત ઓબ્જેક્ટ (પદાર્થ), 2014 MU 69 નામના પિંડને 'અલ્ટિમાં થૂલે' નામ આપવામાં આવ્યું છે. નાસાના ન્યૂ હોરાઈઝન્સ અંતરિક્ષયાને 2019 માં નવા વર્ષના અવસરે ઉડાન દરમિયાન આ પિંડની માહિતી એકત્ર કરી હતી.

→ ન્યૂ હોરાઈઝન્સ મિશન એક આંતરગ્રહીય મિશન છે તે નાસાના ન્યૂ ફ્રન્ટિયર્સ કાર્યક્રમનો ભાગ છે. આ કાર્યક્રમને વર્ષ 2006 માં લોન્ચ કરાયો હતો.

❖ **સંયુકત રાષ્ટ્રના સંરક્ષણમાં 12 દિવસ સુધી ચાલેલી સમજૂતી મંત્રણાઓ બાદ 180 દેશોની સરકારોએ એક નવી સંયુકત રાષ્ટ્ર સમજૂતી પર સહમતિ પ્રગટ કરી છે. આ સમજૂતીમાં પ્લાસ્ટિક કચરાની હેરફેર અને નિકાસના નિયમન માટેની વ્યવસ્થા તેઓની રાષ્ટ્રીય સરહદોમાં જ કરવામાં આવી છે.**

→ આ માટે વિશ્વના લગભગ તમામ દેશામાંથી અંદાજે 1400 પ્રતિનિધિઓ સ્વિટ્ઝરલેન્ડના જીનિવામાં એકત્રિત થયા હતા. આ દરમિયાન સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) માં 12 દિવસ સુધી વિચારવિમર્શ કરાયો હતો. અમેરિકા સિવાય આશરે 180 સરકારોએ ખતરનાક કચરાના નિયંત્રણ અંગેની બેસલ સંધિ 1989 માં સુધારા માટે સમજૂતી પર સંમતિ પ્રગટ કરી હતી. જેથી પ્લાસ્ટિક કચરાને કાનૂની બંધનકારી માળખામાં સમાવી શકાય. આ સુધારાનો ઉદ્દેશ પ્લાસ્ટિકને વિશ્વના મહાસાગરોમાં જતું અટકાવવાનો છે. આ સમજૂતી કાનૂની રીતે બંધનકર્તા છે, જેના માટે દેશોએ પ્લાસ્ટિક કચરાને મોનિટર તથા ટ્રેક કરવો પડશે.

→ 1989 માં સ્વિત્ઝરલેન્ડના બેસલમાં કોન્ફરન્સ ઓફ પ્લેનિયોટેન્શિયરીઝ (CoP) એ જોખમી કચરાની આંતરરાષ્ટ્રીય હેરફેર અને તેના નિકાલના નિયંત્રણ માટે બેસલ સંધિ અપનાવી હતી.

❖ **છેલ્લા 130 વર્ષથી કિલોગ્રામ માપવા માટે જે પદ્ધતિ અમલી બની હતી તેને નિવૃત્ત કરી દેવામાં આવી છે અને તેના સ્થાને નવી પ્લાન્ક કોન્ટસ્ટન્ટ પદ્ધતિ 20 મે, 2019 ના રોજ ઉજવાયેલા વિશ્વ તોલમાપ વિજ્ઞાન દિવસથી અપનાવવામાં આવી છે.**

→ જો કે આ તોલમાપની પદ્ધતિ બદલાઈ હોવા છતાં માર્કેટમાં તેની અસર પડવાની નથી. પેરિસમાં વૈજ્ઞાનિકોની યોજાયેલી બેઠકમાં કિલોગ્રામની પરિભાષા બદલવા અંગેનો નિર્ણય લેવાયો હતો. નવી પદ્ધતિમાં કિલોગ્રામના વજનનું માપ કરવા માટે કિબ્બલ નામનું ત્રાજવું કામ કરશે. હવે વિદ્યાર્થીઓને શાળા કોલેજોના પુસ્તકોમાં નવી વ્યાખ્યા ભણાવવામાં આવશે. નવી પરિભાષા પ્રમાણે કિબ્બલ ત્રાજવું તૈયાર કરાયું છે. કિબ્બલ કે વોટ એક એવું ઉપકરણ છે જે ચુંબકીય ઊર્જાના ઉપયોગથી ચોક્કસ ગણતરી દર્શાવે છે. આનાથી હવે, ભવિષ્યમાં કિલોગ્રામની પરિભાષા બદલવાની જરૂર નહી રહે.

- **અત્યાર સુધીની સિસ્ટમ શું હતી? ....**

→ પેરિસ પાસે વસોયની ઓર્નેટ બિલ્ડિંગની સેફમાં 90% પ્લેટિનમ અને 10% ઈરિડિયમના એક સિલિન્ડરને 1889 થી રાખવામાં આવ્યું છે. 1889 થી અત્યારસુધી એક કિલાગ્રામનું માપ આ સિલિન્ડરના આધારે કરવામાં આવતું હતું. 130 વર્ષથી આ પ્રથા અમલમાં હતી. આ સિલિન્ડરને 'લા ગ્રાન્ડ' ના નામથી પણ ઓળખવામાં આવે છે. વિશ્વભરમાં એની કોપી કરવામાં આવી છે. આ સિલિન્ડરને એટલું સલામત રાખવામાં આવે છે કે તેની 3 જુદી જુદી ચાવી છે. એને 3 અલગ અલગ દેશોમાં રાખવામાં આવી છે. ત્રણ વિભિન્ન દેશોમાં રહેતા લોકો એક સાથે ત્યાં આવે ત્યારે જ તે સેફ ખુલી શકે. તેની દેખભાળ ઈન્ટરનેશનલ બ્યૂરો ઓફ વેઈટ્સ એન્ડ મેજર્સ કરે છે.

❖ **ભારતીય વાયુસેના (IAF) ને 11 મે, 2019 ના રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસના અવસરે જ તેનું પ્રથમ AH-64E(I) અપાચે ગાર્ડિયન એટેક હેલિકોપ્ટર અમેરિકાના એરિઝોનાના મેસામાં સ્થિત બોઇંગ પ્રોડકશન ફેસિલિટી ખાતે વિધિવત સુપ્રત કરાયું છે.**

→ AH-64E અપાચે ગાર્ડિયન એટેક હેલિકોપ્ટરને દુનિયાના સૌથી આધુનિક અને ઘાતકી માનવામાં આવે છે. અમેરિકાએ અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ આતંકી ઓસામા બિન લાદેનને ખતમ કરવા માટે કર્યો હતો.

→ સપ્ટેમ્બર 2015 માં ભારત અને અમેરિકાએ માર્ચ 2020 સુધીમાં ભારતીય વાયુસેના (IAF) માં 22 અપાચે હેલિકોપ્ટર સામેલ કરવા માટે 3 અબજ ડોલર (વર્તમાન કિંમતે) ની સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા. IAF એ AH-64E(I) અપાચે ગાર્ડિયન તરીકે ઓળખાતા અપાચે હેલિકોપ્ટરની છેલ્લામાં છેલ્લી આવૃત્તિ ખરીદી છે.

→ અપાચે હેલિકોપ્ટર એક બહુવિધ ભૂમિકા ભજવી શકતું ફાઈટર હેલિકોપ્ટર છે. હુમલો કરવા સિવાય તે યુદ્ધના વિસ્તારની તસ્વીર લેવામાં પણ સક્ષમ છે.

→ તેને 'ધ ફ્લાઈંગ ટેન્ક' તરીકે ઓળખવામાં આવે છે. આ હેલિકોપ્ટર હેલફાયર લોંગબો એર–ટુ–ગ્રાઉન્ડ મિસાઈલો, સ્ટ્રિંગર એર–ટુ–એર મિસાઈલો, 30 mm ગન્સ તથા રોકેટોથી સુસજ્જ છે.

→ તેને એક સરખી કાર્યક્ષમતાથી દિવસ તથા રાત્રે ઉડાડી શકાય છે તે ભૂમિથી માત્ર અમુક મીટરની ઊંચાઈએ ઉડી શકે છે અને વૃક્ષો તથા રેતીના ઢૂવા પાછળ સંતાઈ શકે છે. તેમાં શત્રુના યુદ્ધ જહાજોને શોધી કાઢવા માટે લોંગબો રડાર સેટ કરાઈ છે.

→ AH-64E અપાચે ગાર્ડિયન એટેક હેલિકોપ્ટરની ઝડપ પ્રતિ કલાક 365 કિ.મી. છે તેનું વજન 5,165 કિલોગ્રામ છે અને તેમાં બે પાઈલટને બેસવાની જગ્યા છે તેમાં બે ટર્બાશેફ્ટ એન્જિન લાગેલા છે.

❖ **ઈસરોએ RISAT-2B નું સફળ પ્રક્ષેપણ કર્યુ....**

→ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) એ 22 મે, 2019 ના PSLV-C46 ની મદદથી રડાર ઈમેજિંગ સેટેલાઈટ RISAT2-B ને આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીષ ધવન અંતરિક્ષ કેન્દ્ર પરથી સફળતાપૂર્વક તરતો મૂકયો છે. RISAT-2B આ શ્રેણીનો ચોથો ઉપગ્રહ છે. આ ઉપગ્રહ દિવસ, રાત, ગાઢ વાદળો અને વરસાદમાં પણ દેખરેખ કે જાસૂસી કરવા સક્ષમ છે. PSLV રોકેટનું 48 મું અભિયાન હતું. PSLV-46 રોકેટ ઉડાન ભર્યાની માત્ર 15 મિનિટ બાદ RISAT-2B ને જમીનથી 555 કિ.મી. ઉપર સ્થાપીત કરાયો છે. RISAT-2 ના લગભગ સાત વર્ષ બાદ RISAT-2B ને પ્રક્ષેપિત કરાયો છે.

→ 615 કિલોગ્રામ વજનનો ઉપગ્રહ RISAT-2B વાદળ અને વરસાદ, દિવસ કે રાતે પણ પૃથ્વીની હાઈ રેઝોલ્યુશન તસ્વીરો ખેંચી શકે છે. ભારતની સુરક્ષાની દૃષ્ટિએ આ ઉપગ્રહ ખૂબ જ ઉપયોગી છે. તેના દ્વારા પાકિસ્તાનમાં આતંકી સંગઠનોના કેમ્પો પર પણ ચાંપતી નજર રાખી શકાશે. સરહદે ઘુસણખોરી પર નજર રાખવા માટે RISAT-2B ભારતીય સૈન્ય માટે ખુબ ઉપયોગી પુરવાર થશે.

→ RISAT-2B થી ગુપ્તચર નિરીક્ષણ, કૃષિ, વન અને આપદા પ્રબંધનમાં પણ મદદ મળશે. RISAT-2B એટલો શક્તિશાળી ઉપગ્રહ છે કે તે જમીનથી 3 ફૂટની ઊંચાઈ સુધીની સુરેખ અને સ્પષ્ટ તસ્વીર લઈ શકે છે. આ ઉપગ્રહ દેખરેખ માટે સિન્થેટિક અપર્ચર રડાર (SAR) નો ઉપયોગ કરે છે.

→ ઉપગ્રહનું બીજું મહત્વનું પાસું તેનું 3.6 મીટરનું રેડિયલ રિબ એન્ટેના (DTH ની ડિશ જેવું દેખાતું) છે. ઉપગ્રહના કમ્યુનિકેશન માટે એન્ટેના અનિવાર્ય છે. તેમાં ભારતે આ આધુનિક કહી શકાય તેવું એન્ટેના વિકસાવ્યું છે.

❖ **સમગ્ર દેશમાં હવે એક જ સમય હશે. નેશનલ ફિઝિકસ લેબ (NPL) હવે રેલવેથી લઈને બેકિંગ ક્ષેત્ર સુધી તમામને એક સમય ઉપલબ્ધ કરાવશે.**

→ NPLના વડા ડો.દિનેશકુમાર અસવાલે કહ્યું હતું કે સરકારે દેશમાં દરેક હેતુ માટે ઉપયોગમાં લેવાનારા સમયને NPLની ઘડિયાળ પ્રમાણે કરવાની યોજના બનાવી છે. NPLનો સમય આંતરરાષ્ટ્રીય સમયની તુલનામાં 2.7 નેનો સેકન્ડ સુધી સચોટ છે. અત્યારે દેશનો સમય આકાશવાણી અને દૂરદર્શનની મદદથી લોકો સુધી પહોંચે છે.

❖ **ભારતની પ્રથમ એન્જિનલેસ ટ્રેન 'વંદે ભારત એકસપ્રેસ' એ એક લાખ કિલોમીટરનો પ્રવાસ પૂર્ણ કરી લીધો છે.**

→ અગાઉ ટ્રેન 18 નામે ઓળખાતી વંદે ભારત એકસપ્રેસ ભારતની પ્રથમ એન્જિન વગરની ટ્રેન છે. તેનું નિર્માણ ચેન્નાઈની ઈન્ટેગ્રલ કોચ ફેકટરીમાં કરાયું છે. આ ટ્રેન 30 વર્ષથી સેવામાં રહેલી પ્રીમિયર ટ્રેન શતાબ્દી એકસપ્રેસના સ્થાને દોડશે. 'વંદે ભારત એકસપ્રેસ' ના 80% ભાગોનું ઉત્પાદન ભારતમાં જ કરાયુ છે. આ ટ્રેન 160 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે. 2019–2020 સુધીમાં આ પ્રકારની અન્ય 5 ટ્રેનો બનાવવામાં આવશે.

❖ **કેન્દ્ર સરકાર MCA 21 પોર્ટલને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સાથે જોડવાની તૈયારી કરી રહી છે. સરકાર આમ કરીને નિયમોનું પાલન વધુ સરળ બનાવવા તથા નિયમોના સામાન્ય અમલીકરણને સ્વયંસંચાલિત ધોરણે લાગુ કરવા માંગે છે.**

→ MCA 21 એક ઈલેક્ટ્રોનિક માધ્યમ છે. કંપનીઓ અંગે બધી જ માહિતીઓ આ પોર્ટલના માધ્યમથી સરકાર સમક્ષ રજૂ કરવામાં આવે છે. તેની મારફત નિયામકો, કંપનીઓ અને રોકાણકારો સહિત બધા જ પક્ષકારો સુધી માહિતીનો પ્રસાર થાય છે. તેનો એકમાત્ર ઉદ્દેશ હિતધારકોની ડેટાબેઝ સુધીની પહોંચ સુવિધાજનક બનાવવાનો છે.

❖ **ઓસ્ટ્રેલિયાના વન્યજીવ અધિકારીઓને ત્રણ આંખ ધરાવતો સાપ મળી આવ્યો હતો.**

→ પાર્ક રેન્જર્સે આ સાપનું નામ મોન્ટી પાયથન રાખ્યું હતું અને તે મળી આવ્યા બાદ એકાદ સપ્તાહમાં જ મૃત્યો પામ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, કાર્પેટ પાયથન પ્રજાતિનો આ સાપ આશરે 3 મહિનાનો હતો અને તેની લંબાઈ 40 સે.મી. હતી. કાર્પેટ પાયથન પ્રજાતિના સાપ ઝેરી નથી હોતા. તેની ત્રણેય આંખ સારી રીતે કામ આપતી હતી.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

❖ **સંયુકત રાષ્ટ્રે 6 મે, 2019 ના જારી કરેલા એક આકલન અહેવાલમાં જણાવ્યું છે કે માનવી એ જ પ્રાકૃતિક વિશ્વનો ઝડપથી નાશ કરી રહ્યો છે જેના પર તેની સમૃદ્ધિ અને તેનું અસ્તિત્વ ટકેલું છે.**

→ સમરી ફોર પોલિસી મેકર નામના અહેવાલને 450 વિશેષજ્ઞોએ ઘનિષ્ઠ અભ્યાસ બાદ તૈયાર કર્યો છે અને વિશ્વના 132 દેશોની ફ્રાન્સના પાટનગર પેરિસમાં આયોજિત એક બેઠકમાં તેને માન્યતા અપાઈ હતી. બેઠકની અધ્યક્ષતા કરનારા રોબર્ટ વોટસને કહ્યું હતું કે જંગલો, મહાસાગરો, જમીન તથા વાયુના દાયકાઓથી થઈ રહેલા બેફામ દોહન અને તેને ઝેરી બનાવી દેવાના કારણે આવેલા પરિવર્તનોએ વિશ્વને જોખમના જ્વાળામુખી પર મૂકી દીધું છે.

→ જૈવ વિવિધતા અને પારિસ્થિતિકી સેવાઓના આંતરસરકારી વિજ્ઞાન નીતિ મંચ (ધ ઈન્ટરગવર્નમેન્ટલ સાયન્સ–પોલિસી પ્લેટફોર્મ ઓન બાયોફાયવર્સિટી એન્ડ ઈકોસિસ્ટમ સર્વિસીઝ=IPBES) એ તેનો વૈશ્વિક મૂલ્યાંકન અહેવાલ જારી કરી દીધો છે. જેમાં પૃથ્વી ગ્રહની જૈવવિવિધતા પર ઊભા થયેલા ખતરા વિશે ચેતવણી અપાઈ છે.

→ વિશેષજ્ઞો અનુસાર, પશુ પંખી અને વનસ્પતિની 10 લાખ પ્રજાતિઓ વિલુપ્ત થવાના આરે પહોંચી ગઈ છે.

→ આ પ્રજાતિઓ જે રીતે લુપ્ત થઈ રહી છે એ જોતા એવા સંદેહ છે કે 6,60 કરોડ વર્ષ પૂર્વે મહાકાય ડાયનોસોરના વિલુપ્ત થયા બાદથી પૃથ્વી પર પહેલીવાર આટલી મોટી સંખ્યામાં પ્રજાતિઓના લુપ્ત પ્રાયઃ થવાનું જોખમ છે.

❖ **કેન્દ્રીય પર્યાવરણ, વન થા જળવાયુ પરિવર્તન મંત્રાલયે તાજેતરમાં દેશના જંગલોમાં વિચરણ કરતાં ગેંડાઓના DNA ડેટાબેઝ તૈયાર કરવાનો નિર્ણય લીધો છે.**

→ આ પ્રોજેકટ સંભવતઃ 2019 ના અંત સુધીમાં શરૂ કરી દેવાશે અને 2021 સુધીમાં પૂરો થઈ જશે.

→ આ પ્રોજેકટના સમાપન બાદ ભારતીય ગેંડા દેશમાં DNA પ્રોફાઈલ ધરાવતા પ્રથમ વન્ય પ્રાણી બની જશે. એકત્રિત કરાયેલા DNA ડેટાને દેહરાદૂનમાં ભારતીય વન્યજીવ સંસ્થાનના વડામથકમાં રખાશે. આ પ્રોજેકટ 'ગેંડા સંરક્ષણ કાર્યક્રમ' નો ભાગ હશે. અત્યારસુધીમાં કાઝિરંગા નેશનલ પાર્કની બહાર નિવાસ કરનારા ગેંડાઓના 60 સેમ્પલ એકત્રિત કરાઈ ચૂકયા છે. ભારતના લગભગ 2,600 ગેંડા છે. તેની 90% વસ્તી માત્ર આસામના કાઝિરંગા નેશનલ પાર્કમાં છે. 1980 ના દશકથી ભારત સરકાર ગેંડાઓની આ વસ્તીને અન્ય સ્થળોએ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે. આ પગલું આ પ્રજાતિના સંરક્ષણ માટે આવશ્યક છે. આ ગેંડાની વસ્તીને આસામના માનસ નેશનલ પાર્ક તથા પોબિતારા વન્યજીવ અભ્યારણ્યમાં વસાવાઈ રહી છે.

❖ **સંયુકત રાષ્ટ્રના એક અહેવાલ અનુસાર, જળવાયુ પરિવર્તન તથા સમુદ્રની વધતી જળ સપાટીના કારણે સુંદરવનનો નાશ થઈ શકે છે. સુંદરવનમાં રોયલ બેંગોલ ટાઈગર મોટી સંખ્યામાં વસે છે.**

→ આથી, આ વાઘ પણ જળવાયુ પરિવર્તનનો સામનો કરી શકશે નહીં અને લુપ્તપ્રાયઃ થઈ જશે. આ ગંભીર પ્રકારનો અભ્યાસ જળવાયુ અંગેની આંતરસરકારી પેનલના કાર્ય પર આધારિત છે.

→ સંયુકત રાષ્ટ્રના આ અહેવાલ અનુસાર, જો ગ્રીનહાઉસ ગેસોનું ઉત્સર્જન વર્તમાન દરે વધતું રહેશે તો 2040 સુધીમાં વાયુમુડળના તાપમાનમાં 1.5 ડિગ્રી સેલ્સિયસની વૃદ્ધિ થઈ શકે છે. આ જળવાયુ પરિવર્તનથી મહાસાગરોના પાણીની સપાટી પણ વધી જશે અને સુંદરવનનું અસ્તિત્વ જોખમાઈ જશે.

→ 2010 માં વર્લ્ડવાઈડ ફંડ ફોર નેચરે અનુમાન વ્યકત કરતાં જણાવ્યું હતું કે મહાસાગરોના જળ સ્તરમાં 11 ઈંચના વધારાનો કારણે સુંદરવનના 96% વાઘ અમુક દશકોમાં જ સમાપ્ત થઈ જશે.

→ 2070 સુધીમાં બાંગ્લાદેશમાં આવતા સુંદરવન ક્ષેત્રમાં વાઘ માટે કોઈપણ ઉચિત આવાસ સ્થળ બચશે નહીં.

→ 70% સુંદરવન સમુદ્ર સપાટીથી અમુક ફૂટ જ ઉપર છે. આથી, જળવાયુ પરિવર્તનથી તેના અસ્તિત્વને ખતરો ઉત્પન્ન થઈ જશે.

→ સુંદરવન બેંગોલ ટાઈગરનું મુખ્ય પ્રાકૃતિક આવાસ છે.

→ સુંદરવન ભારત તથા બાંગ્લાદેશના તટીય ક્ષેત્રમાં વિશાળ અને સંગઠિત મેન્ગ્રોવ વન પારિસ્થિતિકી તંત્ર છે, જે ભારત અને બાંગ્લાદેશમાં વિસ્તરેલું છે. સુંદરવન લગભગ 10,000 ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે. જે પૈકીનો 60% વિસ્તાર બાંગ્લાદેશમાં અને બાકીનો 40% ભારતમાં છે. સુંદરવન પદ્મા, મેઘના અને બ્રહ્મપુત્ર નદી ખીણના ડેલ્ટા ક્ષેત્રમાં સ્થિત છે.

❖ **વૈશ્વિક થિંક ટેન્ક સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) એ તાજેતરમાં નવો ડેટા જારી કર્યો છે. જે મુજબ વર્ષ 2018 માં વૈશ્વિક સૈન્ય ખર્ચમાં 2.6% નો વધારો થયો છે.**

→ નવી આંકડાકીય માહિતી અનુસાર, વર્ષ 2018 માં અમેરિકાનો સૈન્ય ખર્ચ સર્વાધિક હતો. અમેરિકા પછીના ક્રમે લશ્કરી ખર્ચ સાથે ચીન હતું. ભારતે 2018 માં તેના લશ્કરી ખર્ચમાં 3.1% નો વધારો કર્યો હતો અને ભારતનો ક્રમાંક ચોથો છે, જ્યારે પાકિસ્તાને તેના સેન્ય ખર્ચમાં 11% નો વધારો કર્યો હતો.

- SIPRI ની સ્થાપના 1966 માં કરાઈ હતી. તે એક સ્વીડિશ થિંક ટેન્ક (વૈચારિક સંસ્થા) છે. SIPRI સંઘર્ષ, શસ્ત્ર નિયંત્રણ તથા નિઃશસ્ત્રીકરણ વગેરે વિષયોમાં સંશોધન માટે સમર્પિત છે.

❖ **સંરક્ષણ મંત્રાલય અંતર્ગતના એક સંગઠન ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ હાઈ–સ્પીડ એક્સપેન્ડલ એરિયલ ટાર્ગેટ (HEAT) 'અભ્યાસ' નું સફળ ઉડ્યન પરીક્ષણ ઓડિશાના ચાંદીપુરમાં બાસાલાસોર ખાતેની ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) માંથી કર્યુ હતું.**

→ 'અભ્યાસ'ને એક ઓટો પાઈલટની મદદથી સ્વતંત્ર ઉડ્યન માટે ડિઝાઈન કરાયું છે. અભ્યાસ એક બેહતરીન વિમાન છે જે નવીન ટેકનોલોજીનું ઉદાહરણ છે.

→ 'અભ્યાસ' એક નાનકડા ગેસ ટર્બાઈન એન્જિન પર કામ કરે છે અને તે તેના નેવિગેશન અર્થાત દિશાનિર્દેશ માટે સ્વદેશમાં વિકસિત માઈક્રો–ઈલેક્ટ્રો–મિકેનિકલ સિસ્ટમ (MEMS) નો ઉપયોગ કરે છે.

→ 'અભ્યાસ' ને ઉડાન ભરવા માટે કોઈ બાહ્ય ચીજની મદદની જરૂર પડતી નથી. આ પ્રણાલીને સિમ્યુલેશન અનુસાર પ્રદર્શિત કરાઈ છે.

→ 'અભ્યાસ' નો ઉપયોગ અલગ અલગ પ્રકારની મિસાઈલો અને વિમાનોની જાણકારી મેળવવા માટે કરી શકાય છે. 'અભ્યાસ' ને એ પ્રકારે ડિઝાઈન કરાયું છે કે તે ઓટોપાઈલટની મદદથી પોતાના લક્ષ્યાંકને આસાનીથી નિશાન બનાવી શકે છે.

❖ **ભારતીય નૌકાદળના જહાજો INS કોલકાત્તા અને INS શક્તિએ 3 થી 9 મે, 2019 દરમિયાન દક્ષિણ ચીન સાગરમાં જાપાન, ફિલિપાઈન્સ અને અમેરિકાના નૌકાદળ જહાજો સાથે સમૂહ યાત્રા (ગ્રુપ સેઈલ)માં ભાગ લીધો હતો.**

→ ગ્રુપ સેઈલનો ઉદ્દેશનો સહયોગી દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાનો તથા પારસ્પરિક સમજણને બેહતર બનાવવાનો હતો.

For Free Weekly and Monthly Current Affairs & Material Join Our **Telegram** Channel
**For Mock Test &Books Materials**: https://www.bankingacademy.co.in/books-materials **Follow us:** Facebook , Twitter , Instagram

❖ **ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના જહાજ ICGS વિગ્રહને તાજેતરમાં આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ્ ખાતે સેવા નિવૃત્ત કરાયું છે.**

→ ICGS વિગ્રહ એક અગ્રહરોળનું ઓફશોર પેટ્રોલ વેસેલ (OPV) હતું. તેને 12 એપ્રિલ, 1990ના સેવામાં સામેલ કરાયું હતું. 1990 થી 2019 સુધીના 29 વર્ષોમાં ICGS વિગ્રહએ ભારતના પૂર્વ કાંઠાનું રક્ષણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ICGS વિગ્રહ મુંબઈની કંપની મઝગાંવ ડોક લિ. દ્વારા નિર્મિત 7 મું OPV હતું. તેને 12 એપ્રિલ, 1990 ના સેવામાં સામેલ કરાયું હતું. 1990 થી 2019 સુધીના 29 વર્ષોમાં ICGS વિગ્રહ મુંબઈની કંપની મઝગાંવ ડોક લિ. દ્વારા નિર્મિત 7મું OPV હતું.

❖ **કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે રશિયા પાસેથી 10 કામોવ–31 હેલિકોકપ્ટર ખરીદવાના પ્રસ્તાવને મંજુરી આપી છે.**

→ આ મહત્વનો નિર્ણય સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં સંરક્ષણ અધિગ્રહણ પરિષદ (DDAC–ડિફેન્સ એક્વિઝશન કાઉન્સિલ)ની બેઠકમાં લેવાયો હતો. ભારતીય નૌકાદળ પાસે અગાઉથી જ 12 કામોવ–31 હેલિકોપ્ટર છે. સબમરીન વિરોધી ઓપરેશન માટે નૌકાદળ પાસે કામોવ–28 હેલિકોપ્ટર છે.

❖ **ભારતીય નૌકાદળના પ્રમુખ મિસાઈલ ડિસ્ટ્રોયર (મિસાઈલ વિધ્વંસક) INS રણજિતને 36 વર્ષોની સેવા બાદ 6 મે, 2019નાં વિશાખાપટ્ટનમ્ નૌકાદળ ડોક યાર્ડમાં ડિમિશનિંગ સમારોહ યોજીને સેવા મુકત કરી દેવાયું છે.**

→ INS રણજિતને 15 સપ્ટેમ્બર, 1983 ના સેવામાં સામેલ કરાયું હતું.

→ INS રણજિત સોવિયત સંઘ દ્વારા નિર્મિત કાશિન શ્રેણીનું વિધ્વંસક જહાજ છે. ભારતીય નેવીમાં તે રાજપૂત કલાસ ડિસ્ટ્રોયર તરીકે ઓળખાય છે. ભારતીય નેવી પાસે રહેતા 5 રાજપૂત કલાસ શ્રેણીમાંથી સેવા નિવૃત્ત થનારુ INS રણજીત પ્રથમ ભારતીય જહાજ છે. આ જહાજનું નિર્માણ 29 જૂન, 1977 માં યુક્રેનના નિકોલેવનગરમાં સીરિયલ નંબર યાર્ડ 2203 અંતર્ગત 61 કમ્યુનર્ડ શિપયાર્ડમાં કરાયું હતું.

→ રાજપૂત શ્રેણી ડિસ્ટ્રોયર સોવિયત કાશિન શ્રેણી ડિસ્ટ્રોયરનું પરિવર્તિત સ્વરૂપ છે. તેમાં INS રાજપૂત, INS રણજિત, INS રણવીર તથા INS રણવિજય સામેલ છે. રાજપૂત શ્રેણી મિસાઈલ વિધ્વંસકમાં સૌપ્રથમ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ ફિટ કરાઈ હતી.

❖ **ભારતીય નૌકાદળે 17 મે, 2019 ના મધ્યમ અંતરની જમીનથી હવામાં પ્રહાર કરનારી મિસાઈલ (મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ–MRSAM) નું સફળ પરીક્ષણ કર્યુ હતું.**

→ આ પરીક્ષણ ભારતીય નૌકાદળ, DRDO તથા ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંયુકત રીતે કરાયું હતું. DRDO એ આ મિસાઈલનો વિકાસ સંયુકત રીતે ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ સાથે મળીને કર્યો છે. MSRAM ને ભારત ડાયનામિકસ લિ. એ બનાવી છે. આ મિસાઈલને કલકત્તા શ્રેણીના ડિસ્ટ્રોયરમાં ફિટ કરાય તેવી શકયતા છે.

→ ભારતીય નૌકાદળના જહાજ 'કોચ્ચિ' અને 'ચેન્નાઈ' એ પશ્ચિમી સમુદ્ર તટ પર આ સફળ પરીક્ષણ કર્યુ હતું. પરીક્ષણમાં માલૂમ પડયું હતું કે આ મિસાઈલ યુદ્ધ વિમાનને પણ નષ્ટ કરી શકે છે તથા સચોટ પ્રહાર કરવામાં સક્ષમ છે. વર્તમાનમાં આવી મિસાઈલોની સુવિધા કેવળ ચીન, રશિયા, અમેરિકા, બ્રિટન અને ફ્રાન્સ પાસે છે.

→ 70કિ.મી. સુધી નિશાન સાધી શકતી આ મિસાઈલ વડે હવાઈ, સમુદ્રી તથા ભૂમિગત જોખમોને સરળતાથી નાથી શકાય છે. MRSAMમાં ડિજિટલ રડાર, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ, લોન્ચર તથા ઈન્ટરસેપ્ટર્સ હોય છે.

❖ **ભારત અને સિંગાપુરવચ્ચેના નૌકાદળ અભ્યાસ SIMBEX-19(સિંગાપુર ઈન્ડિયા મેરીટાઈમ બાયલેટરલ એકસરસાઈઝ)નું આયોજન દક્ષિણ ચીન સાગરમાં 16 મે, 2019થી કરાયું હતું.**

→ આ મહત્વના નૌકાદળ અભ્યાસમાં એડવાન્સ્ડ હવાઈ ટ્રેકિંગ તથા વેપન ફાયરિંગ વગેરેનો ઘનિષ્ઠ અભ્યાસ હાથ ધરાયો હતો.

→ ભારત વતી આ અભ્યાસમાં INS કોલકાત્તા તથા INS શક્તિ, લાંબી રેન્જ ધરાવતા સમુદ્રી પેટ્રોલિંગ વિમાન P8I એ ભાગ લીધો હતો.

→ SIMBEX અભ્યાસનો આરંભ 1993 માં કરાયો હતો. ત્યારથી તે એક વાર્ષિક ઈવેન્ટ બની ગઈ છે. હવે SIMBEX એક મહત્વપૂર્ણ નૌકાદળ અભ્યાસ છે. આ અભ્યાસમાં આકાશ તથા જમીન પરથી થનારાં હુમલાઓ અભ્યાસ કરવામાં આવે છે.

❖ **અહેવાલો અનુસાર ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ (UK) વચ્ચે અત્યાધુનિક વિમાનવાહક જહાજ (કોપીકેટ સુપર કેરિયર) ના નિર્માણ માટેની મંત્રણા ચાલુ છે.**

→ આ ભાવિ વિમાનવાહક જહાજ બ્રિટનના 65,000 ટન વજનના HMS કવીન એલિઝાબેથની રેપ્લિકા (પ્રતિલિપિ) હશે. બન્ને દેશો વચ્ચેની આ વાટાઘાટો 'મેક ઈન ઈન્ડિયા' પહેલનો ભાગ છે. આ વિમાનવાહક જહાજનું નામ INS વિક્રાંત(IAC-1) બાદ ભારતમાં બનનારું બીજું વિમાનવાહક જહાજ હશે. સાથે જ, ભારતમાં નિર્માણ પામનારૂં પ્રથમ સુપર કેરિયર હશે તે 2022 સુધીમાં તૈયાર થઈ જશે.

❖ **ભારતીય વાયુસેનાએ 22 મે, 2019 ના Su-30 MKI યુદ્ધ વિમાનમાંથી સુપરસોનિક બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલની હવામાંથી જમીન પર પ્રહાર કરી શકતી આવૃત્તિનું સફળતાપૂર્વક પ્રાયોગિક પરીક્ષણ કર્યુ હતું.**

→ જે એકદમ સફળ રહ્યું હતું અને મિસાઈલે સચોટતાથી તેનું નિશાન ભેદી નાંખ્યું હતું.

→ આ કાર્ય ભારતીય વાયુસેનાના એન્જિનીયર, હિન્દુસ્તાન એરોનોટિકસ લિ. DRDO તથા બ્રહ્મોસ એરોસ્પેસ પ્રા.લિ. એ સંયુકત રીતે કર્યુ હતું.

→ ભારતીય વાયુસેના વિશ્વની પહેલી વાયુસેના બની ગઈ છે, જે આ શ્રેણીના જમીન પર હુમલા કરનારી સમુદ્ર પર લક્ષિત 2.8 મેક મિસાઈલને 2 નવેમ્બર, 2017 ના સફળતાપૂર્વક છોડી ચૂકી છે. આ પ્રકારના શસ્ત્રનું આ બીજીવાર પ્રક્ષેપણ કરાયું છે.

❖ **2019 ઈન્ડો–મ્યાનમાર કોઓર્ડિનેટેડ પેટ્રોલ (IMCOR) નું આયોજન 20 થી 28 મે, 2019 સુધી આંદામાન અને નિકોબારની રાજધાની પોર્ટબ્લેરમાં કરાયું હતું.**

→ ભારત અને મ્યાનાર વચ્ચે કોઓર્ડિનેટેડ પેટ્રોલ (CORPAT)ની આ આઠમી આવૃત્તિ હતી. આ સંયુકત નૌકાદળ કવાયતનો ઉદ્દેશ આતંકવાદ, માનવ તસ્કરી, ગેરકાયદે શિકાર, માદક પદાર્થોની હેરાફેરી તથા અન્ય ગેરકાયદે પ્રવૃત્તિઓ પર રોક લગાવવાનો હતો. આ CORPORAT શ્રેણીનો આરંભ માં 2013 માં થયો હતો. આના લીધે સમુદ્રી ઈન્ટરઓપરેબિલિટીના ક્ષેત્રમાં બન્ને નૌકાદળો વચ્ચે પારસ્પરિક સમજણમાં વધારો થયો છે.

- **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ 24 મે, 2019 ના રાજસ્થાનના પોખરણમાં એક સુખોઈ યુદ્ધ વિમાનમાંથી 500 કિલોગ્રામ શ્રેણીના ઈનર્શિયલ ગાઈડેડ બોમ્બ છોડવાનું સફરળ પરીક્ષણ કર્યુ હતું.**
  - → આ બોમ્બ સ્વદેશમાં જે વિકસિત કરાયો છે. બોમ્બ એ ઉચ્ચ સચોટતા સાથે 30 કિમી. ની દૂરી પર રહેલા તેનો લક્ષ્યાંકાને નિશાન બનાવ્યો હતો. વાસ્તવમાં, ગાઈડેડ બોમ્બને લક્ષ્યાંક પૂર્વે ખૂબ વહેલો દાગવામાં આવે છે. યુદ્ધ વિમાનમાંથી દાગ્યા બાદ તે તેના લક્ષ્યાંકને શોધતાં શોધતા હવામાં તેની તરફ આગળ વધે છે.
  - → IGB એક પ્રકારનો સ્માર્ટ બોમ્બ હોય છે. જે ફક્ત તેના લક્ષ્યાંકને જ સચોટતાથી ભેદવા માટે ઉપયોગમાં લેવાય છે. આ પ્રકારના બોમ્બથી આજુબાજુના વિસ્તારને નુકશાન થતું નથી. તે કેવળ તેના લક્ષ્યને જ નિશાન બનાવે છે. આવા સ્માર્ટ બોમ્બનો ઉપયોગ નાગરિક ક્ષેત્રમાં ઈંધણ ભરવા માટેની ટાંકીઓ અથવા રાસાયણિક હથિયારોના ભંડારનો નાશ કરવા માટે કરી શકાય છે.
- **આસિયાન સંરક્ષણ મંત્રી બેઠક (આસિયાન ડિફેન્સ મિનિસ્ટર્સ મીટિંગ–ADMM)-PLUS સમુદ્રી સુરક્ષા ક્ષેત્ર પ્રશિક્ષણ અભ્યાસનું સમાપન–13 મે, 2019 ના સિંગાપુરના RSS સિંગાપુરા (ચાંગી નેવલ બેઝ) માં થયું હતું.**
  - → આ અભ્યાસનો આરંભ દક્ષિણ કોરિયાના બુસાનમાં 30 એપ્રિલ, 2019ના થયો હતો. જ્યારે તેનું સમાપન સિંગાપુરમાં થયું હતું. આ અભ્યાસનું આયોજન બે ચરણોમાં કરાયું હતું. તેમાં કુલ 18 દેશોએ ભાગ લીધો હતો. જેમાં 10 આસિયાન દેશો તથા 8 અન્ય દેશોમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, દક્ષિણ કોરિયા, જાપાન, રશિયા, ચીન તથા ભારતનો સમાવેશ થતો હતો. આ ADMM-PLUS અંતર્ગત આયોજિત ચોથો સમુદ્રી સુરક્ષા ક્ષેત્ર પ્રશિક્ષણ અભ્યાસ હતો. તેમાં 10 વિમાનો, 19 જહાજો તથા 700 સૈન્ય કર્મીઓએ ભાગ લીધો હતો.
- **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ 28 મે, 2019 ના એ વાતનો સ્વીકાર કર્યો હતો કે ઓફિસમાં કામના દબાણને કારણે લાગતા થાકને પણ બીમારી ગણવામાં આવે. તેને 'બર્ન આઉટ' એવું નામ પણ અપાયું છે.**
  - → WHO એ તેને બીમારીની યાદીમાં પણ સામેલ કરી છે. હવે આ બીમારીની દાકતરી તપાસ પણ થઈ શકશે. WHO ના જણાવ્યા અનુસાર, 'બર્ન આઉટ' એક એવું સિન્ડ્રોમ છે કે જે ઓફિસમાં થનારા ગંભીર તપાવ એટલે કે કામના વધુ પડતા બોજને કારણે ઊભું થાય છે.
  - → વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ તાજેતરમાં અલ્જીરીયા અને આર્જેન્ટીનાને મલેરિયાથી મુકત ઘોષિત કર્યા છે.
- **પાકિસ્તાને તાજેતરમાં શાહીન–2 નામની મિસાઈલનું પરીક્ષણ કર્યુ હતું.**
  - → આ મિસાઈલની મારક ક્ષમતા 1,500 કિલોમીટર છે. આ મિસાઈલના દાયરામાં ભારતનાં મોટાભાગના શહેરે આવી ગયા છે. પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આરિફ અલ્વી તથા વડાપ્રધાન ઈમરાનખાને વૈજ્ઞાનિકોને આ પરીક્ષણ બદલ શુભેચ્છા આપી હતી.
- **ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ.વેન્કૈયા નાયડુએ 20 મે, 2019ના ઓંગોલ ઓલાદની ગાયોનું સંરક્ષણ કરવાનું આહ્વાન કર્યું છે.**
  - → તેમણે જણાવ્યું હતું કે આ ઓલાદ સમગ્ર દુનિયામાં લોકપ્રિય થઈ રહી છે અને આપણે તેને બચાવવાની જરૂર છે.
  - → ઓંગોલ ઓલાદની ગાયો આંધ્ર પ્રદેશના ઓંગોલ ક્ષેત્રમાં ઉત્પન્ન થવાના કારણે તેને ઓંગોલ નામ અપાયું છે. ઓંગોલ ગાય ઉચિત માત્રામાં અર્થાત પ્રતિદિન 3 થી 8 લીટર સુધી દૂધ આપે છે. ઓંગોલ ઓલાદના પ્રાણીઓની મોટાપાયે અમેરિકા અને બ્રાઝિલમાં નિકાસ કરવામાં આવે છે. ભારતમાં ગાયોની 37 ઓલાદો મળી આવ છે જેમાં સાહીવાલ, ગીર, લાલ સિંધી, થરપારકર અને રાઠી સર્વાધિક દૂધ આપનારી ઓલાદ છે.
- **વિશ્વની સૌથી લોકપ્રિય મેસેજિંગ એપ પૈકીની એક વ્હોટ્સએપએ તાજેતરમાં ટાર્ગેટેડ સ્પાઈવેર એટેકના અહેવાલની પુષ્ટિ કરી હતી.**
  - → વ્હોટ્સએપની સુરક્ષા વ્યવસ્થામાં એક ખામી હતી, જેનો લાભ લઈ હેકરોએ યુઝરના ફોનમાં હાનિકારક સોફટવેર નાખ્યો હતો. તેનાથી એન્ડ્રોઈડ તથા iOS બન્ને મોબાઈલ ઉપકરણો પ્રભાવિત થયા હતા. વ્હોટ્સએપએ તેના માત્ર 10 દિવસની અંદર જ આ સમસ્યાનું સમાધાન કરીને અપડેટ રજૂ કર્યુ હતું.
  - → વ્હોટ્સએપને એક સુરક્ષિત સંચાર એપ માનવામાં આવે છે, કેમ કે તે એન્ડ–ટુ–એન્ડ એન્ક્રિપ્શન ટેકનિકનો ઉપયોગ કરે છે. આ ટેકનિક દ્વારા મોકલવામાં આવનારા સંદેશને માત્ર મોકલનાર તથા સંદેશ પ્રાપ્ત કરનાર વ્યક્તિના મોબાઈલમાં જ વાંચી શકાય છે. પરંતુ સ્પાઈવેરની આ ઘટના બાદ હેકર પણ સંદેશા વાંચી શકતો હતો. એવું માનવામાં આવે છે કે આ હેકિંગ ટૂલનો ઉપયોગ ઈઝરાયેલ સ્થિત એક કંપની NSO ગ્રૂપે કર્યો છે.
- **તમિલનાડુના કોઈમ્બતુરના મિકેનિકલ એન્જિનિયર એસ.કુમારસ્વામીએ ડિસ્ટિલ્ડ વોટરથી ચાલતું એન્જિન બનાવ્યું છે.**
  - → તે એક અલગ જ પ્રકારનું એન્જિન છે, જે પર્યાવરણને પણ સાનુકૂળ છે. તે એટલા માટે કે એ ઓકસીજન છોડે છે અને બળતણ તરીકે હાઈડ્રોજનનો ઉપયોગ કરે છે. એસ.કુમારસ્વામીએ જણાવ્યું હતું કે આ એન્જિન વિકસાવવામાં તેમને 10 વર્ષ લાગ્યા છે. આ પ્રકારનું એન્જિન સમસ્ત જગતમાં પ્રથમ છે.
- **અમેરિકાના ઊર્જા વિભાગની લોરેન્સ બર્કલે નેશનલ લેબોરેટરીએ તાજેતરમાં નવી પેઢીના પુર્ણ રીતે રિસાઈકલેબલ પ્લાસ્ટિક PDK (પોલી ડી–કેટોઈનેમાઈન)ની શોધ કરી છે.**
  - → આ પ્લાસ્ટિકને કોઈપણ રંગ, આકાર તથા સ્વરૂપના નવા પદાર્થમાં પૂર્ણ રીતે રિસાઈકલ કરી શકાય છે. રિસાઈકલ કરવાથી પ્લાસ્ટિકની ગુણવત્તામાં કોઈપણ પ્રકારની ઉણપ સર્જાશે નહીં.
- **23 મે, 2019ના ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિ. (NSIL)નું ઉદ્‌ઘાટન બેંગલુરુમાં કરાયું હતું.**
  - → NSIL ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ની વ્યાપારી શાખા છે. NSIL અંતરિક્ષ ટેકનોલો␣ના ક્ષેત્રમાં ખાનગી ઉદ્યમને પ્રોત્સાહન આપશે. આ કંપની ટેકનોલો␣ હસ્તાંતરણ તંત્ર દ્વારા સ્મોલ સેટેલાઈટ લોન્ચ વેહિકલ (SSLV) તથા PSLVના વિકાસ તથા ઉત્પાદનનું કાર્ય કરશે. તે વૈશ્વિક વાણિજિયક SSLV માર્કેટની માંગ પૂરી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.
- **ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલો␣, બોમ્બે (IIT બોમ્બે)ના એન્જિનિયરોએ સંપૂર્ણ સ્વદેશી માઈક્રોપ્રોસેસર 'અજિત' વિકસાવ્યું છે.**
  - → આ સફળતાથી આયાતો પરની દેશની નિર્ભરતા ઘટી જશે. ભારતમાં જેનો વિચાર રજૂ કરાયો હોય, જેની ડિઝાઈન તૈયાર કરાઈ હોય, જેનો વિકાસ અને ઉત્પાદન સુદ્ધાં કરાયું હોય તેવું 'અજિત' સૌપ્રથમ માઈક્રોપ્રોસેસર છે. પ્રોજેકટને નાણાંભંડોળ ઈલેકટ્રોનિકસ અને માહિતી ટેકનોલો␣ (Meity) મંત્રાલય અને IIT બોમ્બે તથા મુંબઈ સ્થિત એક કંપની પવઈ લેબ્સએ પૂરું પાડયું છે.
  - → ભારતમાં વપરાતા મોટાભાઈના ઈલેકટ્રોનિક આયાત કરવામાં આવે છે અને માત્ર 25% ઉપકરણોનું જ ઉત્પાદન દેશમાં થાય છે. માઈક્રોપ્રોસેસર એ એક ઈલેકટ્રોનિક ઉપકરણનું મગજ છે. અજિત એ મધ્યમ કદનું પ્રોસેસર છે. તેની અપેક્ષિત કિંમત બજારમાં રૂ.100 હશે. તેનો ઉપયોગ મોબાઈલ ફોન્સમાં થઈ શકશે.

For Free Weekly and Monthly Current Affairs & Material Join Our Telegram Channel
**For Mock Test &Books Materials**: https://www.bankingacademy.co.in/books-materials **Follow us:** Facebook , Twitter , Instagram

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

❖ **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ 27 મે, 2019ના ભૂમિથી હવામાં મારક ક્ષમતાવાળી સંરક્ષણ મિસાઈલ પ્રણાલી આકાશ–1 એસનું સફળ પરીક્ષણ કર્યું છે.**

→ આકાશ–1 એસ સ્વદેશી સીકરથી સુસજ્જ મિસાઈલ સંરક્ષણ પ્રણાલી છે. ઓડિશાના બાલાસોરથી તેનું પરીક્ષણ કરાયું હતું. આકાશ મિસાઈલ ટૂંકા અંતરની ભૂમિથી આકાશમાં પ્રહાર કરી શકતી સ્વદેશી મિસાઈલ છે. જે હવામાં 18,000 મીટર ઊંચે જઈ શકે છે. તે યુદ્ધ વિમાન, ક્રૂઝ મિસાઈલ તથા બેલેસ્ટિક મિસાઈલને પણ તોડી પાડવા સક્ષમ છે.

❖ **ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા ઈસરોના અધ્યક્ષ ડો.કે.સિવને તાજેતરમાં આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટામાં સતીષ ધવન સ્પેસ સેન્ટર (SDSC) ખાતે ઈસરોના યુવા વૈજ્ઞાનિક કાર્યક્રમ 'યુવિકા 2019'નું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ યુવિકા (અથવા YUva VIgyani KAryakram) 2019 એ બે સપ્તાહ (14 દિવસ)નો ઉનાળુ વકેશન રહેણાકી તાલીમ કાર્યક્રમ છે, જેનું આયોજન ઈસરો દ્વારા 13 થી 26 મે, 2019 સુધી કરાયું હતું. કેન્દ્ર સરકારના 'જય વિજ્ઞાન, જય અનુસંધાન' વિચારની તર્જ પર યુવિકા 2019નું આયોજન પ્રથમ વખત કરાયું છે.

→ **ઉદ્દેશ :** અંતરિક્ષ વિજ્ઞાન, અંતરિક્ષ ટેકનોલો અને પાયાના જ્ઞાન વડે અંતરિક્ષના વિવિધ ઉપયોગોના ઉભરતા ક્ષેત્રોમાં શાળાના યુવા વિદ્યાર્થીઓને રસ લેતા કરવાનો. તેનો વધુ એક ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સ્વભાવ જગાવવાનો પણ હતો.

→ **ભાગીદારો :** ભારતના 29 રાજયો અને 7 સંઘશાસિત પ્રદેશો પૈકી પ્રત્યેકમાંથી 3 વિદ્યાર્થીઓ (આશરે 108 વિદ્યાર્થીઓ)એ યુવિકા 2019માં ભાગ લીધો હતો અને તેમને ઈસરોના વૈજ્ઞાનિકોએ તાલીમ આપી હતી.

→ **પસંદગી પ્રક્રિયા :** 8મા ધોરણમાં (CBSE, ICSE અને રાજયનો અભ્યાસક્રમ આવરી લેતા) વિદ્યાર્થીઓના પ્રદર્શન (શૈક્ષણિક તથા ઈત્તર પ્રવૃત્તિઓ એમ બન્નેમાં)ના આધારે આ કાર્યક્રમ માટે તેમની પસંદગી કરાઈ હતી.

❖ **અમેરિકાની અવકાશ સંસ્થા નાશા (નેશનલ એરોનોટિકસ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન)એ આગાહી કરી છે કે 99942 Apophis નામનો લઘુગ્રહ આગામી 10 વર્ષમાં પૃથ્વી તરફ આગળ વધશે.**

→ જો કે, તેમાં ચિંતા કરવાની કોઈ જરૂર નથી કેમ કે લઘુગ્રહ પૃથ્વીની સપાટીથી આશરે 31,000 કિ.મી. દૂરથી પસાર થશે.

→ લઘુગ્રહ 99942 Apophisને 2004માં અમેરિકી ખગોળશાસ્ત્રીઓએ શોધી કાઢયો હતો. તેનું નામ ઈજિપ્તના વિનાશ દેવતાના નામ પરથી રખાયું છે. લઘુગ્રહનો વ્યાસ 370 મીટર છે.

❖ **વિશ્વના સૌથી શ્રીમંત મહાનુભાવ અને એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની કંપની બ્લૂ ઓરિજિન સ્પેસ પ્રોગ્રામ અંતર્ગત ચંદ્ર પર અંતરિક્ષયાન મોકલશે.**

→ બેઝોસે 'બ્લૂ મૂન' નામના આ મહત્વાકાંક્ષી પ્રોજેકટની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે અંતરિક્ષયાન તેની સાથે વૈજ્ઞાનિક ઉપકરણો, ઉપગ્રહ અને રોવર લઈ જવા સક્ષમ હશે.

❖ **છેલ્લા એક સૈકાથી ઈજિપ્તના રણમાંથી પીળા રંગના પોખરાજ જેવા મળી આવતા પથ્થરના ટુકડાનું રહસ્ય આખરે ઓસ્ટ્રેલિયાની કર્ટન યુનિવર્સિટીના સંશોધકોએ ઉકેલી નાખ્યું છે.**

→ તેમના સંશોધન અનુસાર આ પથ્થરો લઘુગ્રહની ટક્કરથી સર્જાયેલા ટુકડા છે. બધા જ ટુકડા લગભગ 2.9 કરોડ વર્ષ પુરાણા છે. ઈજિપ્તના પશ્ચિમ ભાગમાં આવેલા આ રણમાંથી આ પથ્થરો નિયમિતપણે મળતા રહે છે. જેને ઈજિપ્શિયન ગ્લાસ તરીકે જયારે લિબિયામાં લિબિયન ડેઝર્ટ ગ્લાસ તરીકે ઓળખવામાં આવે છે.

❖ **તાજેતરમાં વૈજ્ઞાનિકોએ પહેલીવાર લક્ષદ્વીપના મૂળ નિવાસીઓનો આનુવંશિક (નેટિક) અભ્યાસ કર્યો છે.**

→ આ અભ્યાસ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR)ના સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેકયુલર બાયોલોના વૈજ્ઞાનિકોની એક ટીમે કર્યો હતો.

→ નવીન અભ્યાસથી માલૂમ પડયું છે કે લક્ષદ્વીપના લોકોમાં દક્ષિણ એશિયન લોકો જેવા જેનેટિક (આનુવંશિક) ગુણ છે. તેમાં વત્તોઓછો પ્રભાવ પૂર્વ તથા પશ્ચિમ યુરેશિયાનો પણ છે.

→ આ અભ્યાસ અનુસાર, લક્ષદ્વીપના લોકોના ઘનિષ્ઠ આનુવંશિક સંબંધો માલદીવ, શ્રીલંકા તથા ભારતના લોકો સાથે છે.

→ પહેલાં (1956-1973) તેને લક્ષ્યદ્વીપ, મિનિકોય તથા અમિન્દિવી ટાપુ જૂથ કહેવામાં આવતું હતું. આ ભારતનો કેન્દ્રશાસિત (યુનિયન ટેરિટરી) પ્રદેશ છે. તે 36 ટાપુઓનો સમૂહ છે. તેનું પાટનગર કવરત્તી છે.

→ **નાઈન ડિગ્રી ચેનલ :** મિનિકોયને શેષ લક્ષદ્વીપથી અલગ કરે છે.

→ **આઠ ડિગ્રી ચેનલ :** આ લક્ષદ્વીપને માલદીવથી અલગ કરે છે.

❖ **તાજેતરમાં જ દીક્ષણ કોરિયાની પ્રસિદ્ધ ઈલેકટ્રોનિકસ કંપની સેમસંગે વિશ્વનું સૌથી અધિક રેઝોલ્યુશન ધરાવતું ઈમેજ સેન્સર લોન્ચ કર્યું છે.**

→ આ ઈમેજ સેન્સરમાં 64 મેગાપિકસેલ છે. આ સેન્સરનો ઉપયોગ સ્માર્ટફોનમાં કરી શકાશે. સ્માર્ટફોન્સ સિવાય તેનો ઉપયોગ મોટરકારોમાં પાર્કિંગ આસિસ્ટન્ટ સિસ્ટમ તથા સેલ્ફ ડ્રાઈવિંગ કારોમાં પણ કરી શકાશે.

❖ **નેશનલ એરોનોટિકસ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા) દ્વારા તાજેતરમાં કરાયેલા એક અભ્યાસ અનુસાર, ચંદ્રનો આકાર 150 ફૂટ સંકોચાઈ ગયો છે.**

→ નાસાના લ્યૂનર રિકનાઈસન્સ ઓર્બિટર (LRO) દ્વારા લેવાયેલી 12,000 થી વધુ તસવીરોના વિશ્લેષણ પરથી આ માહિતી સામે આવી છે.

→ નાસા દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં એવું જોવામાં આવ્યું છે કે ચંદ્રમાના ઉત્તરીય ધ્રુવ પાસે ચંદ્ર બેસિન 'મારે ફિગોરિસ'માં તિરાડો પેદા થઈ રહી છે અને તે તેના સ્થાનેથી સરકી પણ રહી છે.

→ પૃથ્વીની વિપરીત ચંદ્રમા પર કોઈ ટેકટોનિક પ્લેટ્સ નથી તથા ચંદ્રમાના 'મારે ફિગોરિસ'ને ભૂવૈજ્ઞાનિક દૃષ્ટિએ મૃત સ્થળ માનવામાં આવે છે. તેમ છતાં ચંદ્ર પર ટેકટોનિક પ્રવૃત્તિઓ થઈ રહી છે.

For Free Weekly and Monthly Current Affairs & Material Join Our **Telegram** Channel
**For Mock Test &Books Materials**: https://www.bankingacademy.co.in/books-materials **Follow us:** Facebook , Twitter , Instagram

- **અમેરિકન અંતરિક્ષ એજન્સી નાસા 2024 સુધીમાં ચંદ્રની ધરતી પર એક પુરુષ અને એક મહિલાને મોકલવાની તૈયારી કરી રહ્યું છે.**
  - → આ મિશન માટે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રૂ.11,000 કરોડનું ભંડોળ પણ મંજૂર કર્યુ છે. મહિલાને ચંદ્ર પર મોકલવાની મહત્વાકાંક્ષી યોજનાને એર્ટમિસ નામ અપાયું છે. નાસાના સંચાલક જિમ બ્રેડેસ્ટાઈને કહ્યું હતું કે, એપોલો મિશનના 50 વર્ષ પછી એવું પહેલીવાર થશે, જયારે પુરુષ પછી પહેલીવાર મહિલા ચંદ્ર પર પગ મૂકશે.
  - → ARTEMISનું આખું નામ : 'એકસલરેશન, રિકનેકશન, ટર્બ્યુલન્સ એન્ડ ઈલેકટ્રોડાયનામિકસ ઓફ ધ મૂન્સ ઈન્ટરએકશન વિથ ધ સન' છે.
- **LRO નામનું એક રોબોટિક અંતરિક્ષયાન છે જે વર્તમાનમાં સિંગલ પોલાર મેપિંગ ઓર્બિટમાં ચંદ્રમાની પરિક્રમા કરી રહ્યું છે.**
  - → LRO દ્વારા એકત્રિત માહિતીઓ ચંદ્ર પર માનવના ભવિષ્યને નિર્ધારિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. LRO દ્વારા કરાઈ રહેલા મેપિંગથી ચંદ્રની સપાટી પર ઉતરનારા અંતરિક્ષયાનોને પણ સહાય મળશે.
- **ઈસરોએ 15 મે, 2019ના જણાવ્યું હતું કે જુલાઈમાં અંતરિક્ષમાં રવાના કરવામાં આવનારા ભારતના બીજા ચંદ્ર મિશન ચંદ્રયાન–2માં 13 પેલોડ હશે અને તેમાં અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાનું પણ એક ઉપકરણ હશે.**
  - → નાસા આ મોડયૂલ મારફત ધરતી અને ચંદ્ર વચ્ચેનું અંતર માપવાનું કાર્ય કરશે. ઈસરોએ ચંદ્ર મિશન અંગે જણાવ્યું હતું કે 13 ભારતીય પેલોડ (ઓર્બિટર પર 8, લેન્ડર પર 3 અને રોવર પર બે પેલોડ તથા નાસાનું એક પેસિવ એકસપરિમેન્ટ (ઉપકરણ) હશે. આ યાનમાં ત્રણ મોડયુલ (વિશિષ્ટ ભાગો) ઓર્બિટર, લેન્ડર (વિક્રમ) અને રોવર (પ્રજ્ઞાન) છે.
  - → ચંદ્રયાન–2 મિશન જો સફળ રહેશે તો રશિયા, અમેરિકા, ચીન અને ઈઝરાયેલ બાદ ભારત પોતાનું યાન ઉતારનારો વિશ્વનો 5મો દેશ બની જશે.
- **ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ તાજેતરમાં આગામી 10 વર્ષો માટે સાત મિશનોની ઘોષણા કરી છે, જેમાં ચંદ્રયાન 2 પણ સામેલ છે.**
  - → ઈસરોએ આગામી 30 વર્ષોનો રોડમેપ (રૂપરેખા) પણ તૈયાર કર્યો છે.
  - → આ સાત મિશનોમાં ચંદ્રયાન–2 મે 2019માં તૈયાર થઈ ગયું છે અને તેને જુલાઈ 2019માં લોન્ચ કરાશે.
  - → બ્રહ્માંડના વિકિરણના અભ્યાસ માટે XPoSat મિશન 2020માં મોકલવામાં આવશે.
  - → 2021માં સૂર્યના અભ્યાસ માટે આદિત્ય–L1 મિશન રવાના કરશે.
  - → 2022માં ઈસરો મિશન મંગલયાન–2 મોકલશે.
  - → ચંદ્રયાન–3 મિશન 2024માં અંતરિક્ષમાં મોકલવામાં આવશે.
  - → 2023માં શુક્ર ગ્રહ માટેનું મિશન રવાના કરાશે.
  - → સૌરમંડળ બહાર ગ્રહોની શોધ માટે ઈસરો 2028માં મિશન મોકલશે.
  - → આ મિશનને 2021માં મોકલવામાં આવશે. આદિત્ય–L1 મિશન દ્વારા સૂર્યના કોરોનાનો અભ્યાસ કરાશે. સૂર્યના કોરોનાની ઉપરી વાયુમંડળ પર ખૂબ અસર પડે છે. જેના કારણે પૃથ્વીમાં જળવાયુ પરિવર્તન પ્રભાવિત થાય છે. આ મિશન દ્વારા પૃથ્વી પર જળવાયુ પરિવર્તનને બહેતર રીતે સમ□ શકાશે.
  - → આ મિશન માટે અંતરિક્ષયાનને 'લિબરેશન ઓર્બિટ'માં સ્થાપિત કરાશે. લિબરેશન ઓર્બિટ સૂર્ય અને પૃથ્વી વચ્ચેના અંતરનો 1% ભાગ છે, આ પૃથ્વીથી લગભગ 15 લાખ કિ.મી. દૂર છે. આ સ્થળે પૃથ્વી તથા સૂર્યનો ગુરુત્વાકર્ષણ પ્રભાવ સમાન હોય છે.
  - → X-ray Polarimeter Satellite (XPoSat)ના દ્વારા ધ્રુવીકરણનો અભ્યાસ કરાશે. આ મિશનને 2020માં લોન્ચ કરાશે. આ 5 વર્ષીય મિશન દ્વારા બ્રહ્માંડમાં વિકિરણનો અભ્યાસ કરવામાં આવશે. આ મિશનમાં રમણ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા નિર્મિત POLIX (Polarimeter Instrument in X-rays)ને લઈ જવાશે. આ અંતરિક્ષયાન 500 થી 700 કિ.મી.ની ઊંચાઈએ સ્થાપિત કરાશે.
- **ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના ચેરમેન (વડા) □. સતીષ રેડીએ તાજેતરમાં સ્પષ્ટતા કરી હતી કે ભારતે થોડા સમય પૂર્વે હાથ ધરેલા 'મિશન શકિત'ના કારણે અંતરિક્ષમાં વિખરાયેલો કાટમાળ મોટાભાગે નાશ પામી ચૂકયો છે અને બાકીનો કચરો પણ બહુ જલ્દી નષ્ટ થઈ જશે.**
  - → વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 માર્ચ, 2019ના એક રાષ્ટ્રજોગ સંબોધન કરીને જણાવ્યું હતું કે ભારતે તેની પ્રથમ એન્ટિ–સેટેલાઈટ મિસાઈલ (ASAT)નું સફળ પરીક્ષણ કર્યુ છે અને તેણે અંતરિક્ષમાં પ્રદક્ષિણા કરી રહેલા □વંત ઉપગ્રહને તોડી પાડવામાં સફળતા મેળવી છે.
  - → ભારતે આને 'મિશન શકિત' નામ આપ્યું હતું. આ મિશન હેઠળ મિસાઈલે પૃથ્વીની નીચલી કક્ષામાં ઉપગ્રહનો નાશ કર્યો હતો. આ કામ માત્ર 3 મિનિટમાં આટોપી લેવાયું હતું. ભારત માટે આ એક મોટી સિદ્ધિ છે. આ મિશનનું નેતૃત્વ DRDOએ કર્યુ હતું.
- **તાજેતરમાં NDDB (નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ) NDDB-ABRO-Murrah નામક નવો □નોમ વિકસાવીને રિવરાઈન ભેંસોના સંવર્ધન ક્ષેત્રે નવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.**
  - → સ્થાનિક પશુઓ અને તેની સંકર ઓલાદો માટે એક કસ્ટમાઈઝ જીનોટાઈપ ચીપ ઈન્ડુસચીનું પણ સફળ નિર્માણ થયું છે. માતા–પિતા પાસેથી મેળવેલા ટ્રાયોનો ઉપયાગ કરી ટ્રાયો બીનીંગ ભેંસના હેપ્લોટાઈપ અલગ કરવામાં યોગ્ય ચોકસાઈની ખાતરી કરવામાં આવી છે તથા 99 ટકાથી વધુ જીનોમ આવરી લેવામાં સફળતા મળી છે. ભારતના દૂધ ઉત્પાદનમાં 50 ટકાથી વધારે પ્રદાન ભેંસોનું છે. વિશ્વમાં અંદાજિત 224.4 મિલિયન ભેંસો છે. જેમાંથી ભારતમાં 113.3 મિલિયન છે. આ બફેલો જીનોમ મારફતે વિશ્વની ભેંસોના જીનેટિક સુધારામાં ભારતે યોગદાન આપ્યું છે.
- **ભારત સરકારે ઈલેકટ્રિક મોબિલિટી મિશનની બ્લૂપ્રિન્ટ તૈયાર કરી લીધી છે અને તે અંતર્ગત વીજળીથી ચાલતી ગાડીઓના ઉત્પાદનને વેગ આપી અંદાજિત એક કરોડ જેટલી નોકરીઓનું સર્જન કરવાનો લક્ષ્ય છે.**
  - → જે માટે ગાડીઓની ડિઝાઈન, ટેસ્ટિંગ, બેટરી નિર્માણ અને મેનેજમેન્ટ, વેચાણ સર્વિસ વગેરે માટે કુશળ શ્રમિક તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી છે. વર્ષ 2013 મા ભારત સરકારે આ મિશનની શરૂઆત કરી હતી અને વર્ષ 2020 સુધીમાં 6 થી 7 મિલિયનઈલેકટ્રિક વાહનો ભારતના રસ્તા પર મુકવાના છે. વર્ષ 2030 સુધીમાં 30 ટકા ઈ–મોબિલિટીનું લક્ષ્ય છે. ઓટોમોટિવ મિશન પ્લાન 2026નું અનુમાન છે.

## રમતજગત, વ્યકિત વિશેષ, એવોર્ડ અને નિધન

❖ **ઓમાનના લેખિકા જોખા અલ્હાર્થીને મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ**

- કઈ કૃતિ બદલ? : અરેબિક નવલકથા 'સેલેસ્ટિયલ બોડીઝ' (Celestial Bodies)
- જોખા અલ્હાર્થી આ પુરસ્કાર જીતનારા અરબી ભાષાના પ્રથમ લેખિકા બન્યા.

→ મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ પણ ફિકશન માટેનું મેન બુકર પ્રાઈઝ એનાયત કરતા યુનાઈટેડ કિંગ્ડમના સંગઠન 'મેન ગ્રૂપ' દ્વારા આપવામાં આવે છે. આ પુરસ્કાર કોઈ એવી એકલ નવલકથાને અર્પણ કરાય છે. જે ગત વર્ષે અંગ્રેજીમાં અનુવાદિત થઈને ઇંગ્લેન્ડમાં પ્રકાશિત થઈ ચૂકી હોય. મેન બૂકર ઈન્ટરનેશનલ પ્રાઈઝની સ્થાપના 2004 માં થઈ હતી અને પ્રથમ મેન બુકર ઈન્ટરનેશનલ પ્રાઈઝ 2005 માં આલ્બેનિયન લેખક ઈસ્માઈલ કદારેને પ્રદાન કરાયું હતું.

❖ **ભારતની કેપ્ટન આરોહી પંડિત 'માહી' નામના લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ (LSA) માં બેસીને એકલપંડે એટલાન્ટિક મહાસાગર પાર કરનારની વિશ્વની પ્રથમ મહિલા બની ગઈ છે.**

→ આ મહાન સિદ્ધિ આરોહીના 'માહી' નામના ટચુકડા વિમાનમાં આરંભાયેલા વર્તમાન વીમેન એમ્પાવર (WE) એકસપિડિશન (અભિયાન) નો એક ભાગ છે. આ એક વર્ષ લાંબી પૃથ્વી પ્રદક્ષિણા ઉડાન આરોહીએ તેણીની મિત્ર કેપ્ટન કીથહેર મિસ્કિવતા સાથે 30 જૂલાઈ, 2018ના લોન્ચ કરી હતી.

→ આ અભિયાનની પ્રાયોજક એક બિનનફાકારક સંચાર કંપની 'સોશિયલ એકસેસ' છે. આરોહી અને મિસ્કિવતા રાજસ્થાન, ગુજરાત, પંજાબ અને પછી પાકિસ્તાન ગયા હતા. પાકિસ્તાનમાં તો બન્નેએ ઉતરાણ પણ કરતાં 1947 બાદ પાડોશી દેશમાં આ સૌપ્રથમ નાગરિક LSA ફ્લાઈટ ઉતરાણ કર્યાની ઐતિહાસિક ઘટના નોંધાઈ હતી.

❖ **શ્રીલંકાના ક્રિકેટ ટીમના પૂર્વ બેટસમેન કુમાર સંગાકારાને લબ્ધપ્રતિષ્ઠિત મેરિલબોન ક્રિકેટ કલા (MCC) ના પ્રથમ બિન–બ્રિટિશ અધ્યક્ષ ઘોષિત કરવામાં આવ્યા છે.**

→ તેઓ આગામી 1 ઓકટોબર, 2019 થી એક વર્ષ માટે MCC ના અધ્યક્ષનો કાર્યભાર સંભાળશે.

→ MCC ના 233 વર્ષના ઈતિહાસમાં તેના અધ્યક્ષપદે પ્રથમવાર કોઈ બિન–બ્રિટિશની નિમણૂક કરાઈ છે.

- મેર્લબોન ક્રિકેટ કલબ (MCC)ની સ્થાપના ઈ.સ.1787માં સેન્ટ જોન્સ વૂડ, લંડનમાં કરાઈ હતી. ઈ.સ.1814 પછી તે લોર્ડસ ક્રિકેટ ગ્રાઉન્ડમાં સ્થિત છે. આ કલબ ઈંગ્લેન્ડ અને વેલ્સ માટે ક્રિકેટની વહીવટી સંસ્થા હતી.

❖ **વ્યાવસાયિક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એમ.જયશ્રી વ્યાસને તાજેતરમાં બોમ્બે સ્ટોક એકસચેન્જ (BSE) ના સ્વતંત્ર ડાયરેકટર નિયુકત કરાયા છે.**

→ આ સાથે તેઓ BSE માં સ્વતંત્ર ડાયરેકટર બનનારા પ્રથમ મહિલા છે. કંપની કાનૂન, 2013 મુજબ એક વિશિષ્ટ શ્રેણીની કંપનીઓમાં ઓછામાં ઓછી એક મહિલા ડાયરેકટર હોવી જોઈએ. સેબીએ ઓકટોબર, 2014 થી બોર્ડમાં ઓછામાં ઓછી એક મહિલા ડાયરેકટરની નિમણૂક ફરજિયાત બનાવી છે.

- BSE એશિયાનું સૌથી જૂનું સ્ટોક એકસચેન્જ છે. તેની સ્થાપના 1875માં કરાઈ હતી. તેનું કાર્યાલય મુંબઈની દલાલ સ્ટ્રીટમાં છે. બ્રિટિશ સરકારે 1927 માં BSEને કામચલાઉ સ્વીકૃતિ આપી હતી. ભારત સરકારે 31 ઓગષ્ટ,1957ના તેને કાયમી સ્વીકૃતિ આપી દીધી હતી. વર્તમાનમાં માર્કેટ કેપિટલાઈઝેશનની દ્રષ્ટિએ ખકબ વિશ્વનું 10 મું સૌથી મોટું સ્ટોક એકસચેન્જ છે તેનું માર્કેટ કેપિટલાઈઝેશન 1.7 ખર્વ ડોલર છે. BSE માં 5000 થી વધુ કંપનીઓ લિસ્ટેડ છે. BSE ના વર્તમાન અધ્યક્ષ સેતુરત્નમ રવિ છે.

❖ **કેન્દ્ર સરકારના મુખ્ય આર્થિક સલાહકાર (CEA) ડો.કૃષ્ણમુર્તિ સુબ્રમણ્યમની નિમણૂક તાજેતરમાં 15માં નાણાં પંચની સલાહકાર પરિષદના 12માં સભ્ય તરીકે કરવામાં આવી છે.**

→ તેમાં હવે 12 સદસ્યો છે.

→ **નાણાં પંચ વિશે....**15માં અર્થાત વર્તમાન નાણાં પંચની રચના 27 નવેમ્બર, 2017 ના નંદકિશોરસિંઘ (એન.કે.સિંઘ)ની અધ્યક્ષતામાં કરાઈ છે.15માં નાણાંપંચના સભ્યોમાં અજય નારાયણ ઝા, અશોક લાહિરી અને અનૂપસિંઘનો સમાવેશ થાય છે જ્યારે રમેશચંદ તેના ખંડ સમયના સભ્ય છે.

❖ **1995ની બેચના પંજાબ કેડરના IAS અધિકારી દિલીપકુમારને લોકપાલ કાર્યાલયમાં વિશેષ ફરજ પરના અધિકારી (OSD=ઓફિસર ઑન સ્પેશિયલ ડયૂટી) નિયુકત કરવામાં આવ્યા છે.**

→ તેમને વધારાના કાર્યભારના આધારે 6મહિના માટે નિમણૂક અપાઈ છે. આ સંભવતઃ લોકપાલ કાર્યાલયમાં પ્રથમ અમલદારની સત્તાવાર નિમણૂક છે. આ પૂર્વે, દિલીપકુમાર રાષ્ટ્રીય માનવાધિકાર પંચમાં સંયુકત સચિવ હતા. 23 માર્ચ, 2019ના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જસ્ટિસ પિનાકીચંદ્ર ઘોષને દેશના પ્રથમ લોકપાલ તરીકે શપથ લેવડાવ્યાં હતા.

❖ **સંયુકત રાષ્ટ્રના મહામંત્રી એન્ટોનિયો ગુતેરસે 17 વૈશ્વિક સતત વિકાસ લક્ષ્યના એડવોકેટ (હિમાયતી) તરીકે બોલિવુડની અભિનેત્રી દિયા મિર્ઝાની નિમણૂક કરી છે.**

→ દિયા મિર્ઝા ઉપરાંત અલીબાબાના વડા જેક મા સહિત 16 અન્ય હસ્તીઓને પણ આ પદે નિયુકત કરાઈ છે. આમ કરવાનો ઉદ્દેશ સતત વિકાસ લક્ષ્યાંકો માટે રાજનીતિક ઈચ્છાશક્તિને મજબૂત બનાવવાનો છે. સતત વિકાસ લક્ષ્યોને 25 સપ્ટેમ્બર, 2015ના વિશ્વ નેતાઓએ સ્વીકૃતિ આપી હતી. સતત વિકાસ લક્ષ્યોના એડવોકેટ તરીકે સરકાર મનોરંજન, શિક્ષણ, ખેલ, બિઝનેસ તથા અન્ય સંગઠનોમાંથી લોકો સામેલ થયા છે.

- સતત વિકાસ લક્ષ્યોમાં 17 વૈશ્વિક બિનબાધ્યકારી લક્ષ્યોનો સમાવેશ થાય છે. જે પૈકીના અમુક લક્ષ્યોને 2015 થી 2030 વચ્ચે પૂરાં કરવાનો પ્રયાસ કરાશે. આ સતત વિકાસ લક્ષ્યોનો સેટ છે, જેમાં આર્થિક વિકાસ, સામાજિક સમાવેશ તથા પર્યાવરણ ગહનતા તથા સુશાસનનો સમાવેશ થાય છે.

❖ **ક્રોએશિયાના પૂર્વ આંતરરાષ્ટ્રીય ફૂબોલ ખેલાડી ઈગારે સ્તિમેકને ભારતીય પુરુષ ફૂટબોલ ટીમના કોચ નિયુકત કરવામાં આવ્યા છે.**

→ તેમના નામની ભલામણ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)ની ટેકનિકલ સમિતિ દ્વારા કરાઈ હતી. આ સમિતિના પ્રમુખ શ્યામ થાપા છે. ભારતીય પુરુષ ફૂટબોલ ટીમ સાથે ઈગોર સ્તિમેકનું પ્રથમ એસાઈનમેન્ટ થાઈલેન્ડમાં કિંગ્સ કપ 2019 હશે.

Banking Academy

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

❖ **સુપ્રિમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ જસ્ટિસ એ.કે.સિકરીને ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન (NBA) દ્વારા ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી (NBSA)ના અધ્યક્ષ નિયુકત કરવામાં આવ્યા છે.**

→ જસ્ટિસ એ. કે. સિકરીએ NBSA ના જસ્ટિસ (નિવૃત્ત) આર.વી.રવિન્દ્રનનું સ્થાન લીધું છે.

- NBSAએક સ્વતંત્ર સંસ્થા છે તે સમાચાર ચેનલોના નિયમનનું કાર્ય કરે છે. તેની સ્થાપના ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશન (NBA) દ્વારા કરાઈ છે. NBSAની સ્થાપનાનો ઉદ્દેશ સમાચર પ્રસારણના ધારાધોરણોમાં સુધારો કરવાનો તથા 2007માં સ્વીકૃત કોડ ઓફ એથિકસનું પાલન સુનિશ્ચિત કરાવવાનો છે.

❖ **ભારતીય મહિલા જગજિત પવડિયાને આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ નિયંત્રણ બોર્ડ (ઈન્ટરનેશનલ નાર્કોટિકસ કન્ટ્રોલ બોર્ડ–(INCB) માટે પુનઃચૂંટી કાઢવામાં આવ્યા છે.**

→ સભ્યોની ચૂંટણી સંયુકત રાષ્ટ્ર આર્થિક તથા સામાજિક પરિષદ (યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ = ECOSOC) દ્વારા કરવામાં આવે છે. જગજિત પખવડિયાનો બીજો કાર્યકાળ 2 માર્ચ, 2020થી શરૂ થઈ 1 માર્ચ, 2025 ના સમાપ્ત થશે. તેમનો વર્તમાન કાર્યકાળ વર્ષ 2020 માં સમાપ્ત થવાનો છે.

- આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્ય નિયંત્રણ બોર્ડ (INCB) એક અર્ધન્યાયિક બોર્ડ છે. તેના 13 સભ્યો છે. તેની શરૂઆત 1909 શાંઘાઈમાં આંતરરાષ્ટ્રીય અફીણ પંચની સાથે થઈ હતી. તે પ્રથમ આંતરરાષ્ટ્રીય નશીલા દ્રવ્ય નિયંત્રણ સંમેલન હતું. INCB તેના વર્તમાન સ્વરૂપમાં 1968માં અસ્તિત્વમાં આવ્યું હતું.

❖ **સુપ્રીમ કોર્ટની કોલેજિયમે દેશની ચાર હાઈકોર્ટોના મુખ્ય ન્યાયમૂર્તિઓના નામોને બહાલી આપી દીધી છે.**

→ દિલ્હી, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને તેલંગાણાની હાઈકોર્ટ માટે મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂકો કરી દેવાઈ છે.

→ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ (CJI) રંજન ગોગોઈની અધ્યક્ષતામાં 3 જજોની બનેલી કોલેજિયમે મધ્ય પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિપદે ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ જજ અને વર્તમાનમાં બોમ્બે હાઈકોર્ટમાં નિયુકત જસ્ટિસ અકિલ કુરેશીની નિમણૂક કરી છે.

→ જ્યારે દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ડી.એન.પટેલ, હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે વી.રામસુબ્રમણ્યન તેમજ તેલંગાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિપદે આર.એસ.ચૌહાણની નિમણૂક કરી છે.

❖ **ભારતના □.એસ.લક્ષ્મીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ ઈન્ટરનેશનલ પેનલ ઓફ મેચ રેફરીમાં સામેલ કર્યા છે.**

→ ICCની મેચ રેફરી પેનલમાં સામેલ થનાર તે પ્રથમ મહિલા છે. લક્ષ્મીને તાત્કાલિક અસરથી ઈન્ટરનેશનલ મેચોમાં રેફરી બનવા માટે યોગ્ય જાહેર કરી દેવામાં આવ્યા છે. 51 વર્ષીય લક્ષ્મીએ મહિલાઓની 2008-09ની ઘરઆંગણાની ક્રિકેટ સીઝનમાં મેચ રેફરી તરીકેની જવાબદારી સંભાળી હતી. અત્રે યાદ રહે કે તાજેતરમાં જ ICCએ ઓસ્ટ્રેલિયાની કલેરા પોલોસાકને પ્રથમ મહિલા અમ્પાયર તરીકે માન્યતા આપી હતી.

❖ ભારતની સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ **મદન ભીમરાવ લોકુર** (એમ.બી.લોકુર)ને ફિ□ની સુપ્રીમ કોર્ટની નોન–રેસિડેન્ટ પેનલમાં 3 વર્ષની મુદત માટે નિયુકત કરાયા છે.

❖ ભારત અને પાકિસ્તાન જેવા બે પરમાણુ રાષ્ટ્રો વચ્ચેની તંગદિલી અને તણાવ મધ્યે ભારતની નવી સરકાર સાથે ફરીથી મંત્રણા શરૂ કરવા પાકિસ્તાને 21 મે, 2019ના ભારત ખાતે તેના નવા હાઈ કમિશનર તરીકે **મોઈન ઉલ હક**ની નિમણૂક કરી છે. મોઈન ઉલ હક નવી દિલ્હી ખાતે પાકિસ્તાનના નવા હાઈકમિશ્નર તરીકે ફરજ બજાવશે.

❖ **સુપ્રીમ કોર્ટમાં 2008 પછી પ્રથમવાર ન્યાયમૂર્તિઓની સંખ્યા 31 (30 ન્યાયમૂર્તિ+1 મુખ્ય ન્યાયમૂર્તિ) પર પહોંચી છે.**

→ 2008માં ભારતીય સંસદે સુપ્રીમ કોર્ટના જજની સંખ્યા 26થી વધારી 31 કરી હતી. ત્યારબાદ અત્યારસુધી કયારેય જજની પૂર્ણ સંખ્યા 31 થઈ ન હતી પરંતુ 24 મે, 2019ના ચાર નવા જજે મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગોઈના હસ્તે પદ અને ગોપનીયતાના શપથ લીધા તે સાથે આ સંખ્યા પૂર્ણ થઈ છે.
(1) જસ્ટિસ બી.આર. ગવઈ, (2) જસ્ટિસ સૂર્યકાન્ત, (3) જસ્ટિસ અનિરુદ્ધ બોઝ, (4) જસ્ટિસ એ.એસ.બોપન્ના

❖ ભારતીય સૈન્યની ઈન્ફન્ટ્રી સ્કૂલના કમાન્ડન્ટ લેફ્ટેનન્ટ જનરલ **શૈલેષ તિનૈકરને** દક્ષિણ સુદાનમાં સંયુકત રાષ્ટ્ર મિશન (UN Mission in south sudan)ના કમાન્ડર નિયુકત કરવામાં આવ્યા છે. ઉકત મિશન બીજું સૌથી મોટું શાંતિ અભિયાન છે.

❖ **એડમિરલ કરમબીરસિંઘે** દિલ્હીમાં નૌકાદળના વડા તરીકેનો પદભાર સંભાળી લીધો છે. તેમણે નૌકાદળના પ્રમુખપદે એડમિરલ સુનીલ લાંબાનું સ્થાન લીધું છે. એડમિરલ સુનીલ લાંબા 31 મે, 2019ના નિવૃત્ત થઈ ગયા છે. એડમિરલ કરમબીરસિંઘ ભારતીય નૌકાદળના **24માં અધ્યક્ષ છે.**

❖ **બ્રેકિઝટ મામલે વડાપ્રધાન પદેથી રા□નામું આપનારા થૈરેસા મે ડેવિડ કેમરુન બાદ બીજા વડાપ્રધાન બનશે.**

→ બ્રિટનના વડાપ્રધાન થેરેસા મેએ પદ છોડવાની જાહેરાત કરી દીધી છે. તેઓ 7 જૂન, 2019ના વડાપ્રધાન પદેથી રા□નામું આપી દેશે. બ્રેકિઝટ મામલે સંસદમાં 3 વખત પરાજયનો સામનો કરવો પડયાને પગલે ઊભાં થયેલા સંકટને લઈને થેરેસા મેને બ્રિટનના વડાપ્રધાનપદેથી રા□નામું આપવું પડી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે શાસક કન્ઝર્વેટિવ પક્ષના નેતા તરીકે આગામી 7 જૂન, 2019ના પોતે પદત્યાગ કરશે.

❖ એક સમયે માત્ર સિગરેટ બનાવતી ITC (ઈન્ડિયન ટોબેકો કંપની)ને બહુવિધ ઉત્પાદનો તરફ વાળીને ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગ્રૂપ્સ (FMCG), હોસ્પિટાલિટી, IT સહિતના ક્ષેત્રોની કંપની તરીકે નામના અપાવનારા ઉદ્યોગ અગ્રણી અને ITCના ચેરમેન **યોગેશ ચંદર દેવેશ્વરનું** 11 મે, 2019ના 72 વર્ષની વયે નિધન થયું.

→ ITC એક ભારતીય બહુરાષ્ટ્રીય કંપની છે. તેનું વડુમથક પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં છે. તેની સ્થાપના 1910માં થઈ હતી. 2018માં ITCની આવક 47,262 કરોડ રૂપિયા હતી. ITCમાં 30 હજારથી વધુ કર્મચારીઓ કાર્યરત છે. ITCનું માર્કેટ કેપિટલાઈઝેશન 50 અબજ ડોલર છે.

→ ITC ગ્રૂપે 13 મે, 2019ના રોજ જાહેરાત કરી હતી કે કંપનીના મેનેજિંગ ડાયરેકટર **(MD) સં□વ પુરીને** બઢતી આપીને કંપનીના નવા ચેરમેન અને MD તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

Banking Academy

❖ ભારતના પ્રસિદ્ધ બિરહા **ગાયક હીરાલાલ યાદવ**નું 12 મે, 2019ના વારાણસીમાં 93 વર્ષની વયે નિધન થયું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 16 માર્ચ, 2019ના **હીરાલાલ યાદવ**ને પદ્મશ્રીથી સન્માનિત કર્યા હતા. 70વર્ષોમાં પહેલીવાર બિરહા ગાયનને આ સન્માન પ્રાપ્ત થયું છે. હીરાલાલ યાદવનો જન્મ વર્ષ 1936માં ચેતગંજ સ્થિત સરાયગોવર્ધનમાં થયો હતો.

→ પૂર્વીય ઉત્તર પ્રદેશ તથા પશ્ચિમી બિહારના ભોજપુરી ભાષી ક્ષેત્રમાં બિરહા લોકગાયનની એક પ્રચલિત પદ્ધતિ છે. બિરહા ગાયનને બે પ્રકાર છે. પ્રથમ પ્રકારને ખડી બિરહા કહેવામાં આવે છે જ્યારે તેનું બીજું રૂપ મંચીય બિરહા.

❖ એક શિક્ષણવિદ્, વિદ્વાન અને ભારતમાં કાનૂની શિક્ષણના પ્રણેતા **ડો.એન.આર.માધવ મેનનનું** 84 વર્ષનીવયે કેરળના તિરુવનંતપુરમમાં અવસાન થયું છે. ભારતીય કાનૂની શિક્ષણમાં આમૂલ પરિવર્તન આણવા બદલ ડો. એન.આર.માધવ મેનનને 'આધુનિક કાનૂની શિક્ષણના જનક' ગણવામાં આવે છે. તેમને નેશનલ લો સ્કૂલની સ્થાપના કરીને ભારતમાં કાનૂની શિક્ષણના ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાનું શ્રેય આપવામાં આવે છે.

❖ ફિલ્મો તથા ટી.વી.ના બંગાળી અભિનેતા **મૃણાલ મુખર**્નું 8 મે, 2019ના કોલકાતામાં 74 વર્ષની વયે નિધન થયું. તેમણે 5 દશક સુધી બંગાળી ફિલ્મ ઉદ્યોગમાં કામ કર્યું હતું. તેમણે દુઈ બોન, છુટ્ટી, શ્રીરામ પૃથ્વીરાજ, બ્યોમકેશ જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.

→ નસીરૂદ્દીન શાહ, જયા બચ્ચન, ઓમપુરી, રણબીર કપૂર, શબાના આઝમી, અનિલ કપૂર, શત્રુઘ્નસિંહા સહિત અનેક દિગ્ગજ કલાકારોને ઘડનારા ખ્યાતનામ એક્ટિંગ ગુરુ રોશન તનેજાનું લાંબી માંદગીના અંતે 10 મે, 2019ના 87 વર્ષની વયે અવસાન થયું. તેઓ તનેજા વિદ્યાલય ઓફ એક્ટિંગ માટે જાણીતા હતા. જેમાં તેઓ અભિનય સાથે દિગ્દર્શન, ફિલ્મ નિર્માણની તાલીમ આપતા હતા. રોશન તનેજા ભારતમાં 'મેથડ એક્ટિંગ'ના જનક ગણાય છે.

❖ જાણીતા અર્થશાસ્ત્રી **બૈદ્યનાથ મિશ્રા**નું 8 મે, 2019ના ઓડિશાના ભુવનેશ્વરમાં 99 વર્ષની વયે અવસાન થયું. તેઓ 1985 થી 1990 દરમિયાન રાજય આયોજન પંચના અધ્યક્ષ પણ હતા.

❖ **ગુજરાતી સાહિત્ય જગતના સમર્થ કવિ નીરવ પટેલનું 15 મે, 2019ના અમદાવાદમાં નિધન થયું. 1980 પછીના ગુજરાતી ભાષા–સાહિત્યમાં અનોખી ધારા તરીકે વિકસેલા દલિત સાહિત્યમાં કવિ નીરવ પટેલનું પાયાનું પ્રદાન છે.**

→ 'વ્હોટ ડિડ હાઈ ડુ ટુ બી સો બ્લેક એન્ડ બ્લૂ' તથા 'બર્નિંગ ફ્રોમ બોથ એન્ડ્સ' જેવા અંગ્રે્ કાવ્યસંગ્રહો પ્રગટ કરનારા નીરવ પટેલનો સામાજિક વિષમતા અને શોષિતોની વેદનાને વાચા આપતી કવિતાનો ગુજરાતી કાવ્યસંગ્રહ 'બહિષ્કૃત ફૂલો' ખૂબ જાણીતો છે. જેને મહેન્દ્ર ભગત પારિતોષિક મળેલું છે. તેમનો જન્મ 1950માં દસક્રોઈના ભુવાલડીમાં થયો હતો.

❖ **ગુજરાતી રંગભૂમિના ક્ષેત્રે 50થી પણ વધુ વર્ષોથી અભિનેતા, લેખક, દિગ્દર્શક તરીકે સેવા આપનારા 'રંગલો' તરીકે પ્રખ્યાત જયંતી પટેલનું 26 મે, 2019ના 95 વર્ષની વયે અમદાવાદમાં તેમના નિવાસસ્થાને અવસાન થયું.**

→ તેઓ ચિત્રકાર અને કાર્ટૂનિસ્ટ પણ હતા. સ્વ. જયંતી પટેલે ભવાઈના સ્વરૂપ પર સંશોધન કરી તેને આધુનિક સ્વરૂપ આપ્યું છે અને ભવાઈના અનેક મૌલિક વેશ રચ્યા અને ભજવ્યા. તેમાં સૂત્રધાર 'રંગલો'નું પાત્ર ભજવી તેમણે ખૂબ લોકચાહના મેળવી હતી. તેમણે લખેલાં 17 જેટલા નાટકો અને પુસ્તકોમાં 'સુન બે ગાફેલ બંદા', 'ભવાઈ થિયેટર', 'હું અને રંગલો', 'કાર્ટૂનની કથા' વગેરે મુખ્ય છે.

❖ વિશ્વ પ્રવાસી, બાહોશ, અગ્રણી ચાઈનીઝ–અમેરિકી સ્થપતિ તથા આધુનિક સ્થાપત્યના સ્તંભ એવા **ઈયો મિંગ પેઈ (I.M.પેઈ)નું** 16 મે, 2019ના રોજ 102 વર્ષની વયે અવસાન થયું છે. તેમનો જન્મ 26 એપ્રિલ, 1917માં ચીનના કેન્ટોનમાં થયો હતો.

❖ બોલિવૂડના અભિનેતા અજય દેવગણના પિતા અને એક્શન ડાયરેક્ટર/ ફાઈટ માસ્ટર **વીરુ દેવગણ**નું 27 મે, 2019ના મુંબઈમાં 76 વર્ષની વયે અવસાન થયું. વીરુ દેવગણનો જન્મ પંજાબના અમૃતસરમાં દેવગણ પરિવારમાં થયો હતો. તેમણે 80થી વધુ હિન્દી ફિલ્મો માટે એક્શન ફાઈટ દ્રશ્યોની કોરિયોગ્રાફી કરી હતી.

❖ કાંકરેજ તાલુકાના ટોટાણા ધામના સંત સદારામ બાપુનો 14 મે, 2019ના તેમના આશ્રમમાં દેહવિલય થયો હતો. **સંત સદારામ બાપુ**એ સ્વયં રચેલા પદોની અસરથી બે લાખ લોકોએ સ્વેચ્છાએ વ્યસનોને તિલાંજલિ આપી છે. આ ઉપરાંત તેમણે સમાજમાં વ્યાપ્ત કુરિવાજો અને બદીઓને દૂર કરવાની આહલેક પણ જગાવી હતી.

❖ નોબેલ પુરસ્કાર વિજેતા અમેરિકી ભૌતિકશાસ્ત્રી **મર્રે જેલમેનનું** 24 મે, 2019ના ન્યૂ મેક્સિકોમાં 89 વર્ષની વયે અવસાન થયું. તેમને સબ–એટમિક પાર્ટિકલ્સની શોધ તથા તેના વર્ગીકરણનો શ્રેય આપવામાં આવે છે.

❖ વિશ્વમાં પ્રથમ વખત **અમેરિકાની યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ** મેડિકલ સેન્ટરમાં ડ્રોનના માધ્યમથી સફળતાપૂર્વક કિડનીની ડિલિવરી કરવામાં આવી હતી. ડ્રોનમાં એક સીલ્ડ (સીલબંધ) કાર્ગો ડબ્બામાં કિડની રાખવામાં આવી હતી. ડ્રોને 400 ફૂટની ઊંચાઈએ ઉડીને માત્ર 10 મિનિટમાં 5 કિ.મી.નું અંતર કાપી કિડની દર્દી સુધી પહોંચાડી હતી.

❖ ફ્લાઈટ લેફ્ટેનન્ટ **ભાવના કાંતે** યુદ્ધ વિમાનમાં કોમ્બેટ મિશન માટે કવોલિફાઈ થનાર ભારતીય વાયુસેનાની પહેલી મહિલા પાઈલટ બનીને ઈતિહાસ રચ્યો છે. ભાવના કાંત ભારતીય વાયુસેનામાં સામેલ થનારી મહિલાઓની પ્રથમ બેચની સભ્ય છે.

→ ભાવના કાંતે MS કોલેજ બેંગલુરુથી B.E. ઈલેક્ટ્રિકલ્સનો અભ્યાસ કર્યો છે. ભાવના કાંત બિહારના દરભંગા જિલ્લાના ઘનશ્યામપુર તાલુકાના બાઉર ગામની રહેવાસી છે.

❖ નેપાળી પર્વતારોહક **શેરપા કામી રીતા** દુનિયાના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ (8848 મીટર)ને 24 વખત સર કરનાર વિશ્વના પ્રથમ અને એકમાત્ર વ્યકિત બની ગયા છે. આ સિદ્ધિ બદલ તેમનું નામ ગિનેસ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ સામેલ થઈ ગયું છે.

❖ દુનિયાભરમાં મશહૂર પેઈન્ટિંગ 'મોનાલિસા'ના સર્જક લિયોનાર્ડો દ વિન્ચીના વાળનો DNA ટેસ્ટ થશે. આ વાળ ઈટાલીના ફ્લોરેન્સ શહેરના મ્યુઝિયમમાં રખાશે. તે વાળ અમેરિકાના એક ખાનગી સંગ્રહાલયમાંથી મળી આવ્યા હતા. યોગાનુયોગ વિન્ચીના અવસાનને 2 મે, 2019ના રોજ 500 વર્ષ પૂર્ણ થયા છે. મહાન ચિત્રકારે ઈ.સ. 1519ની 2 મેએ 67 વર્ષની વયે ફ્રાન્સના અંબોઈસ શહેરમાં અંતિમ શ્વાસ લીધા હતા. DNA પરીક્ષણ બાદ બે ઈતિહાસકારો તેમના પર સંશોધન કરશે.

Banking Academy

❖ **ગ્રેટેસ્ટ શોમેન તરીકે વિખ્યાત સ્વ.રાજ કપૂરના સંસ્મરણો સમેટીને બેઠેલો 70 વર્ષ જૂનો આર.કે. સ્ટુડિયો 3 મે, 2019ના રોજ વેચાઈ ગયો છે.**

→ ગોદરેજ પ્રોપર્ટીઝે તેને ખરીદી લીધો છે. મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં 2.2 એકરમાં વિસ્તરેલા આર.કે. સ્ટુડિયોનો સોદો કેટલા રૂપિયામાં થયો તેની માહિતી બહાર આવી નથી. સ્ટુડિયોની માલિકી દિવંગત રાજ કપૂરના ત્રણ પુત્રો રણધીર કપૂર, ઋષિ કપૂર અને રા□વ કપૂરની છે.

❖ **અમેરિકાના મહાન ગોલ્ફર ટાઈગર વૂડ્સને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમથી સન્માનિત કરાયા છે. ટાઈગર વૂડ્સ આ સન્માન મેળવનારા ચોથા તથા સૌથી યુવાન પ્રોફેશનલ ગોલ્ફર છે.**

→ આ અમેરિકાનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. આ સન્માન અમેરિકાના રાષ્ટ્રીય હિત, વિશ્વ શાંતિ, સાંસ્કૃતિક કાર્યો તથા જનકલ્યાણ જેવા કાર્યો માટે આપવામાં આવે છે.

❖ **મ્યાનમાર સરકારે ડિસેમ્બર 2017થી જેલમાં કેદ કરેલા રોઈટર્સ સમાચાર એજન્સીના બે પત્રકારો વા લોન અને કયાવ સો ઉને 511 દિવસના કારાવાસ બાદ આખરે 7 મે, 2019ના રોજ જેલ મુક્ત કરી દીધા છે.**

→ વા લોન અને કયાવ સો ઉ મ્યાનમારમાં 10 રોહિંગ્યા મુસ્લિમોની હત્યાની તપાસ અંગે કાર્ય કરી રહ્યા હતા.

→ અત્રે યાદ અપાવીએ કે આ બન્ને પત્રકારોને તેમના આ સાહસિક કાર્ય બદલ તાજેતરમાં જ વર્ષ 2019નું યુનેસ્કો/ગિલેર્મો કેનો પ્રેસ ફ્રીડમ પ્રાઈઝ એનાયત કરાયું હતું. મ્યાનમારના રાષ્ટ્રપતિ વિન મિન્ટે હાલમાં જ 6,520 કેદીઓને સજા માફી આપી હતી. આ કેદીઓની યાદીમાં રોઈટર્સના આ બે પત્રકારો પણ સામેલ હતા.

❖ **ભારતની સૌથી ઝડપી દોડવીર દૂતી ચંદે પોતે ગામડાંની એક 19 વર્ષીય યુવતી સાથે સમલૈંગિક સંબંધ ધરાવતી હોવાનો ખુલાસો કર્યો છે.**

→ 100 મીટર દોડમાં 11.24 સેકન્ડ સાથે રાષ્ટ્રીય રેકોર્ડ કરનારી દૂતી ચંદે કહ્યું હતું કે મારા સજાતીય સંબંધને લઈને માતા–પિતાએ હજુ સુધી કોઈ વાંધો નથી ઉઠાવ્યો, પરંતુ મારી સૌથી મોટી બહેને મને ઘરમાંથી કાઢી મૂકીને જેલમાં ધકેલી દેવાની ધમકી આપી છે. એશિયન ગેમ્સ 2018માં બે સિલ્વર મેડલ □તનારી દૂતી ચંદ વિશ્વની એવી કેટલીક મહિલા એથ્લીટમાં સામેલ છે જેમણે જાહેરમાં તેમના સમલૈંગિક સંબંધ સ્વીકાર્યા છે.

❖ નેપાળનો રહેવાસી **ગોપાલ શ્રેષ્ઠ** 22 મે, 2019ના વિશ્વના **સર્વોચ્ચ શિખર માઉન્ટ એવરેસ્ટ પર ચઢનારો વિશ્વનો પ્રથમ HIV ગ્રસ્ત વ્યક્તિ** બની ગયો છે. ગોપાલ શ્રેષ્ઠને થોડા વર્ષો પૂર્વે ચેપગ્રસ્ત ઈન્જેકશનના કારણે HIV થઈ ગયો હતો. નેપાળની સમાચાર સંસ્થા રાષ્ટ્રીય સમાચાર સમિતિ અનુસાર, ગોપાલ શ્રેષ્ઠે 22 મે, 2019ના સવારે 8.15 વાગ્યે 8,848 મીટર ઊંચા માઉન્ટ એવરેસ્ટની ટોચે કદમ રાખ્યું હતું.

❖ **ભારતના વડાપ્રધાનના અધિક મુખ્ય સચિવ પ્રમોદકુમાર મિશ્રાને યુનાઈટેડ નેશન્સ ઓફિસ ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડકશન (UNDRR) દ્વારા આપદા જોખમ ઘટાડા (DDR) બદલ વર્ષ 2019નો સાસાકાવા એવોર્ડ પ્રદાન કરાયો છે.**

→ સાસાકાવા એવોર્ડ 2019ની ઘોષણા તાજેતરમાં સ્વિત્ઝરલેન્ડના □નિવામાં આયોજિત ગ્લોબલ પ્લેટફોર્મ ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડકશન (GPDRR) 2019ના છઠ્ઠા સત્રમાં કરાઈ હતી.

→ આપદા જોખમ પ્રબંધન (DRM–ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ)ના ક્ષેત્રમાં સાસાકાવા પુરસ્કાર સૌથી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે.

→ સાસાકાવા પુરસ્કાર UNDRR અને ધ નિપ્પોન ફાઉન્ડેશન દ્વારા સંયુક્ત રીતે પ્રદાન કરાય છે.

→ સાસાકાવા એવોર્ડના વિજેતા (એક અથવા વધુ વિજેતાઓ)ને કુલ 50,000 ડોલરનું કુલ અનુદાન અપાય છે.

→ નિપ્પોન ફાઉન્ડેશનના સ્થાપક અધ્યક્ષ મિસ્ટર રયોઈચી સાસાકાવાએ ઈ.સ. 1986માં 3 પાઈઝીસ – ધ યુનાઈટેડ નેશન્સ (UN) સાસાકાવા એવોર્ડ ફોર ડિઝાસ્ટર રિડકશન, ધ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) સાસાકાવા હેલ્થ પ્રાઈઝ અને ધ UN એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP) સાસાકાવા એન્વાયર્નમેન્ટ પ્રાઈઝની રચના કરી હતી.

→ 2019ના સાસાકાવા એવોર્ડની થીમ : 'બિલ્ડિંગ ઈન્કલુસિવ એન્ડ રિસિલિયેન્ટ સોસાયટીઝ' હતી.

❖ ભારતના 26મા વિદેશ સચિવ રહી ચૂકેલા વિચક્ષણ રાજદ્વારી **શ્યામ સરણ**ને જાપાનના દ્વિતીય સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન, ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર'થી સન્માનિત કરાશે.

❖ **પત્રકાર નિલીના એમ.એસ.**ના હસ્તે લિખિત અને 'ધ કારવાં' સામયિકના માર્ચ 2018ના અંકમાં પ્રકાશિત લેખ 'કોલગેટ 2.0'ને અન્વેષણાત્મક (ઈન્વેસ્ટિગેટિવ) પત્રકારત્વનો 2018નો એશિયન કોલેજ ઓફ જર્નાલિઝમ એવોર્ડ એનાયત થયો છે. આ લેખ છત્તીસગઢના પર્બા ઈસ્ટ અને કાન્તા બસન પ્રદેશોમાં કેપ્ટિવ કોલ બ્લોકસ (કોલસાની ખાણો)ની ફાળવણી વિશે તપાસ કરે છે.

❖ દિલ્હીના 2012ના કુખ્યાત નિર્ભયા સામૂહિક દુષ્કર્મ અને હત્યા કેસની તપાસ ટીમનું નેતૃત્વ કરનારા બાહોશ મહિલા IPS અધિકારી **છાયા શર્મા**ને શૌર્ય અને નેતૃત્વ બદલ 2019ના મેક્કેન ઈન્સ્ટિટ્યૂટ એવોર્ડથી સન્માનિત કરાયા છે.

❖ **ફરજ બજાવતી વખતે પોતાના □વનનું બલિદાન આપનારા 43 વિવિધ દેશોના આશરે 115 શાંતિરક્ષકોને તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રી એન્ટોનિયો ગુતેરસે સંયુક્ત રાષ્ટ્રના અન્ય ટોચના અધિકારીઓ અને શાંતિરક્ષક દળના જવાનો/કર્મચારીઓ સાથે શ્રદ્ધાંજલિ અર્પી હતી.**

→ **જિતેન્દ્રકુમાર :** તેઓ ભારતીય પોલીસ ઓફિસર હતા. તેમને કોંગોમાં સંયુક્ત રાષ્ટ્ર મિશન (UN ઓર્ગેનાઈઝેશન સ્ટેબિલાઈઝેશન મિશન ઈન ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો =MONUSCO) માટે તૈનાત કરાયા હતા. જયાં જાન્યુઆરી 2019માં તેઓ શહીદ થયા હતા.

→ **શિખા ગર્ગ :** શિખા ગર્ગ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) સાથે સલાહકાર તરીકે જોડાયા હતા. તેઓ ભારતના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય સાથે સંકળાયેલા હતા. શિખા ગર્ગ ઈથિયોપિયન એરલાઈન્સનું વિમાન ET 302 તૂટી પડયું તેમાં માર્ચ 2019માં મૃત્યુ પામ્યા હતા.

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

- **ભારતના સૌથી પ્રતિષ્ઠિત કાર્ડિયાક સર્જન અને માનવતાવાદી ડો. દેવીપ્રસાદ શેટ્ટીને બિશ્વ બાંગ્લા કન્વેન્શન સેન્ટર ખાતે પી.સી.ચંદ્ર જૂથ તરફથી તાજેતરમાં 27મો પી.સી.ચંદ્ર વાર્ષિક રાષ્ટ્રીય પુરસ્કાર 2019 પ્રદાન કરાયો હતો.**
  - → રામકૃષ્ણ મિશન, બેલુર મઠના જનરલ સેક્રેટરી સ્વામી સુવિરાનંદ□ મહારાજે મુખ્ય અતિથિ તરીકે અવસરને દીપાવ્યો હતો અને ડો. દેવીપ્રસાદ શેટ્ટીને પી.સી.ચંદ્ર પુરસ્કારથી અલંકૃત કર્યા હતા. અત્રે યાદ રહે કે ડો.દેવીપ્રસાદ શેટ્ટી 'ધ મેન વિથ ડિવાઈન હેન્ડ્સ' તરીકે પણ ઓળખાય છે. દિવંગત શ્રી પૂર્ણચંદ્રને શ્રદ્ધાંજલિરૂપે 1993થી આ એવોર્ડ આપવામાં આવે છે.
- ભારતીય મૂળના દક્ષિણ આફ્રિકી પત્રકાર **□.ડી.રોબર્ટ ગોવેન્દર**ને વર્ષ 2019ના વી.કે. કૃષ્ણ મેનન એવોર્ડથી મરણોપરાંત સન્માનિત કરાયા છે. તેમને આ પુરસ્કાર ઉત્કૃષ્ટ પત્રકારત્વ બદલ પ્રદાન કરાયો છે.
  - → વી.કે. કૃષ્ણ મેનન એક સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમનો જન્મ 3 મે, 1886માં કેરળના કન્નુર જિલ્લામાં થયો હતો. તેઓ ભારતની આઝાદી બાદ બ્રિટનમાં ભારતના પ્રથમ હાઈકમિશનર બન્યા હતા. તેઓ જવાહરલાલ નેહરુના મંત્રીમંડળમાં ભારતના સંરક્ષણ મંત્રી પણ બન્યા હતા.
- **તાજેતરમાં પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડાયરેક્ટર આચાર્ય બાલકૃષ્ણને યુનાઈટેડ નેશન્સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ UNSDG ઈન્ફ્લુએન્શિયલ પીપલ ઈન હેલ્થ કેર એવોર્ડથી સન્માનિત કરાયા હતા.**
  - → આચાર્ય બાલકૃષ્ણ એક આયુર્વેદાચાર્ય છે. તેમનો જન્મ 4 ઓગસ્ટ, 1972ના નેપાળમાં થયો હતો. તેમની પાસે પતંજલિ આયુર્વેના 98.6% શેર છે. તેઓ યોગ ગુરુ બાબા રામદેવ સાથે ખૂબ લાંબા સમયથી કાર્ય કરી રહ્યા છે. તેમની કુલ સંપત્તિ લગભગ 6.8 અબજ ડોલર છે.
- **ભારતીય લેખિકા એની ઝૈદીને તેમના પુસ્તક 'બ્રેડ, સિમેન્ટ, કેક્ટસ' બદલ વર્ષ 2019ના નાઈન ડોટ્સ પ્રાઈઝના વિજેતા ઘોષિત કરાયા છે.**
  - → એની ઝૈદી મુંબઈ સ્થિત અંગ્રે□ ભાષી ભારતીય લેખિકા છે. આ વૈશ્વિક બુક પ્રાઈઝનું નામ 'નાઈન ડોટ્સ પઝલ'ના સંદર્ભમાં છે.
- **ફિલ્મ, ફોટોગ્રાફી, ઈન્સ્ટોલેશન, વીડિયો તથા પરફોર્મન્સ કલાકાર નલિની માલાણીએ સાતમો જોઆન મિરો પુરસ્કાર □ત્યો છે.**
  - → જોઆખ મિરો આંતરરાષ્ટ્રીય પુરસ્કારને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત કલા પુરસ્કારો પૈકીનો એક ગણવામાં આવે છે. આ પુરસ્કારના વિજેતાને 70,000 યુરો (78,000 ડોલર)ની રોકડ રકમ આપવામાં આવે છે. નલિની માલાણીનો જન્મ 1946માં કરાચી (હાલ પાકિસ્તાન)માં થયો હતો.
- **તાજેતરમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના ડાયરેક્ટર જનરલ કાર્ડિયોલોજિસ્ટ પ્રો.બલરામ ભાર્ગવને ડો.લી જોંગ વૂક મેમોરિયલ પ્રાઈઝ ફોર પબ્લિક હેલ્થથી સન્માનિત કરાયા હતા.**
  - → પ્રો. ભાર્ગવને આ બહુમાન 72મી વિશ્વ સ્વાસ્થ્ય સભામાં સ્વિત્ઝરલેન્ડના □નિવામાં પ્રદાન કરવામાં આવ્યું હતું.
  - → આ પુરસ્કારની સ્થાપના વર્ષ 2008માં કરાઈ હતી. ડો.લી જોંગ વૂક પ્રાઈજ જાહેર આરોગ્યના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનારા લોકો, સરકારી સંગઠનો તથા NGOને એનાયત કરાય છે. આ એક વાર્ષિક પુરસ્કાર છે, જે વિશ્વ સ્વાસ્થ્ય સભા દરમિયાન એક વિશેષ સમારોહમાં પ્રદાન કરાય છે.
  - → પ્રાઈઝના વિજેતાને એક તકતી અને 1 લાખ ડોલરની રકમ આપવામાં આવે છે.
- **વિશેષ રીતે મહિલાઓનું વિશ્વનું પ્રથમ ક્રિકેટ મેગેઝિન 'ક્રિકઝોન' ભારતમાં લોન્ચ કરાયું છે.**
  - → આ વિશ્વનું એવું પ્રથમ મેગેઝિન છે જેમાં માત્ર મહિલા ક્રિકેટરો વિષેની માહિતી હશે. ભારતમાં જારી કરાયેલી તેની પ્રથમ આવૃત્તિમાં મેગેઝિને ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાની કવર સ્ટોરી પ્રકાશિત કરી છે. 'ક્રિકઝોન' મેગેઝિનના પ્રકાશક યશ લાહોટી છે.
- **સૌરવ ઘોષલે મેન્સ અને જોશના ચિનપ્પાએ વીમેન્સ સિંગલ્સનો ખિતાબ □તી લેતાં એશિયન સ્કવોશ ચેમ્પિયનશિપમાં ભારતને ડબલ ટાઈટલ હાંસલ થયા છે.**
  - → મલેશિયાની રાજધાની કુઆલાલમ્પુરમાં રમાયેલી ચેમ્પિયનશિપની ફાઈનલમાં ભારતની જોશના ચિનપ્પાએ સતત બી□ વખત એશિયન સ્કવોશ ચેમ્પિયનશિપનું વ્યક્તિગત ટાઈટલ કબજે કર્યુ હતું.
- **ભારતના 'ગલી બોય્ઝ'એ ICC ક્રિકેટ વર્લ્ડ કપ–2019 અગાઉ ક્રિકેટના T-20 ફોર્મેટનો વર્લ્ડ કપ પોતાના નામે કર્યો છે.**
  - → તેમાં ભારતીય બાળકોએ ઈંગ્લેન્ડને 5 રનથી પરાજય આપી વિજય મેળવ્યો હતો.
  - → સ્ટ્રીટ ચાઈલ્ડ યુનાઈટેડ કિંગ્ડમ (UK) દ્વારા યોજાયેલા પ્રથમ સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચ 7 મે, 2019ના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ હતી. આ વર્લ્ડ કપમાં ભારત તરફથી બે ટીમ ઉત્તર ભારત અને દક્ષિણ ભારત સામેલ હતી. ઉત્તર ભારત ટીમમાં મુંબઈની ગલીના બાળકો અને દક્ષિણ ભારત ટીમમાં ચેન્નાઈનીગલીના બાળકોની પસંદગી કરાઈ હતી.
  - → ભારતે પ્રથમ બેટિંગ કરીને 47 રન નોંધાવ્યા હતા. જેના જવાબમાં ઈંગ્લેન્ડ 42 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. સ્ટ્રીટ ચાઈલ્ડ ક્રિકેટ વર્લ્ડ કપમાં આઠ ટીમો એકબીજા સામે T-20 મેચ રમે છે.
- **ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે 16 મે, 2019ના કેરેબિયન પ્રીમિયર લીગ (CPL)ના ખેલાડીઓના ડ્રાફટમાં સામેલ થનારા પ્રથમ ભારતીય ક્રિકેટર બનીને ઈતિહાસ રચ્યો છે.**
  - → જો ઈરફાન પઠાણને હરા□માં કોઈ ટીમ ખરીદી લેશે તો તે વિદેશી T20 લીગમાં રમનારો પ્રથમ ભારતીય ખેલાડી બની જશે.
  - → કેરેબિયન પ્રીમિયર લીગ (CPL)નું આયોજન 4 સપ્ટેમ્બર, 2019 થી 12 ઓક્ટોબર, 2019 વચ્ચે કરાશે. CPL એક વાર્ષિક કેરેબિયન T20 ક્રિકેટ ટુર્નામેન્ટ છે. તેનો આરંભ 2013માં કરાયો હતો. તે વર્તમાનમાં ભારતની ઓટોમોબાઈલ કંપની હીરો મોટોકોર્પ દ્વારા પ્રાયોજિત છે.
- **ચીનના શીયાનમાં આયોજિત એશિયન રેસલિંગ (કુસ્તી) ચેમ્પિયનશિપમાં ભારત કુલ 16 મેડલ □તીને મેડલ ટેલીમાં 8મા સ્થાને રહ્યું હતું.**
  - → ભારતના પુરુષ કુસ્તીબાજો (પહેલવાનો)એ ફ્રીસ્ટાઈલ રેસલિંગમાં એક ગોલ્ડ, ત્રણ સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ્સ, મહિલા કુસ્તીબાજોએ ચાર બ્રોન્ઝ અને ગ્રીકો–રોમન કુસ્તીબાજોએ ત્રણ સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ □ત્યો હતો.
  - → ભારતને ચેમ્પિયનશિપમાં એકમાત્ર ગોલ્ડ મેડલ બજરંગ પુનિયાએ 65 કિ.ગ્રા. મેન્સ ફ્રીસ્ટાઈલમાં અપાવ્યો હતો.

Banking Academy

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055666 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

- ❖ **બેડમિન્ટનની રમતનો વહીવટ સંભાળતી વૈશ્વિક સંસ્થા બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF)એ તાજેતરમાં બેડમિન્ટનની રમતના બે નવા સ્વરૂપો એરબેડમિન્ટન અને ટ્રિપલ્સ લોન્ચ કર્યા છે.**
  - → ઈન્ડોર ગેમ ગણાતી પરંપરાગત સ્પર્ધાત્મક બેડમિન્ટનથી વિપરીત એરબેડમિન્ટન એક આઉટડોર ગેમ છે. નવા સ્વરૂપોમાં બેડમિન્ટનના મેદાનનું માપ પણ નવું હશે અને એર શટલ નામે એક નવોન્મેષી શટલકોક હશે. ટ્રિપલ્સ સ્વરૂપમાં મેચ પ્રત્યેક છેડે 3-3 ખેલાડીઓ વચ્ચે રમાશે અને તેમાં કમસેકમ એક–એક મહિલા ખેલાડી રાખવી પડશે.
- ❖ **વેસ્ટ ઈન્ડીઝના ઓપનિંગ બેટસમેનો જહોન કેમ્પબેલ (179) અને શાઈ હોપ (170)એ 5 મે, 2019ના વન–ડે ક્રિકેટમાં ઓપનિંગ પાર્ટનરશિપનો નવો વિશ્વ વિક્રમ બનાવ્યો છે.**
  - → ત્રિકોણીય શ્રેણીની પ્રથમ મેચમાં જહોન કેમ્પબેલ અને શાઈ હોપે આયર્લેન્ડ વિરુદ્ધ 47.2 ઓવરમાં પ્રથમ વિકેટ માટે 365 રન જોડીને ઈતિહાસ રચ્યો છે. આ કેરેબિયન જોડીએ વન–ડે ક્રિકેટમાં પહેલી વિકેટ માટે સૌથી મોટી ભાગીદારી નોંધાવવાની સાથે જ કોઈપણ વિકેટ માટે બીજા ક્રમની સૌથી મોટી ભાગીદારીનો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે.
  - → કોઈપણ વિકેટ માટે સૌથી મોટી ભાગીદારીનો વિશ્વ વિક્રમ વેસ્ટ ઈન્ડીઝના જ ક્રિસ ગેઈલ અને માર્લોન સેમ્યુઅલ્સના નામે છે. તેઓએ 2015ના વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે વિરુદ્ધ બી□ વિકેટ માટે 372 રનની ભાગીદારી કરી હતી. જહોન કેમ્પબેલ અને શાઈ હોપ દુનિયાના એવા સૌપ્રથમ ઓપનર્સ પણ બન્યા છે જેમણે એક જ મેચમાં 150-150થી વધુ વ્યક્તિગત રન કર્યા હોય.
- ❖ **પુરુષોની IPLની જેમ મહિલાઓ માટે શરૂ કરવામાં આવેલી વીમેન્સ T20 ચેલેન્જ–2019ની ફાઈનલમાં હરમનપ્રીત કૌરના નેતૃત્વ હેઠળની સુપરનોવાસ ટીમે મિતાલી રાજની કેપ્ટન્સી તળેની વેલોસિટી ટીમને પરાજિત કરી ચેલેન્જ □તી લીધી હતી.**
  - → જયપુરના સવાઈ માનસિંઘ સ્ટેડિયમમાં 11 મે, 2019ના રમાયેલી ફાઈનલ મેચમાં વેલોસિટીએ પ્રથમ બેટિંગ કરી નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 121 રન નોંધાવ્યા હતા. જેના જવાબમાં સુપરનોવાસે હરમનપ્રીત કૌરની 37 બોલમાં 51 રનની કેપ્ટન ઈનિંગ્સની મદદથી 6 વિકેટે 125 રન કરી ફાઈનલ મેચ તથા ટ્રોફી □તી લીધી હતી.
- ❖ **સુદિરમન કપ બેડમિન્ટન ટાઈટલ 2019માં મેજબાન ચીને જાપાનનો મેન્સ ડબલ્સ, વીમેન્સ સિંગલ્સ અને મેન્સ સિંગલ્સમાં વ્હાઈટવોશ કરીને 11મી વખત ટાઈટલ □તી લીધું છે.**
  - → 2019ની સુદિરમન કપ બેડમિન્ટન ટુર્નામેન્ટનું યજમાન ચીન હતું અને તેણે ફાઈનલમાં જાપાનને 3-0 થી કલીન સ્વિપ આપી હતી.
  - → તેની સ્થાપના 1989માં થઈ છે અને તે દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ચેમ્પિયનશિપ છે. આ ટુર્નામેન્ટમાં બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF)ના સભ્ય સંઘોની મિશ્ર રાષ્ટ્રીય ટીમો ભાગ છે છે. આ વર્ષે આ ચેમ્પિયનશિપની 16મી આવૃત્તિ હતી. જેનું આયોજન 19 થી 26 મે, 2019 દરમિયાન ચીનના નાનજિંગમાં કરાયું હતું.
- ❖ **પાકિસ્તાનની ઓફ સ્પિનર સના મીર તાજેતરમાં મહિલા વન–ડે ક્રિકેટની સૌથી સફળ સ્પિનર બની ગઈ છે. સનાએ તેની 118મી વન–ડે મેચમાં કારકિર્દીની 147મી વિકેટ ઝડપી હતી.**
  - → આ સાથે જ, સના મહિલા વન–ડે ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનારી સ્પિન બોલર બની ગઈ છે. સર્વાધિક વિકેટ લેનારી સ્પિન બોલરોની યાદીમાં વેસ્ટ ઈન્ડીઝની અનીસા મોહમ્મદ બીજા સ્થાને તથા ઓસ્ટ્રેલિયાની લિસા સ્થેલકર ત્રીજા સ્થાને છે.
  - → એકંદરે મહિલા વન–ડે ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાની સિદ્ધિ ભારતની ફાસ્ટ બોલર ઝૂલન ગૌસ્વામીના નામે છે. તેણીએ વન–ડે ક્રિકેટમાં 218 વિકેટ ઝડપી છે.
- ❖ **વિશ્વના નંબર–વન ખેલાડી સર્બિયન નોવાક યોકોવિચે મેડ્રિડ ઓપન ટેનિસ ટુર્નામેન્ટની મેન્સ સિંગલ્સનું ટાઈટલ પોતાના નામે કરી લીધું છે.**
  - → ફાઈનલ મેચમાં નોવાક યોકોવિચે ગ્રીસના સ્તેફાનોસ સિત્સિપાસને 6-3, 6-4થી પરાજિત કર્યો હતો. આ એલિટ લેવલ પર યોકોવિચનું 33મું ટાઈટલ છે. આ સાથે જ તેણે રાફેલ નડાલના 33 ATP માસ્ટર્સ 1000 ખિતાબોની બરાબરી કરી લીધી છે.
  - → આ Top 10 પ્રતિસ્પર્ધીઓ વિરુદ્ધ નોવાકની 200મી □ત હતી. 31 વર્ષીય નોવાક મેડ્રિડમાં ચેમ્પિયનશિપ મેચ કયારેય હાર્યો નથી. તે અત્યારસુધીમાં 74 ટુર લેવલ ટ્રોફી □તી ચૂકયો છે. મેડ્રિડ ઓપનમાં નોવાકનો આ ત્રીજો ખિતાબ છે. આ પૂર્વે તેણે 2011 તથા 2016માં પણ મેડ્રિડ ઓપનનું ટાઈટલ □ત્યું હતું.
  - → નેધરલેન્ડની ખેલાડી કિકી બર્ટન્સે મેડ્રિડ ઓપન ટેનિસમાં મહિલા સિંગલ્સનો ખિતાબ ફાઈનલમાં રોમાનિયાની સિમોના હાલેપને પરાજિત કરી □તી લીધો છે.
- ❖ **બાંગ્લાદેશે આયર્લેન્ડમાં યોજાયેલી ત્રિકોણીય શ્રેણીની ફાઈનલમાં વેસ્ટઈન્ડીઝને 5 વિકેટે હરાવ્યું હતું.**
  - → વરસાદથી પ્રભાવિત મેચનું પરિણામ ડકવર્થ–લુઈસ નિયમથી લવાયું હતું. આ સાથે જ બાંગ્લાદેશે પ્રથમવાર મલ્ટિનેશન ટુર્નામેન્ટમાં □ત મેળવી હતી.
- ❖ **ભારતે મ્યુનિકમાં ISSF વર્લ્ડ કપમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.**
  - → ભારત 5 ગોલ્ડ અને એક સિલ્વર સાથે મેડલ ટેલીમાં ટોચના ક્રમે.
  - → જર્મનીના મ્યુનિકમાં આયોજિત ISSF વર્લ્ડ કપમાં ભારતે 5 ગોલ્ડ મેડલ સાથે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.
  - → ભારતના ગોલ્ડ મેડલ વિજેતાઓમાં મહિલાઓની 10 મીટર એર રાઈફલમાં અપૂર્વી ચંદેલા, મહિલાઓની 25 મીટર પિસ્તોલમાં રાહી સરનોબત અને પુરુષોની 10 મીટર એર પિસ્તોલમાં સૌરભ ચૌધરી (વર્લ્ડ રેકોર્ડ સાથે)નો સમાવેશ થાય છે.
  - → અંજુમ મૌદગિલ અને દિવ્યાંશસિંહ પંવારની જોડીએ 10 મીટર એર રાઈફલ મિશ્રિત ટીમમાં ગોલ્ડ □ત્યો હતો.
- ❖ **કતારમાં 2022ના વર્ષમાં ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન થવાનું છે. કતાર ફૂટબોલ વર્લ્ડ કપનો યજમાન બનનાર સૌપ્રથમ આરબ દેશ બનશે.**
  - → તાજેતરમાં કતારે ફૂટબોલ વર્લ્ડ કપ માટે 4,000 કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત એર કન્ડિશન્ડ અલ વકરાહ સ્ટેડિયમનું ઉદ્ઘાટન કર્યું હતું.
- ❖ **સુરત શહેરના અઠવાલાઈન્સ વિસ્તારમાં જાણીતા આયુર્વેદ તબીબ ડો. આનંદ વૈદ્યની બે દીકરી 25 વર્ષીય અદિતિ અને 21 વર્ષીય અનુજાએ 22 મે ના સવારે માઉન્ટ એવરેસ્ટની ટોચ પર પહોંચીને દેશનો ત્રિરંગો લહેરાવ્યો હતો. અદિતિ અને અનુજાએ 30 માર્ચના રોજ એવરેસ્ટ બેઝ કેમ્પ પરથી પર્વતા રોહણની શરૂઆત કરી હતી.**
  - → બન્ને બહેનોએ 29 હજાર ફુટની ઊંચાઈએ આવેલા માઉન્ટ એવરેસ્ટને સર કરીને પ્રથમ ગુજરાતી મહિલા હોવાનું ગૌરવ મેળવ્યું છે.

Banking Academy

For Free Weekly and Monthly Current Affairs & Material Join Our **Telegram** Channel
**For Mock Test &Books Materials**: https://www.bankingacademy.co.in/books-materials **Follow us:** Facebook , Twitter , Instagram

- **માઉન્ટ એવરેસ્ટ :**
  ⇒ નેપાળમાં આવેલું માઉન્ટ એવરેસ્ટ વિશ્વનો સૌથી મોટો પર્વત છે. જેની ઊંચાઈ 8848 મીટર છે. નેપાળમાં સાગરમાથા તરીકે અને તિબેટમાં ચોમોલુન્ગમાં તરીકે જાણીતા આ પર્વત હિમાલયની મહાલાંગુર હિમા પેટા રેન્જમાં આવેલ દરિયાઈ સપાટીથી પૃથ્વીનો સૌથી ઊંચો પર્વત છે. નેપાળ અને ચીન વચ્ચે આંતર રાષ્ટ્રીય સરહદ તેના શિખર બિંદુ પર ચાલે છે.
- **ભારતના સૌથી ઊંચા પર્વતો :**

| ક્રમ | નામ | ઊંચાઈ (મી.) | સ્થળ |
|---|---|---|---|
| 1 | ગોડવિન ઓસ્ટીન (K2) | 8611 | પંજાબ હિમાલય |
| 2 | કાંચનજંઘા | 8598 | સિક્કિમ |
| 3 | ધવલગિરી | 8172 | નેપાળ હિમાલય |

❖ **ભારતીય હવાઈદળના ફ્લાઈટ લેફ્ટનન મોહના સિંઘ ભારતીય હવાઈદળનું લડાકુ વિમાન હોક (Hawk) દિવસે ઉડારનારા પ્રથમ મહિલા પાઈલટ બન્યા....**

→ હોક લડાકુ વિમાન સાથે સંપૂર્ણપણે અનુકૂલન મેળવવા માટે તેણી દ્વારા 4 જેટલા વ્યકિતગત વિમાન દ્વારા સામૂહિક યુદ્ધાભ્યાસ પશ્ચિમ બંગાળના કાલી કુંડા વાયુદળના કેન્દ્ર પરથી કરવામાં આવ્યા. જેમાં હવાથી હવા અને હવાથી જમીન બંને પ્રકારના હુમલાઓ માટે ખાસ તાલીમ લેવામાં આવી.

→ અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ 2016 માં ત્રણ ભારતીય મહિલાઓ મોહના સિંઘ, ભાવના કાંત અને અવની ચતુર્વેદી ભારતીય વાયુદળમાં જોડાઈ.

→ ભાવના કાંત દ્વારા પણ મીગ–21 દિવસના સમયે ઉડાવનાર પ્રથમ મહિલા તરીકેનો રેકોર્ડ બનાવવામાં આવ્યો છે અને અવની ચતુર્વેદી પ્રથમ મહિલા (લડાકુ વિમાનના પાઈલટ) ની ખ્યાતી ધરાવે છે.

❖ **1983ની બેચના IAS ઓફિસર અને 31 મે, 2019ના ગુજરાત સરકારના મુખ્ય સચિવપદેથી નિવૃત્ત થનારા જે.એન.સિંઘનો કાર્યકાળ 6 મહિના લંબાવાયો છે.**

## અગત્યના દિવસો

➢ **1 મે, 2019 : આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ અથવા મે દિવસ.**
  – **થીમ :** 'યુનાઈટેટિંગ વર્કસ ફોર સોશિયલ એન્ડ ઈકોનોમિક એડવાન્સમેન્ટ'

➢ **3 મે, 2019 : વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ**
  – **થીમ :** 'મીડિયા ફોર ડેમોક્રેસી : જર્નાલિઝમ એન્ડ ઈલેકશન્સ ઈન ટાઈમ્સ ઓફ ડિસઈન્ફર્મેશન'.

➢ **4 મે, 2019 : ઈન્ટરનેશનલ ફાયરફાઈટર્સ દિવસ (આંતરરાષ્ટ્રીય અગ્નિશામ દિવસ)**

➢ **5 મે, 2019 : વિશ્વ હાસ્ય દિવસ**
  – વિશ્વ હાસ્ય દિવસ દર વર્ષે મે મહિનાના પ્રથમ રવિવારે મનાવાય છે.

➢ **6 થી 12 મે, 2019 : 5મું સંયુકત રાષ્ટ્ર વૈશ્વિક માર્ગ સુરક્ષા સપ્તાહ**
  – થીમ : લીડરશિપ ફોર રોડ સેફ્ટી (અભિયાન શરૂ કરાયું : 'સેવ લાઈવ્સ – # સ્પીક અપ.')

➢ **7 મે, 2019 : વિશ્વ અસ્થમા દિવસ**
  – થીમ : 'સ્ટોપ ફોર અસ્થમા'

➢ **8 મે, 2019 : વિશ્વ રેડ ક્રોસ ડે**
  – થીમ : #LOVE

➢ **8 મે, 2019 : વિશ્વ થેલેસીમિયા દિવસ**
  – થીમ : યુનિવર્સલ એકસેસ ટુ કવોલિટી થેલેસીમિયા હેલ્થકેર સર્વિસીઝ : બિલ્ડિંગ બ્રિ□સ વિથ એન્ડ ફોર પેશન્ટ.

➢ **11 મે, 2019 : વિશ્વ યાયાવર પક્ષી દિવસ**
  – થીમ : 'પ્રોટેકટ બર્ડ્સ : બી ધ સોલ્યુશન ટુ પ્લાસ્ટિક પોલ્યુશન'
  – વર્ષ 2018થી વિશ્વ યાયાવર પક્ષી દિવસ એક વર્ષમાં બે વાર યોજાય છે. મે ના બીજા શનિવારે અને ઓકટોબરમાં.

➢ **11 મે, 2019 : રાષ્ટ્રીય ટેકનોલો□ દિવસ**
  – અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ હેઠળની NDA સરકારે 11 મે, 1998ના રોજ રાજસ્થાનના પોખરણમાં પરમાણુ પરીક્ષણ હાથ ધર્યુ હતું જેને 'ઓપરેશન શક્તિ' નામ અપાયું હતું. 1998ની 11 મેએ જ બેંગલોરમાં ભારતના પ્રથમ સંપૂર્ણ સ્વદેશી વિમાન હંસ–3એ પ્રથમ પરીક્ષણ પસાર કર્યુ હતું. આ જ દિવસે ભારતમાં ટૂંકી રેન્જની મિસાઈલ ત્રિશૂલનું પણ સફળ પરીક્ષણ હાથ ધરાયું હતું.

➢ **12 મે, 2019 : આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ**
  – થીમ : 'નર્સીસ – એ વોઈસ ટુ લીડ – હેલ્થ ફોર ઓલ.'

➢ **15 મે, 2019 : ઈન્ટરનેશનલ ડે ઓફ ફેમિલીઝ**
  – થીમ : 'ફેમિલીઝ એન્ડ કલાઈમેટ એકશન : ફોકસ ઓન SDG 13.'

➢ **17 મે, 2019 : વર્લ્ડ ટેલિકમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન સોસાયટી દિવસ**
  – થીમ : 'બ્રિજિંગ ધ સ્ટાન્ડર્ડાઈઝેશન'

➢ **17 મે, 2019 : વર્લ્ડ હાઈપરટેન્શન ડે**
  – થીમ : 'નો યોર નંબર્સ' (Know your Numbers)

Banking Academy

(Creating A Way For Govt. Jobs)
Banking Academy
(Preparation for All Types of Competitive Exams)
સુરત (HO) 7046633255 | વરાછા 7046416555 | અમદાવાદ 7046055566 | વ્યારા 9099864658 | નવસારી 7046641555 | ભરૂચ 7096237555 | વલસાડ 8140137555 | વાપી 7575003664

- **18 મે, 2019 : વર્લ્ડ એઈડ્સ વેક્સિન ડે**
  - ઉદ્દેશ : HIV ઈન્ફેક્શન અને એઈડ્સ અટકાવવા એક રસી માટેની તાકીદની જરૂરિયાતને પ્રોત્સાહન આપવાનો.
- **18 મે, 2019 : આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ**
  - થીમ : 'મ્યુઝિયમ્સ એઝ કલ્ચરલ હબ્સ : ધ ફ્યુચર ઓફ ટ્રેડિશન'
- **20 મે, 2019 : વર્લ્ડ મીટ્રોલો□ દિવસ, વિશ્વ મધમાખી દિવસ**
  - થીમ : 'ધ ઈન્ટરનેશનલ સિસ્ટમ ઓફ યુનિટ્સ–ફંડામેન્ટલી બેટર'
  - 1875માં 20 મે,ના દિવસે પેરિસમાં ઈન્ટરનેશનલ બ્યૂરો ઓફ વેઈટ્સ એન્ડ મેજર્સ (BIPM) દ્વારા મીટર સમજૂતી પર હસ્તાક્ષર કરાયા હોવાથી દર વર્ષે 20 મેના રોજ વર્લ્ડ મીટ્રોલો□ દિવસ મનાવાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે 2019ના વર્લ્ડ મીટ્રોલો□ દિવસે કિલોગ્રામની પરિભાષા બદલવામાં આવી છે. મીટ્રોલો□નો અર્થ તોલમાપનું વિજ્ઞાન.
  - BIPMનું વડુમથક : ફ્રાન્સમાં
  - BIPMના વડા : માર્ટિન મિલ્ટન
  - મુદ્રાલેખ : યુઝ ધ મેઝર
- **21 મે, 2019 : આતંકવાદ વિરોધી દિવસ**
  - ઉદ્દેશ : લોકોમાં હિંસા અને આતંકવાદ અંગે જાગૃતિ ફેલાવવાનો.
- **22 મે, 2019 : આંતરરાષ્ટ્રીય જૈવ વિવિધતા દિવસ**
  - થીમ : 'અવર બાયોડાઈવર્સિટી, અવર ફૂડ, અવર હેલ્થ.'
- **29 મે, 2019 : ઈન્ટરનેશનલ ડે ઓફ UN પીસકીપર્સ**
  - થીમ : 'પ્રોટેક્ટિંગ સિવિલિયન્સ, પ્રોટેક્ટિંગ પીસ'.
- **29 મે, 2019 : ઈન્ટરનેશનલ એવરેસ્ટ ડે**
  - શા માટે : 29 મે, 1953 માં નેપાળના તેનઝિંગ નોર્ગે અને ન્યૂઝીલેન્ડના એડમન્ડ હિલેરીએ પ્રથમવાર માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો.
- **31 મે, 2019 : વિશ્વ તમાકુ નિષેધ દિવસ**
  - થીમ : 'તમાકુ અને ફેફસાંનું આરોગ્ય'

